## પ્ર ક ર ણ - (૩)

### શારીરાભિનય

આંગિક અભિનયનો બીજો પ્રભેદ તે શારીરાભિનય અથવા અંગાભિનય. જેની અંતર્ગત ભરતમુનિ, શરીરનાં વિભિન્ન અંગો હસ્ત, ઉરા, પાર્શ્વ, ઉદર, કટિ, ઉરુ, જંઘા તથા પાદના વિવિધ ભેદ, લક્ષણ તથા વિનિયોગ નિરુપે છે.

સંગીતરત્નાકર, નાટ્યશાસ્ત્ર સંગ્રહ તથા નૃત્યાધ્યાય વિગેરે પશ્ચાદ્‌ગામી ગ્રંથોમાં, ઉપરોક્ત અંગો ઉપરાંત સ્કન્ધ, બાહુ, પૃષ્ઠ, જાનુ, મણિબન્ધ, પાર્ષ્ણિ, ગુલ્ફ, હસ્તાંગુલિ, ચરણાંગુલિ, પાદ્‌તલના ભેદ, લક્ષણ તથા વિનિયોગ પણ નિરુપવામાં આવ્યા છે જે 'અંગાભિનય' પરંપરાનો વિકાસ સૂચવે છે.

### હસ્તાભિનય

પ્રધાન આંગિક અભિનય ભેદોમાં હસ્તાભિનયનું મહત્વ સર્વોપરિ છે. અભિનયની દૃષ્ટિએ એવો કોઇ નાટ્યાર્થ નથી જેને સ્વરુપ આપવામાં હસ્તાભિનયનો પ્રયોગ ન થતો હોય.

'' નાસ્તિ કશ્ચિદ્‌હસ્તસ્તુ નાટ્યે કર્થોડભિનયં પ્રતિ ।

અધ્યાય ૯ /૧૫૬

હાથની આંગળીઓ, હથેળી, કાંડું (મણિબન્ધ) તથા બાહુના વિવિધ હલનચલન તથા મુદ્રાઓ દ્વારા હૃદયના ભાવો તથા વિધવિધ પ્રાકૃતિક પદાર્થો, પ્રાકૃતિક ઘટનાઓ અનુકરણાત્મક રીતે ( mimetic ) તથા સંકેતાત્મક રીતે ( symbolic ) રજુ કરી શકાય છે. નૃત્યમાં તો વાચિક અભિનયના અભાવને કારણે હાથના સાંકેતિક હલનચલનથી મનના સૂક્ષ્મ ભાવો તથા વિચારો અભિવ્યક્ત કરવામાં આવે છે. પ્રાચીન સંસ્કૃત રંગમંચ ઉપર, રંગતંત્રના કસબ દ્વારા કે દૃશ્યબંધ પ્રકાશ આયોજનની કરામત દ્વારા નહિ પણ નટના અભિનય દ્વારા કથાવસ્તુના સ્થળ, વાતાવરણ તથા દૃશ્યશ્રાવ્ય અસરો ઊભી કરવામાં આવતી.

આ પ્રક્રિયાના એક ભાગ રુપે 'હસ્ત'ની સાંકેતિક ભાષા ઉભી થઇ જેના દ્વારા આશા, નિરાશા, હર્ષ, શોક જેવા અમૂર્ત ભાવોની સાથે સાથે સમગ્ર સૃષ્ટિના દૃશ્યમાન પદાર્થો અનુકરણાત્મક રીતે કે સંકેતાત્મક રીતે રંગમંચ ઉપર રંગતંત્રના કસબ વિના, મૂર્તિમંત કરવા શકય બન્યા.

જે પ્રક્રિયાથી ચીનમાં પ્રચલિત 'ચિત્રભાષા' Chinese Pictograms ઉદ્ભવી લગભગ તેજ પ્રક્રિયાથી આ વિશિષ્ટ પ્રકારની 'હસ્તભાષા' ઉદ્ભવી. આરંભમાં કોઇ પદાર્થને હસ્ત દ્વારા અનુકરણાત્મક રીતે રજૂ કરવાનો પ્રયત્ન થયો. તેમાંથી વિશિષ્ટ હસ્તમુદ્રા સર્જાઇ અને પછી આ હસ્તમુદ્રા તે પદાર્થનું પ્રતીક અથવા સંકેત બની ગઇ.

લૌકિક જગતમાં મનુષ્ય માત્ર, વિવિધ ભાવો તથા રસના પરિવેશમાં, હાથનો વિભિન્ન ભાવભંગિમાઓનું સંચાલન કરે છે અને અભિવ્યજ્યમાન ભાવોને સૌંદર્ય તથા બોધગમ્યતા અર્પે છે. ભરતમુનિએ લોકપ્રચલિત હસ્તની વિવિધ મુદ્રાઓ, ભાવભંગિમાઓને નાટ્યધર્મિતાના સંદર્ભમાં શાસ્ત્રીય સ્વરુપ આપી રંગમંચ ઉપર પ્રચલિત કરી, હાથની પ્રત્યેક મુદ્રાના મૂળમાં ભાવ અને રસની આંતરિક પ્રેરણા જોડી દીધી.

(૧)

**હસ્તભેદ :**

ભરતમુનિ 'હસ્તાભિનય' અંતર્ગત સૌ પ્રથમ વિભિન્ન હસ્તભેદ નિરુપે છે. હસ્તભેદ એટલે હસ્તની વિવિધ મુદ્રાઓનું વર્ગીકરણ. જો કે ભરતમુનિએ 'મુદ્રા' શબ્દનો પ્રયોગ કર્યો નથી, તેને 'હસ્ત' એવી સંજ્ઞા આપી છે. ભરતમુનિ હસ્તના ત્રણ ભેદ નિરુપે છે. (૧)અસંયુત (૨) સંયુત (૩) નૃત.

**અસંયુત હસ્ત :**

'અસંયુત હસ્ત' માં સમગ્ર અભિનય પ્રક્રિયા એક હાથ વડે સંપન્ન કરવામાં આવે છે. હસ્તાભિનયનો તે મૂળભૂત એકમ છે. સંયુત તથા નૃત હસ્તના નિર્માણમાં તે મહત્વનો ફાળો આપે છે.

ભરતમુનિ અસંયુત હસ્તના ૨૪ પ્રભેદ નિરુપે છે. (૧) પતાક (૨) ત્રિપતાક (૩) કર્તરીમુખ (૪) અર્ધચન્દ્ર (૫) અરાલ (૬) શુકતુણ્ડ (૭) મુષ્ટિ (૮) શિખર (૯) કાપિત્થ (૧૦) કટકામુખ (૧૧) સૂચ્યાસ્ય (૧૨) પદ્મકોશ (૧૩) સર્પશીર્ષ (૧૪) મૃગશીર્ષ (૧૫) કાંગુલ (૧૬) અલપદ્મ (૧૭) ચતુર (૧૮) ભ્રમર (૧૯) હંસાસ્ય (૨૦) હંસપક્ષ (૨૧) સન્દંશ (૨૨) મુકુલ (૨૩) ઊર્ણનાભ અને (૨૪) તામ્રચૂર્ણ.

## અસંયુત હસ્તભેદ

(૧)

**પતાક :**

પતાક એટલે ધજા. અહીં હાથનો ધજા જેવો આકાર અભિપ્રેત છે. ભરતમુનિ કહે છે "હાથની આંગળીઓ એક બીજાથી જોડાએલી રહે તે પ્રમાણે લાંબી કરી, અંગૂઠાને હથેળી તરફ વાળી, તેને તર્જની એટલે કે અંગૂઠા પાસેની આંગળીના મૂળથી જોડી દેવામાં આવે તો તે પતાક હસ્ત મુદ્રા કહેવાય."

(અધ્યાય ૯ શ્લોક ૧૮)

બીજા ઉપર પ્રહાર કરવો, ઠંડી દુર કરવા માટે તાપણું તાપવું, બીજાને પ્રેરણા આપવી અથવા બીજાથી પ્રેરિત થવું વિગેરે ક્રિયાઓ તેમજ હર્ષ ગર્વ આદિ ભાવો સાંકેતિક રીતે રજૂ કરવા માટે પતાક મુદ્રાયુક્ત હાથને ભાલપ્રદેશ ઉપર ઉઠાવી ને મૂકવો જોઇએ.

બંને હાથ પતાક મુદ્રામાં રાખી, આંગળીઓ ઉપર હલાવવામાં આવે કે ફેરવવામાં આવે તો તેનાથી અગ્નિની જવાળાઓનું સૂચન થાય. આંગળીઓ નીચે રાખી હલાવવામાં આવે તો તેનાથી જલધારા અને જો આંગળીઓ માથા ઉપર ઊંચી નીચી કરવામાં આવે તો તેનાથી પુષ્પવૃષ્ટિનું સૂચન થાય.

પતાક મુદ્રામાં રહેલા બંને હાથને, સ્વસ્તિક કરતાં કરતાં છૂટા પાડવામાં આવે તો તેનાથી પલ્લવ તેમજ પુષ્પોનો ઉપહાર, લહેરાતું ઘાસ તથા પૃથ્વી પર મૂકવામાં આવેલ (બલિ વિગેરે) પદાર્થનું સૂચન થાય.

જો પતાક મુદ્રા યુકત બંને હાથને સ્વસ્તિક દશામાંથી છૂટા પાડી-હઠાવી તેમને નીચેની દિશા તરફ જતાં બતાવવામાં આવે તો તેનાથી કોઇ વસ્તુ બંધ કરવી, ઉઘાડવી, ઢાંકવી, સંતાડવી, તેનું રક્ષણ કરવું વિગેરે ક્રિયાઓ સૂચિત થાય. તેમજ ગાઢ અને ગુપ્ત વસ્તુનું પણ સૂચન થાય.

પતાક મુદ્રા યુકત હાથની હથેળી નીચી રાખી, આંગળીઓ ઉંચી નીચે હલાવવામાં આવે તો તેનાથી પવનની ગતિ, મોજાઓની ભરતી, ઘોડાપૂર, સમુદ્રમાં ભરતી વિગેરે સૂચવી શકાય.

પતાક મુદ્રાયુકત હાથને રેચક કરણ યુકત કરવામાં આવે તો તેનાથી પ્રોત્સાહન, મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોનો કોલાહલ, ઉંચાઇ, મૃદંગ અથવા ઢોલ નગારા વાગવા, પંખીઓનું ઉડવું કે પાંખ ફફડાવવી વિગેરેનું સૂચન થાય.

પતાક મુદ્રાયુકત બંને હથેળીઓને એક બીજા વડે પરસ્પર ઘસવામાં આવે તો તેનાથી ધોવા, મંજવા કે મસળવાની ક્રિયાનું તેમજ ગૂંથવું, પીસવું, પર્વત ઉખાડવો અથવા ઉપાડવો વિગેરે સૂચિત થાય.

આમ ભરતમુનિના મતે અહીં પતાક મુદ્રાયુકત હાથની વિવિધ સ્થિતિ તથા આંગળીઓની વિવિધ ગતિઓ વડે નટ અથવા નર્તક વિવિધ ભાવો, ક્રિયાઓ તેમજ વર્ષા, અગ્નિ, ઘોડાપૂર જેવી દૃશ્ય અસરો તથા કોલાહલ, ઢોલનગારા વાગવા જેવી શ્રાવ્ય અસરો સાંકેતિક રીતે રજૂ કરી શકે છે. વ્યવહારમાં આ રીતે ક્રિયાઓ કે ભાવ સૂચવવામાં નથી આવતાં તેમજ વાસ્તવવાદી નાટકોમાં પણ આવી રૂઢ મુદ્રાઓનો આશ્રય લેવામાં આવતો નથી. પણ ભરતમુનિ અહીં નાટ્યધર્મી રીતિનો આશ્રય લઇ આવી બધી ક્રિયાઓ, ભાવો કે અસરો નટ કે નર્તક દ્વારા રજૂ થઇ શકે એવી સંભાવનાઓ વ્યકત કરે છે. પતાક હસ્તથી સૂચિત શેષ અર્થ તેમજ કાર્યો આગળ અધ્યાય ૨૬ માં 'ચિત્રાભિનય'નું વિવરણ આપતી વેળા ભરતમુનિએ વર્ણવ્યા છે. 'જનાન્તિક'માં પતાક હસ્ત વડે વ્યવધાન ઉભું કરવામાં આવે છે.

પતાક એટલે ધ્વજ, આંગળીઓ લાંબી કરી અંગુઠાને વાળી તેને તર્જનીના મૂળની સાથે જોડવામાં આવે તો તેનાથી ધ્વજનો આકાર બનતો હોવાથી આવી મુદ્રાવાળા હાથને 'પતાક' સંજ્ઞા આપવામાં આવી છે. કેટલાક અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં, પતાક મુદ્રાની ઉત્પત્તિ કથા, તેના દેવતા, જાતિ તથા વર્ણ વિષયક વિગતો પણ આપવામાં આવી છે. આ મુદ્રા પ્રાચીન મુર્તિઓમાં અભય મુદ્રા રુપે જોવા મળે છે. શાસ્ત્રમાં આ મુદ્રાનો સર્જક બ્રહ્મા છે. એકવાર સૃષ્ટિના રચયિતા બ્રહ્મા, પરબ્રહ્મ અર્થાત વિષ્ણુ પાસે ગયા અને જયજયકાર સાથે તેમની વંદના કરી.આ સમયે અચાનક તેમના હાથ પતાક અર્થાત ધ્વજ મુદ્રામાં આવી ગયા ત્યારથી આ મુદ્રા પતાક હસ્ત રુપે પ્રસિધ્ધ છે. એવી ઉત્પત્તિ કથા શાસ્ત્રીય ગ્રંથોમાં મળી આવે છે. આ ગ્રંથો અનુસાર પતાક મુદ્રાના દેવતા 'પરબ્રહ્મ (વિષ્ણુ')' જાતિ બ્રાહ્મણ તથા વર્ણ શ્વેત છે.

અભિનયદર્પણમાં પણ પતાક હસ્ત મુદ્રાનું વર્ણન છે. મુદ્રાનું લક્ષણ ભરતમુનિએ આપેલ લક્ષણ પ્રમાણેજ છે પણ અહીં તેના વિનિયોગમાં ભિન્નતા જણાય છે. નન્દિકેશ્વર પતાક મુદ્રા યુકત હાથથી વાદળ, વન, રાત્રિ, નદી, દેવલોક, અશ્વ, શપથ ગ્રહણ, હાલ, આદર્શ રાજાની સ્થિતિનું વર્ણન, વર્ષ, માસ, અંગરાગ રચના, આત્મ પ્રકાશ વિગેરે સુચિત કરી શકાય તેમ જણાવે છે. પતાક હસ્તના આ વિનિયોગ નાટ્યશાસ્ત્રમાં જોવા મળતા નથી.

નાટ્યશાસ્ત્રસંગ્રહમાં પણ પતાક હસ્તના વિવિધ વિનિયોગ મળી આવે છે. કેટલાક ભરતાનુસારી છે, કેટલાક ભિન્ન છે. જેમ કે પોતાની મુખની સામે પતાક હસ્તને સામેની બાજુએ ઉઠાવીને મુકવામાં આવે તો તેનાથી વકતાનો સામનો કરનાર પદાર્થ અથવા વ્યકિતનું સૂચન થઇ શકે છે.

આમ ભરતમુનિ પછી થઇ ગયેલા આચાર્યોએ પણ પતાક હસ્ત વડે વ્યકત થતા સાંકેતિક અર્થોનો સ્વીકાર કરી તેની યાદીને વિસ્તૃત કરી છે. ભરતનાટ્યમ, કથકલી જેવા શિષ્ટ પ્રકારના નૃત્યોમાં નાટ્યશાસ્ત્ર અને અભિનયદર્પણમાં વર્ણવવામાં આવેલા વિવિધ વિનિયોગ પ્રયોજવામાં આવે છે.

## ત્રિપતાક :

ત્રિપતાક એટલે ત્રણભાગવાળી ધજા ભરતમુનિ જણાવે છે :-

'પતાક હાથમાં અનામિકા અર્થાત ટચલી આંગળી પાસેની આંગળી વાળવામાં આવે તો ત્રિપતાક મુદ્રા બને છે. એટલે કે પ્રસ્તુત મુદ્રામાં અનામિકા વળેલી, બાકીની આંગળીઓ સીધી તથા અંગુઠો વાળેલો અને તર્જનીના મૂળને સ્પર્શે તે રીતે રાખવામાં આવી છે.''

(અધ્યાય- ૯ શ્લોક ૨૭)

ત્રિપતાક મુદ્રાયુક્ત હાથના ઉપયોગ દ્વારા આવાહન, અવતરણ (નીચે ઉતરવું) વિસર્જન અથવા ધારણ, પ્રવેશ, ઉન્નાહન (ઉપર ચઢવું), પ્રણામ, તુલના કરવી, વૈકલ્પિક કથન, માંગલિક વસ્તુઓનો સ્પર્શ તથા માથા પર પાઘડી અથવા મુગટ ધારણ કરવો. નાક, મુખ તેમજ કાનોને ઢાંકવાની ક્રિયા સાંકેતિક રીતે રજુ કરવામાં આવે છે.

ત્રિપતાક મુદ્રાયુક્ત હાથની આંગળીઓ અધોમુખ રાખી અર્થાત નીચેની તરફ રાખી આંગળીઓ ઉંચી નીચી કરવામાં આવે તો તેનાથી નાના પક્ષીઓનું ઉડતા ઉડતા નીચે આવવું, પહાડમાંથી ઝરતો પાણીનો વહેળો, સર્પ તથા ભ્રમરની ગતિ સૂચવી શકાય.

ત્રિપતાક મુદ્રાવાળા હાથની અનામિકા આંગળી વડે - ત્રિપતાક મુદ્રા યુક્ત હાથમાં અનામિકાના સ્પર્શ વડે - આંસુ લુછવા, તિલક કરવું, ગોરોચન લગાડવું. (ગોરોચન અર્થાત ગાયના છાણમુતરમાંથી બનાવેલો પીળો પદાર્થ) બાહુઓ અને વૃક્ષ:સ્થલ પર પત્રલેખા રચના અને અલક સ્પર્શ અર્થાત કપાળને સ્પર્શવાળી ક્રિયા સાંકેતિક રીતે રજુ કરી શકાય.

ત્રિપતાક મુદ્રાયુક્ત હાથને સ્વસ્તિક (સાથીઓ)નું રુપ આપવામાં આવે તો તેનાથી ગુરુજનનો ચરણસ્પર્શ સૂચવી શકાય.

ત્રિપતાક સ્વસ્તિકાકાર બંને હાથ એક બીજાને છેડે મળે તે રીતે અડકાડી રાખવામાં આવે તો તેનાથી વિવાહનું સૂચન થઇ શકે.

ત્રિપતાક મુદ્રામાં રહેલા સ્વસ્તિકાકાર બંને હાથ ઉપરોક્ત સ્થિતિમાં રાખી,

છુટા પડતા બનાવવામાં આવે તો તેનાથી 'નૃપદર્શન' અર્થાત રાજાને જોયાનો ભાવ સાંકેતિક રીતે રજુ કરી શકાય.

ત્રિપતાક સ્વસ્તિકાકાર હાથને ત્રાંસો રાખવાથી, ગુરુને સાંકેતિક રીતે દર્શાવી શકાય.

ત્રિપતાક મુદ્રાવાળો હાથ પહેલા ઉપર ઉઠાવી પછી તેને પાછળ ફેરવવામાં આવે (પરાઙ્મુખ) તો તેનાથી તપસ્વીદર્શન સૂચવી શકાય અને જો આવા હાથ એક બીજાની સામે રહે તે રીતે રાખવામાં આવે તો તેનાથી બારણું બતાવી શકાય. આ સ્થિતિમાં રહેલા હાથને એક બીજાની સામે રાખી પછી આંગળીઓથી હલાવી અધોમુખ રાખવામાં આવે તો તેનાથી વડવાનલ, સંગ્રામ તથા મગરનું સૂચન થઇ શકે. આજ મુદ્રા વડે વાનરોની ઉછળકૂદ, પાણીના તરંગો, પવન તથા સ્ત્રીઓનો અભિનય પણ કરી શકાય એવો નાટ્યવિદોનો મત હોવાનું ભરતમુનિ જણાવે છે.

ત્રિપતાક મુદ્રાવાળો હાથ ચહેરા સામે રાખી, અંગૂઠો ઉંચો રાખવામાં આવે તો તેનાથી બીજનો ચંદ્ર અને આ સ્થિતિમાં રહેલા હાથને ઉલટાવવામાં આવે તો તેના વડે રાજા દ્વારા શત્રુઓ ઉપર થતી ચઢાઇ સાંકેતિક રીતે રજુ કરી શકાય.

ત્રિપતાક મુદ્રાવાળા હાથના આ વિવિધ વિનિયોગ, હસ્ત દ્વારા વિવિધ સાંકેતિક અર્થો નાટ્યધર્મી શૈલીમાં નટ અથવા નર્તક કેવી રીતે રજુ કરી શકે તેનું સવિસ્તર વર્ણન કરે છે. ત્રિપતાક મુદ્રાયુક્ત એક અથવા બે હાથને વિવિધ સ્થિતિમાં રાખી આંગળીઓને વિવિધ પ્રકારની ગતિ આપવાથી ભાવ, ક્રિયા, પ્રાકૃતિક ફેરફાર, પદાર્થ, પ્રાણીસૃષ્ટિ વિગેરેનું સૂચન નટ કે નર્તક પોતાના આંગિક અભિનય વડે નાટ્યધર્મી શૈલીમાં કઇ રીતે કરી શકે તેની અહીં વિશદ વિચારણા થયેલી છે જેનો પ્રભાવ નાટ્યશાસ્ત્રના પશ્ચાદકાલીન ગ્રંથો પર પૂર્ણપણે વર્તાય છે.

અભિનયદર્પણમાં ત્રિપતાક મુદ્રાનું જે લક્ષણ આપવામાં આવ્યું છે તે ભરતાનુસારી છે. પણ તેના ખુબજ ઓછા વિનિયોગ અહીં દર્શાવવામાં આવ્યા છે. જેમ કે મુગટ, વૃક્ષ,

વૃજ, ઇન્દ્ર, કેતકી, પુષ્પ, દીપક, અગ્નિજવાળા, કપોત, પત્રલેખા (મુખ અથવા છાતી પરનું ચિતરામણ) બાણ વિગેરે સૂચવવા માટે ત્રિપતાક હસ્ત યોજવો જોઇએ. નન્દિકેશ્વર ત્રિપતાક ઉપરાંત અર્ધપતાક હસ્તની મુદ્રા પણ વર્ણવે છે. જેનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં નથી. અહીં અર્ધપતાક હસ્તનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે.- ત્રિપતાક હસ્તમુદ્રામાં કનિષ્ઠિકાને પણ વાળવાથી અર્ધપતાક હસ્તમુદ્રા બને છે અને તેનો વિનિયોગ પલ્લવ, ચિત્રફલક, નદી તટ, છુરી, શિખર આદિ સૂચવવા માટે થઇ શકે.

'નાટ્યશાસ્ત્ર સંગ્રહ' માં ભરતમુનિ કથિત સાંકેતિક પદાર્થ તથા ક્રિયાઓ બતાવવા માટે ત્રિપતાક મુદ્રાયુક્ત હાથ દ્વારા શરીરના વિવિધ અંગોને થતા સ્પર્શને પણ ધ્યાનમાં લેવામાં આવ્યો છે, જેમ કે ત્રિપતાક હસ્ત નાસિકા, મુખ અથવા કાનને અડકાડવાથી અથવા જે તે અંગ તરફ લઇ જવાથી અનુક્રમે અનિષ્ટ ગંધ, અનિષ્ટ વચન અથવા અનિષ્ટ શબ્દનું સૂચન થઇ શકે છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં 'ત્રિપતાક'ની ઉત્પત્તિ કથા, તેનો દેવતા, વર્ણ તથા જાતિ વિષયક નિમ્નલિખિત વિવરણ મળી આવે છે.

ઉત્પત્તિ કથા : જ્યારે દેવોના રાજા ઇન્દ્રે વ્રજ ગ્રહણ કર્યું ત્યારે તેમના હાથની ત્રણ આંગળીઓ છુટી પડવાથી ત્રણ ભાગવાળા વ્રજ જેવો હાથનો આકાર થયો ત્યારથી ત્રિપતાક મુદ્રા પ્રચલિત બની.

દેવતા : શિવ

જાતિ : ક્ષત્રિય

વર્ણ : રક્ત

દક્ષિણ ભારતીય શિલ્પકળામાં આ મુદ્રા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

**કર્તરી મુખ :**


કર્તરી એટલે કાતર અને મુખ એટલે તેના પાંખિયા. આ મુદ્રામાં હાથનો આકાર કાતરના બે પાંખિયા સમાન થતો હોવાથી તેને કર્તરીમુખની સંજ્ઞા આપવામાં આવી હોય તેમ જણાય છે. કર્તરીમુખનું લક્ષણ વર્ણવતા ભરતમુનિ જણાવે છે કે ત્રિપતાક મુદ્રાવાળા હાથમાં તર્જની આંગળી, મધ્યમા આંગળીની પાછળ લઈ જઈ લાંબી કરી રાખવામાં આવે તો તેનાથી કર્તરીમુખ હસ્તમુદ્રા બને છે. (કેટલાક ગ્રંથોમાં તર્જની આંગળી મધ્યમાની પાછળ લઈ જઈ વાળેલી રાખવાનું વર્ણન પણ મળે છે ) ( અધ્યાય-૯ શ્લોક ૩૮)

જો કર્તરીમુખ મુદ્રાવાળા હાથને અધોમુખી-જમીન તરફની દિશામાં- રાખવામાં આવે તો તેનાથી રસ્તા પર પગ મુકવો, પગને શણગારવો, પગને રંગવા, બાળકોનું ધુળમાં રગદોળવું વિગેરે સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે. કર્તરીમુખ મુદ્રાવાળા હાથને ઊર્ધ્વમુખી-ઉપરની દિશા તરફ રાખવામાં આવે તો તેનાથી દંશ, શંખવાદન તેમજ ચિત્રલેખન સુચિત કરી શકાય.


કર્તરીમુખ મુદ્રાવાળા હાથને નીચેની દિશામાં ઢળતો રાખી આંગળીઓ બે ભિન્ન દિશામાં ફેરવવામાં આવે તથા વચલી આંગળી પાછળ અવાળેલી રાખવામાં આવે તો તેનાથી નીચે પડવું, મરણ, (મર્યાદા) ઉલ્લંઘન (વ્યતિક્રમ) તર્ક કરવો, ધ્યાન દોરવું વિગેરે ક્રિયાઓ સાંકેતિક રીતે રજૂ કરી શકાય.

બે કર્તરીમુખ હાથ અથવા એક કર્તરીમુખ હાથનો પ્રયોગ કરવાથી રુરુમૃગ, ચમરી ગાય, મહિષ, ઐરાવત હાથી, વૃષભ, ગોપુર - દરવાજો તથા શૈલશિખર વિગેરે સાંકેતિક રીતે દર્શાવી શકાય.


અહીં ભરતમુનિ હસ્તમુદ્રા વડે પ્રાણીસૃષ્ટિ પણ સાંકેતિક રીતે સૂચવી શકાય એવી સંભાવના પ્રગટ કરે છે.



પતાક



ત્રિપતાક



કર્તરીમુખ

કર્તરીમુખનું લક્ષણ સમજાવતાં, ભરતમુનિ 'પૃષ્ઠાવલોકિની' શબ્દનો પ્રયોગ કરે છે અર્થાત તર્જની તથા મધ્યમાં આંગળીઓ એક બીજાને સ્પર્શે નહિ તે રીતે રાખવી જોઇએ અને મધ્યમાની પાછળ તર્જની દેખાવી જોઇએ. કર્તરીમુખનો આકાર કાતર જેવો જણાવો જોઇએ. તર્જની મધ્યમાની પાછળ જઇ શકે તેમ મધ્યમાં પણ તર્જની પાછળ જઇ શકે. આ બંને અર્થમાં ભરતમુનિ 'પૃષ્ઠાવલોકિની' શબ્દ પ્રયોજે છે.

'<u>અભિનયદર્પણમાં</u>' કર્તરીમુખનું લક્ષણ નાટ્યશાસ્ત્ર કરતાં જાદું પડે છે. અભિનયદર્પણ પ્રમાણે અર્ધ પતાકા મુદ્રામાં તર્જની અને કનિષ્ઠિકા આંગળીઓ બહારની તરફ લાંબી કરવામાં આવે તો તેનાથી કર્તરીમુખ મુદ્રા બને અર્થાત અહીં અંગૂઠો તર્જનીના મુળને અડકીને રહે. કનિષ્ઠિકા (ટચલી આંગળી) અને તર્જની આંગળીઓ ઉભી રહે અને મધ્યમાં તથા અનામિકા આંગળીઓ વળેલી રહે. તેનો વિનિયોગ સ્ત્રીપુરુષના વિયોગ, વિવાદ, પરિવર્તન અથવા પ્રતિકુળતા, મૃત્યુ, ભેદભાવ વિજળીનો ચમકારો, વિરહાવસ્થામાં એકલા સુઇ જવું, પડવું, લતા વિગેરે ભાવો અને પદાર્થો સાંકેતિક રીતે રજુ કરવામાં થઇ શકે.

'નાટ્યશાસ્ત્ર સંગ્રહ'માં 'કર્તરીમુખનું' લક્ષણ ભરત કથિત લક્ષણ કરતાં થોડું જુદુ પડે છે. નાટ્યશાસ્ત્ર સંગ્રહ પ્રમાણે તર્જનીના સ્થાને મધ્યમાં અને મધ્યમાના સ્થાને તર્જની રાખવાથી પગને રંગવાનો ભાવ તથા કોઇ વસ્તુ પડતી જોવાનો ભાવ રજુ કરી શકાય.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં કર્તરીમુખની ઉત્પત્તિકથા આ પ્રમાણે રજૂ થઇ છે. આ મુદ્રાના સર્જક ભગવાન શિવ છે, જ્યારે ભગવાન શિવે અન્ધકાસુરને ઉચ્છેદવા આ હસ્તમુદ્રામાં પૃથ્વીપર એક ચક્કર માર્યું ત્યારથી કર્તરીમુખ મુદ્રા પ્રચલિત બની. આ શાસ્ત્રીય ગ્રંથોના મત પ્રમાણે 'કર્તરીમુખ' મુદ્રાના દેવતા ચક્રપાણિ અર્થાત વિષ્ણુ છે, જાતિ ક્ષત્રિય છે અને વર્ણ તામ્ર છે.

દક્ષિણ ભારતીય શિલ્પકળા તેમજ સાહિત્યમાં કર્તરીમુખના ઉલ્લેખો મળે છે.

અર્ધચન્દ્ર :

અર્ધચન્દ્ર એટલે અડધો ચન્દ્ર. અર્ધચન્દ્ર હસ્તમુદ્રાનું લક્ષણ જણાવતાં ભરતમુનિ જણાવે છે કે '' હાથની આંગળીઓને અંગૂઠા સહિત ધનુષ્યની જેમ નમાવી લાંબી કરવામાં આવે તો તેને 'અર્ધચન્દ્ર હસ્તમુદ્રા' કહે છે.'' ( અધ્યાય-૯ શ્લોક ૪૨)

અર્ધચન્દ્ર હસ્તમુદ્રા દ્વારા નાના વૃક્ષ, ચન્દ્રલેખા, શંખ, કળશ, કંકણ, બહાર ધકેલવાની ક્રિયા, પરિશ્રમ, કૃશતા અને પુષ્ટતા - કટિપ્રદેશના સંદર્ભમાં પાતળું કે જાડું - વિગેરે સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે.

અર્ધચન્દ્ર હસ્તમુદ્રા દ્વારા કટિમેખલા, જાંઘ, કટિ, ચહેરો, તલપત્ર અર્થાત કાનમાં ધારણ કરવામાં આવતું ખાસ પ્રકારનું ઘરેણું તથા કુંડળનો અભિનય પ્રસ્તુત કરી શકાય છે.

અભિનયદર્પણમાં અર્ધચન્દ્ર હસ્તમુદ્રાનું લક્ષણ નંદિકેશ્વર આ પ્રમાણે આપે છે: પતાક હસ્તમુદ્રામાં અંગૂઠો બહારની તરફ લાંબો કરવામાં આવે તો તેનાથી અર્ધચન્દ્ર હસ્તમુદ્રા બને છે. તેનાથી કૃષ્ણપક્ષનો આઠમો તિથિનો ચન્દ્ર, કોઇના ગળાને હાથથી પકડવાની ક્રિયા, ભાલાથી યુધ્ધ કરવું, દેવતાની મૂર્તિની પ્રતિષ્ઠા, ભોજનપાત્ર, ઉદ્ભવ, કટિ, ચિન્તા, મનન, ધ્યાન, પ્રાર્થના, અંગ સ્પર્શ, સામાન્ય લોકોનો નમસ્કાર વિગેરે ભાવોની અભિવ્યક્તિ સાધી શકાય છે.

'નાટ્યશાસ્ત્રસંગ્રહ' માં અર્ધચન્દ્રનું સ્વરૂપ આ પ્રમાણે વર્ણવવામાં આવ્યું છે. જો ચારે આંગળીઓ પરસ્પર એક બીજાને અડકતી હોય અને અંગૂઠાને બહાર ગોળાકાર નમાવવામાં આવે તો તેને અર્ધચન્દ્ર હસ્તમુદ્રા કહે છે. આ ઉપરાંત અહીં, અર્ધચન્દ્ર મુદ્રા યુકત હાથને શરીરના વિવિધ અંગો તરફ લઇ જવાથી વિવિધ સાંકેતિક અર્થ સૂચવાતા હોવાનું જણાવવામાં આવ્યું છે જેમ કે અર્ધચન્દ્ર મુદ્રાવાળા હાથને ગાલ તરફ લઇ જવાથી અથવા ગાલને અડકાડવાથી 'ખેદ'નો ભાવ વ્યકત થાય છે. અર્ધચન્દ્ર મુદ્રાવાળા બે હસ્તને

સામે લાવી જોડી છૂટા પાડવામાં આવે તો તેનાથી કટિની કૃશતા બતાવી શકાય. આમ નાટ્યશાસ્ત્રસંગ્રહ'માં અર્ધચન્દ્ર લક્ષણ અને વિનિયોગ ભરતાનુસારી છે માત્ર શબ્દાવલિનો પ્રયોગ જુદો છે એટલુંજ.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં 'અર્ધચન્દ્ર' હસ્તમુદ્રાની ઉત્પત્તિ સંબંધી નીચેની દંતકથા મળે છે. નટરાજ શિવ ભગવાને અલંકાર ધારણ કરવાની ઇચ્છાથી અર્ધચન્દ્રને જ્યારે મસ્તક પર ધારણ કર્યો ત્યારે અર્ધચન્દ્ર હસ્તમુદ્રાનો ઉદ્ભવ થયો. અર્ધચન્દ્રના દેવતા મહાદેવ છે. જાતિ વૈશ્ય અને વર્ણ ધુમ્ર છે.

( ૫ )

અ રા લ :

અરાલ એટલે વાંકું, વળેલું. અરાલ હસ્તમુદ્રાનું લક્ષણ આપતાં ભરતમુનિ જણાવે છે કે - '' હાથની પહેલી આંગળી અર્થાત તર્જની ધનુષ્યની જેમ વાંકી વળેલી હોય, અંગુઠો પણ તેવીજ રીતે વળેલો હોય, શેષ આંગળીઓ એક બીજાથી છુટી અને ઉર્ધ્વ વાળવામાં આવે તો તેને અરાલ હસ્તમુદ્રા કહેવાય.''

(અધ્યાય- ૯ શ્લોક ૪૫)

અરાલ હસ્તમુદ્રા વડે સત્વ, ગર્વ, પરાક્રમ, શોભા, ધૃતિ, દિવ્ય વસ્તુ, ગાંભીર્ય, આશીર્વાદ તથા એના જેવા અન્ય શુભદ ભાવો સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે. આ ઉપરાંત સ્ત્રીઓ દ્વારા કેશસંમાર્જન - વાળ સરખા કરવા, તેને છૂટા કરવા, તેમજ પોતાના અંગો ધ્યાનપૂર્વક નીરખવાનો ભાવ પણ સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે.

બે અરાલમુદ્રાયુક્ત હસ્ત એક બીજાની આસપાસ ગોળ ફેરવવાથી તેમજ તેમની આંગળીઓના ટેરવાં સ્વસ્તિક આકારમાં અડકાડવાથી - ડાબી આંગળી ઉપર જમણી આંગળીના સ્વસ્તિકથી તેમજ જમણી આંગળી પર ડાબી આંગળીના સ્વસ્તિકથી -વિવાહ સમયની વધુની વરની આસપાસ પ્રદક્ષિણા કરવાની વિધિ, તથા વરવધુનો હસ્તમેળાપ સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે. આ ઉપરાંત સામાન્ય પ્રદક્ષિણા, વસ્તુનો ગોળ આકાર

જન કોલાહલ, પૃથ્વી પર ગોઠવેલા પદાર્થો આદિનું પણ સૂચન કરી શકાય છે. એટલુંજ નહિ કોઇ વ્યક્તિને બોલાવવી, રોકવી, કણાકનો ઉદય થવો, અનેક વાતો કહેવી પરસેવો લુછવો, મોઠી સુગંધ લેવી, તથા શુભ કાર્યો પણ સાંકેતિક રીતે, આ મુદ્રાવાળા હાથથી રજૂ કરી શકાય છે. ઉપરાંત ત્રિપતાક હસ્ત મુદ્રાવડે આવાહન, અવતરણ સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે તે સર્વ ભાવોનો અરાલ હસ્તથી અભિનય કરી શકાય છે. ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા અરાલ હસ્ત દ્વારા આહવાન સુચિત કરવા આંગળીઓ નીચે પડતી તથા નિવારણની ક્રિયા સુચિત કરવા માટે આંગળીઓ બહારની દિશામાં ફેંકાતી દર્શાવવી જોઇએ.

અભિનયદર્પણમાં અરાલ હસ્ત મુદ્રાનું અલ્પ વિવરણ મળે છે. તદાનુસાર જો પતાક હસ્તમાં તર્જની વાળવામાં આવે તો અરાલ હસ્ત મુદ્રા બને છે જેનો વિનિયોગ વિષપાન, અમૃત પાન, પ્રચંડ પવન વાવો વિગેરે ભાવો દર્શાવવા કરી શકાય.


'નાટ્યશાસ્ત્રસંગ્રહ' માં અરાલ હસ્તમુદ્રાનું લક્ષણ તેમજ વિનિયોગ પૂર્ણપણે ભરતાનુસારી છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં અરાલ હસ્તમુદ્રાની ઉત્પત્તિકથા મળે છે તે પ્રમાણે અગસ્ત ઋષિએ સમુદ્રપાન કરતી વેળા આ મુદ્રાનો પ્રયોગ કર્યો હતો ત્યારથી આ મુદ્રા પ્રચલિત બની. તેના દેવતા વાસુદેવ, જાતિ મિશ્ર તથા વર્ણ રકત છે.


( ૬ )

## શુકતુંડ :


શુક એટલે પોપટ અને તુંડ એટલે ચાંચ. અહીં પોપટની ચાંચ જેવો હસ્તનો આકાર અભિપ્રેત છે. શુકતુંડનું લક્ષણ જણાવતાં ભરતમુનિ કહે છે - '' જો અરાલ મુદ્રા યુકત હાથમાં અનામિકા આંગળી અર્થાત ટચલી આંગળી પાસેની આંગળી, વાંકી વાળવામાં આવે તો શુકતુંડ હસ્ત મુદ્રા બને છે.'' (અધ્યાય-૯ શ્લોક ૫૩)



અર્ધચન્દ્ર



અરાલ



શુકતુંડ

શુકતુંડ હસ્તમુદ્રા વડે '' હું નહિ તુ નહિં '' આ કરવા યોગ્ય નથી'' એવા ભાવ સાંકેતિક રીતે દર્શાવી શકાય છે. અભિનવગુપ્ત આ સંદર્ભમાં સ્પષ્ટતા કરતાં જણાવે છે કે ' ના તમે ના હું ' વિગેરેમાં નિષેધાત્મક કથન માટે નહિ પરંતુ અર્ચના, ઇર્ષા, પ્રણયકલહમાં જ્યારે 'તમે નહી', હું નહી' જેવા ભાવ દર્શાવવા હોય ત્યારે શુકતુંડ હસ્તનો અભિનય કરી શકાય.

શુકતુંડ હસ્તમુદ્રા વડે આવાહન વિદાય તથા અવજ્ઞાપૂર્વક ધિક્કાર વિગેરે ક્રિયાઓ પણ સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે. આ બધી ક્રિયાઓમાં આવશ્યકતા પ્રમાણે એક અથવા બે વાર આ હસ્તનો પ્રયોગ કરી શકાય છે. કયારેક કયારેક આત્મધિક્કારનો અર્થ પણ આ હસ્તમુદ્રા વડે પ્રગટ કરી શકાય છે.

<u>અભિનયદર્પણમાં</u> શુકતુંડ હસ્તમુદ્રાનું લક્ષણ ભરતાનુસારોજ આપવામાં આવ્યું છે. નંદિકેશ્વર શુકતુંડ હસ્તમુદ્રાનો વિનિયોગ બાણ ચલાવવું, બરછી, ભાલો હુલાવવો, પોતાના નિવાસસ્થાનનું સ્મરણ કરવું, માર્મિક અથવા રહસ્યમય વાત કહેવી તથા ઉગ્ર ભાવ દર્શાવવા કરવો જોઇએ એમ જણાવે છે.

'નાટ્યશાસ્ત્રસંગ્રહ'માં શુકતુંડના લક્ષણ તેમજ વિનિયોગ નાટ્યશાસ્ત્ર પ્રમાણે આપવામાં આવ્યા છે. જુગાર રમવામાં તેમજ પાસો ફેંકવામાં પણ શુકતુંડનો વિનિયોગ દર્શાવવામાં આવ્યો છે તે વધારાનો વિનિયોગ છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં શુકતુંડની ઉત્પત્તિ સંબંધી કથા આ પ્રમાણે મળે છે. પાર્વતીજીએ શંકર સાથેના પ્રણયકલહમાં શુકતુંડ હસ્તનો પ્રયોગ કર્યો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચારમાં આવી. તેના દેવતા મરીચિ, જાતિ બ્રાહ્મણ તથા વર્ણ રક્ત છે.

( ૭ )

<u>મુષ્ટિ :</u>

મુષ્ટિ એટલે મુઠ્ઠી. અહીં હાથની મુઠ્ઠી જેવા આકાર અભિપ્રેત હોવાનું જણાય છે. મુષ્ટિ હસ્તમુદ્રાનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે આપે છે. '' હથેળીના મધ્યભાગમાં આંગળીઓના

ટેરવાં દાબો તેના ઉપર અંગૂઠો દાબવાથી મુષ્ટિ હસ્તમુદ્રા બને છે.

( અધ્યાય-૯ શ્લોક ૫૪)

ભરતમુનિ, આ પ્રકારની હસ્તમુદ્રાને 'મુષ્ટિ' સંજ્ઞા આપવામાં આવી છે એવું વિધાન કરે છે. અહીં સંજ્ઞા શબ્દનો પ્રયોગ આવી મુદ્રા લોકોમાં પ્રસિદ્ધ હોવાનો સંકેત કરે છે.

ભરતમુનિ મુષ્ટિ હસ્તમુદ્રાનો વિનિયોગ વ્યાયામમાં કરવાનું જણાવે છે. વ્યાયામમાં કુસ્તી કરતી વેળા તેમજ ખડ્ગ યુધ્ધના અવસરે મુષ્ટિ હસ્તનો પ્રયોગ વ્યવહારમાં થાય છેજ.

ભરતમુનિ નિર્ગમ તથા પીડન વિગેરે ક્રિયાઓ દર્શાવવા માટે પણ મુષ્ટિ હસ્તનો પ્રયોગ કરવાનું જણાવે છે. નિર્ગમ શબ્દ અહીં ભીની વસ્તુ અથવા ભીનાં કપડાં નીચોવવાના સંદર્ભમાં પ્રયોજાયો છે. પીડન શબ્દ ગાય, ભેંસના આંચળ દોહવાનો ભાવ પ્રગટ કરે છે.

તલવારથી માંડી છૂરી સુધીના મુઠવાળા શસ્ત્ર ગ્રહણ કરવાનો અભિનય પણ આ હસ્તમુદ્રા ધ્વારા કરવાનું ભરતમુનિ જણાવે છે. આ ઉપરાંત માટી તેમજ ડંડો પકડવામાં પણ આ હસ્તમુદ્રા પ્રયોજવાનું વિધાન છે. અભિનયદર્પણમાં ' મુષ્ટિ ' હસ્તમુદ્રાનું લક્ષણ ભરતમુનિ પ્રમાણે આપવામાં આવ્યું છે. નંદિકેશ્વર તેનો વિનિયોગ વાળ પકડવા, દૃઢતા, કોઇ વસ્તુને ધારણ કરવી તથા મલ્લ યુધ્ધના ભાવો વ્યક્ત કરવા માટે કરી શકાય એમ જણાવે છે.

નાટ્યશાસ્ત્રસંગ્રહમાં' 'મુષ્ટિ હસ્તમુદ્રા ધ્વારા દોડવું તથા વિભિન્ન યુધ્ધ તરકીબો વિગેરે દર્શાવી શકવાનો તેમજ મલ્લયુધ્ધમાં બંને હાથ 'મુષ્ટિ' મુદ્રાયુક્ત રાખવાનો ઉલ્લેખ છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં મુષ્ટિ હસ્તમુદ્રાની ઉત્પત્તિકથા આ પ્રમાણે આપવામાં આવી છે. '' મધુરાક્ષસનો વધ કરતી વખતે ભગવાન વિષ્ણુએ આ મુદ્રાનો પ્રયોગ કર્યો ત્યારથી આ મુદ્રા પ્રચારમાં આવી. તેનો દેવતા ઇન્દ્ર, જાતિ શુદ્ર તથા વર્ણ નીલ છે.

( ૮ )

શિખર :

શિખર એટલે પર્વતની ટોચ. પ્રસ્તુત હસ્તમુદ્રાનો આકાર શિખરને મળતો આવતો

હોવાથી તેને 'શિખર' સંજ્ઞા આપવામાં આવી હોવાનો સંભવ ખરો. શિખર મુદ્રાનું લક્ષણ આપતાં ભરતમુનિ જણાવે છે '' મુષ્ટિ મુદ્રાવાળા હાથમાં અંગૂઠો સીધો-ઉર્ધ્વ- રાખવામાં આવે તો 'શિખર' હસ્તમુદ્રા કહેવાય છે.''

(અધ્યાય-૯ શ્લોક ૫૬)

શિખર હસ્તમુદ્રા વડે ધનુષ્યની પણછ, દર્ભ, અંકુશ, ધનુષ ઇત્યાદિ ધારણ કરવાં, શક્તિ અને તોમર અસ્ત્રો છોડવાં, હોઠ તથા પગ રંગવાં તથા વાળ ઝાટકવા વિગેરે અર્થ સૂચવી શકાય છે. અભિનવગુપ્ત ધનુષ્યની પણછ ધારણ કરવાની વિધિમાં આ ઉર્ધ્વગામી હસ્તને ઉત્તાન અને પાર્શ્વગામી હસ્તને અધોમુખ સ્થિતિમાં રાખવો અથવા ઉત્તાન હસ્તને ઉપર લઇ જવો અને અધોમુખને પડખે લઇ જવો એવું વિધાન કરે છે. પાઠાન્તરથી અહીં બાળકના કપોલને મુષ્ટિ હસ્તના હાથના અંગૂઠો અને તર્જનીથી દબાવી 'ઉત્પીડન' ની ક્રિયા દર્શાવવા માટે શિખર હસ્તમુદ્રાનો વિનિયોગ કરવાનો ઉલ્લેખ છે.


અભિનયદર્પણમાં શિખર હસ્તમુદ્રાનું લક્ષણ ભરતાનુસારી છે. તેનો વિનિયોગ કામાતુરતા, ધનુષ, સ્તમ્ભ, નિશ્ચય, પિતૃકર્મ, દાંત વડે હોઠમાં ખાડા પાડવા, શિવલિંગપૂજન, નિષેધ વાક્યકથન, સ્મરણ, અભિનય કર્મની સમાપ્તિ, કંદોરો ખેંચવો, આલિંગન આપવું તથા ઘંટનાદ વિગેરે ભાવો દર્શાવવા માટે કરવાનો ઉલ્લેખ છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં શિખર હસ્તમુદ્રાની ઉત્પત્તિકથા પણ મળે છે. જેમ કે ચન્દ્રશેખર શિવ ભગવાને સમુદ્ર મંથન માટે સુમેરુપર્વતને ઉપાડવા માટે શિખર હસ્તનો પ્રયોગ કર્યો ત્યારથી આ મુદ્રા પ્રચારમાં આવી. તેના દેવતા કામદેવ, જાતિ ગાંધર્વ તથા વર્ણ ધૂમ્રિયો છે.


( ૯ )

કપિત્થ :


કપિત્થ એટલે 'કોઠું' નામનું એક ફળ. અહીં હસ્તનો કોઠા જેવો આકાર અભિપ્રેત હોવાનું જણાય છે. કપિત્થ હસ્તમુદ્રાનું લક્ષણ વર્ણવતાં ભરતમુનિ જણાવે છે કે '' શિખર



મુષ્ટિ



શિખર



કપિત્થ

હસ્તમુદ્રામાં તર્જની આંગળીને વાંકી કરી તેના પર અંગુઠો દાબવામાં આવે તો કપિત્થ હસ્તમુદ્રા કહેવાય.

(અધ્યાય ૯ /૫૮ )

કપિત્થ હસ્તમુદ્રાનો ઉપયોગ તલવાર, ધનુષ, ચક્ર, તોમર, ભાલો, ગદા, શક્તિ, વજ્ર, બાણ વિગેરે આયુધો સાંકેતિક રીતે દર્શાવવા તેમજ સત્ય અને હિતકર કાર્યો કરવાનો અર્થ પ્રગટ કરવા તેમજ ચપટો વગાડવાનો ભાવ દર્શાવવા માટે પણ કપિત્થ હસ્તમુદ્રા પ્રયોજી શકાય.

અભિનયદર્પણમાં કપિત્થ હસ્તમુદ્રાનું ભરતાનુસારી લક્ષણ આપવામાં આવ્યું છે અને તેનો વિનિયોગ લક્ષ્મી, સરસ્વતી, નટો દ્વારા તાલ ધારણ, ગૌદોહન, અંજન લગાડવું, ક્રીડા કૌતુક આદિ અવસરે પુષ્પધારણ, કંચુકી અથવા પાલવ પકડવો, ઘૂમટો તાણવો તથા ધૂપદીપથી અર્ચન કરવાનો અર્થ સૂચવવા માટે કરવો એવું વિધાન છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં તેની ઉત્પત્તિની કથા આ પ્રમાણે મળે છે. સમુદ્રમંથન સમયે વિષ્ણુ ભગવાને મંદારવૃક્ષ ઉખાડવા માટે આ હસ્તનો ઉપયોગ કર્યો ત્યારથી આ મુદ્રા પ્રચારમાં આવી. તેના દેવતા પ્રથમગર્ભ- વિષ્ણુ, જાતિ ઋષિ તથા વર્ણ શ્વેત છે.

( ૧૦ )

કટકામુખ :

કટકામુખનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે વર્ણવે છે.

'' કપિત્થ હસ્તમુદ્રામાં અનામિકા તથા કનિષ્ઠિકા- ટચલી આંગળી તેમજ તેની પાસેની આંગળી ઊંચી કરી વાળવામાં આવે તો તેને કટકામુખ હસ્તમુદ્રા કહે છે.''

(અધ્યાય- ૯ શ્લોક- ૬૦)

અભિનવગુપ્ત અનામિકા અને કનિષ્ઠિકા જોડાજોડ નહીં પણ એકબીજાથી થોડી દૂર રાખવાનું સૂચવે છે. ક(ખ)ટકામુખની વ્યુત્પત્તિ આપતા તેઓ જણાવે છે કે ખટ્ કાંક્ષાયામ્ ૯ વાદિગણીય ધાતુ છે જેમાં ભૂખ, તૃષા, અથવા પિપાસાના

Smt. Hansa Mehta Library
PITH 546

અર્થમાં વુન પ્રત્યય લાગતાં 'ખટક' (અથવા કટક) શબ્દ બને છે.

ભરતમુનિ, આ મુદ્રા દ્વારા હોમ હવન, હવિષ્ય (હોમવાનું દ્રવ્ય) નો અભિનય સાંકેતિક રીતે રજૂ કરી શકાય તેવું વિધાન કરે છે. અભિનવગુપ્ત આ સંદર્ભમાં જણાવે છે કે અગ્નિમાં હવિષ્ય જે પાત્ર વડે છોડવામાં આવે તેનો અભિનય ઉત્તાન હસ્તવડે અર્થાત્ ચત્તા હાથ વડે અને હવ્ય, આજ્ય વિગેરેનો અભિનય અભિમુખ હસ્ત વડે કરવામાં આવે છે.

ભરતમુનિ, કટકામુખ મુદ્રા દ્વારા લગામ ખેંચવાનો ભાવ સૂચિત થતો હોવાનું પણ જણાવે છે. અશ્વની ગતિ રોકવા અથવા તેને કાબૂમાં લેવા લગામનો ઉપયોગ થાય છે. તેનો અભિનય પરિકર્ષણ અથવા લગામ ખેંચતા હાથને કટકામુખ મુદ્રામાં રાખી કરવામાં આવે છે તથા હાથ હાલતા રાખવામાં આવે છે એવું અભિનવગુપ્ત આ સંદર્ભમાં જણાવે છે.

ભરતમુનિ, આ હસ્તના અન્ય વિનિયોગ આ પ્રમાણે જણાવે છે. છત્ર, પંખો, દર્પણ ધારણ, પંખો તોડવો, ચંદન ઘસવું વિગેરે. ચંદન ઘસવાનો અર્થ સૂચિત કરવા માટે બંને બાજુએ ગોળાકાર અથવા ચક્રાકારે આ મુદ્રાવાળા હસ્તને ગોળ ગોળ ફેરવવો એવું અભિનવગુપ્ત જણાવે છે. વળી આ મુદ્રાયુક્ત હાથ વડે, વિવાહવિધિમાં વધૂના વસ્ત્રનો છેડો અડકવાનો કે તેનો આધાર લેવાનો અભિનય થઇ શકે છે. મોટે ભાગે કુપિતા નાયિકાના સંદર્ભમાં આ મુદ્રાવાળા હસ્ત વડે તેના પાલવનો છેડો ઝાલવામાં આવે છે, એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે. ક્રીડા કરતી વખતે કેશાકર્ષણનો તથા પુરુષના ઉત્તરીયને ગ્રહણ કરવાનો અભિનય પણ આ હસ્ત વડે થઇ શકે પણ સ્ત્રીઓના ઉત્તરીયને ગ્રહણ કરવાનો અભિનય વધુ સહજ રીતે આ મુદ્રા વડે થઇ શકે એવું અભિનવગુપ્તનું વિધાન છે. કટકામુખ હસ્તનો ચતુરસ્ત્ર અથવા બધી દશાઓમાં - સ્થિતિઓમાં - ઉપયુક્ત અભિનય સંયોજિત થઇ શકે છે.

ભરતમુનિ, કટકામુખ હસ્ત વડે લાંબો દંડો ધારણ કરવાનો ભાવ, માળા ગ્રહણ કરવાનો ભાવ, પુષ્પમાળા ધારણ કરવાનો ભાવ, વસ્ત્રનો છેડો ઝાલવાનો ભાવ તેમજ બાણ ચલાવવું, લગામ ખેંચવી, ચાબુક મારવો (હાથીને) અંકુશ ઘોંચવું, દોરી ખેંચવી વિગેરે ક્રિયાઓ સાંકેતિક રીતે રજૂ કરી શકાય એવું વિધાન કરે છે.

અભિનયદર્પણમાં નન્દિકેશ્વર 'કટકામુખ' હસ્તમુદ્રાનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. કપિત્થ હસ્તમાં તર્જની તથા મધ્યમા ઉર્ધ્વ સ્થિતિમાં હોય અને તે બંને અંગુઠાના ટેરવાને સ્પર્શતી હોય તો આચાર્ય ભરતની પરંપરા પ્રમાણે તેને કટકામુખ હસ્ત કહેવામાં આવે છે. તેનો વિનિયોગ ફુલ ચૂંટવામાં, મોતી અથવા પુષ્પોની માળા ધારણ કરવામાં, ધનુષને વચ્ચેથી પકડી ખેંચવામાં, પાન સોપારી આપવામાં ચંદન કસ્તુરી વિગેરે લેપ પીસવામાં, કોઇ વસ્તુને સુગન્ધિત કરવામાં, બોલવા તથા જોવાના ભાવો વ્યકત કરવામાં થઇ શકે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં કટકામુખ હસ્તમુદ્રાની ઉત્પત્તિ કથા મળે છે તે અનુસાર કાર્તિકેય ભગવાને શિવ પાસેથી શસ્ત્ર વિધા ગ્રહણ કરતી વેળા આ હસ્તનો પ્રયોગ કર્યો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચારમાં આવી. તેના દેવતા રઘુરામ, જાતિ દેવ તથા વર્ણ તામ્ર છે.

( ૧૧ )

<u>સૂચીમુખ :</u>

સૂચી / સુચિ એટલે સોય. અહીં હસ્તનું મુખ સૂચી અર્થાત સોયના આકારનું હોવાથી સૂચીમુખ સાર્થક હોવાનું અભિનવગુપ્ત જણાવે છે. ભરતમુનિ સૂચીમુખનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે '' જો કટકામુખ-મુદ્રાવાળા હાથની તર્જની અર્થાત પહેલી આંગળી લાંબી કરવામાં આવે. પ્રસારવામાં આવે તો તે સૂચીમુખ હસ્તમુદ્રા કહેવાય છે.

( અધ્યાય-૯ શ્લોક ૬૪)

ભરતમુનિ, સૂચીમુખ મુદ્રાની તર્જની આંગળી ઉર્ધ્વ (ઉભી) નત (નમેલી) લોલ (એક તરફ વળેલી ) હાલતી (કમ્પિત), સંકોચાઇને પ્રસાર પામતી, ઉપર નીચે જતી તથા ઉપરની તરફ ગોળ ફરતી રાખવાથી સૂચવાતા વિવિધ સાંકેતિક અર્થોનું વિવરણ કરે છે. તર્જનીની આ વિવિધ સ્થિતિઓને લીધે અભિનયમાં વિવિધતા આવે છે.

સૂચીમુખ મુદ્રાવાળા હાથની તર્જની આંગળી ઉંચી કરી, ગોળ ફેરવવાથી -ઉર્ધ્વલોકિત ચક્રની ગતિ સૂચવી શકાય છે. ચક્રની ગતિ સૂચવવા માટે તર્જની અધોમુખ રાખી એક બાજુથી બીજી બાજુ સુધી ચડવાવો તેની લઇ જવી જોઇએ એવું અભિનવગુપ્તનું વિધાન છે. આ ઉપરાંત સૂચીમુખ મુદ્રા વડે વિજળી, ધ્વજા, પુષ્પમંજરી, કર્ણચુલિકા અર્થાત કાનકુંડળ, સર્વ પ્રકારની ત્રાંસી રેખાઓ, આભાર માનતા હોઇએ તેવો ભાવ વિગેરે સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે. એ સિવાય, બાળસર્પ - સાપનું બચ્ચુ, લતાંકુર, પલ્લવ, ધૂપ, દીપ, વલ્લી-વેલ, લતા, નાના બાળકોની માથા પરની શિખા અર્થાત ચોટલી, અધઃપતન, ત્રાંસુ તથા ગોળ કુંડાળુ વિગેરે પણ સાંકેતિક ઢબથી રજૂ કરી શકાય છે.

સૂચીમુખ મુદ્રાવાળા હસ્તની પહેલી આંગળી તર્જની ઉર્ધ્વ સ્થિતિમાં રાખવામાં આવે તો તેનાથી તારકગણ, નાસિકા, એકનો આંકડો, દંડ આપવો તથા લાકડી પકડવાનો ભાવ રજૂ કરી શકાય છે.

સૂચીમુખ મુદ્રાયુકત હાથની તર્જની નમેલી અથવા વળેલી રાખવાથી દાઢવાળા પ્રાણીઓનું સૂચન થાય છે અને તર્જનીને ફરી ગોળ ગોળ ફેરવવાથી કોઇ વ્યકિત દ્વારા બધી વસ્તુઓનું ગ્રહણ કરવાની ક્રિયા સૂચવી શકાય છે. તર્જની આંગળીને પહેલાં વાળી પછી ઉભી કરવામાં આવે તો તેનાથી દીર્ઘ અભ્યાસ તેમજ દિવસનું સૂચન થઇ શકે છે. તર્જની આંગળીને મો પાસે લઇ જઇ વાળવામાં આવે કે ઉપર નીચે લઇ જવામાં આવે તો તેનાથી વાકયનો અર્થબોધ પ્રદર્શિત કરી શકાય છે.

સૂચીમુખ હસ્તમુદ્રાની તર્જની આંગળી લાંબી કરી, હલાવતાં, હલાવતાં ઉપર લાવવામાં આવે તો તેનાથી નિષેધ તથા સંભાષણનો અર્થ પ્રસ્તુત કરી શકાય છે. સૂચીમુખની આ હસ્તમુદ્રામાં કંપન પેદા કરવામા આવે અર્થાત સૂચીમુખ મુદ્રાયુકત હાથને હલાવવામાં આવે તો તેનાથી ક્રોધ, સ્વેદ (પરસેવો), કેશ, કુંડળ, અંગદ અર્થાત બાજુબંધ (હાથનું ઘરેણું) લમણું અથવા ગાલ (ગંડસ્થલ) અથવા હાથોનું લમણું સૂચવી શકાય છે. અભિનવગુપ્ત જણાવે છે તે પ્રમાણે રોષ બતાવવામાં તથા પરસેવો લુછવામાં તર્જની લાંબી રાખવી જોઇએ.

સૂચીમુખમુદ્રાવાળા હાથને લમ્બ રાખવામાં આવે તો તેનાથી ગર્વ, ક્રોધ તથા શત્રુનિર્દેશ સુચિત થાય છે. સૂચીમુખ મુદ્રાવાળા હાથની તર્જની કપાળ નજીક લાવવામાં આવે તો તેનાથી ''કોણ છે ?'' એવો પ્રશ્ન તથા કાન ખંજવાળવાનો ભાવ સૂચિત કરી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા બંને હાથોને મિલાવવાથી મેળાપનો તથા છુટા પાડવાથી વિયોગનું સૂચન કરી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા બંને હાથથી સ્વસ્તિક કરવામાં આવે તો તેના વડે અંદર અંદર ઝગડાનો ભાવ-પરસ્પરના કલહનો ભાવ-પ્રદર્શિત કરી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા બંને હાથને એકબીજાની સામે સામે લાવી પછી ડાબુ બાજુ લાવવામાં આવે તો તેનાથી રાત્રિની સમાપ્તિ અને શયન ત્યાગનો ભાવ રજૂ કરી શકાય છે. બંને હાથ સૂચીમુખ મુદ્રામાં આવે તો તેનાથી સંપૂર્ણ ચંદ્રમંડળ અર્થાત્ ચંદ્રની પૂર્ણકળા દર્શાવી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા હાથને લલાટની પાસે લાવવાથી ઇન્દ્રનો ઉત્કર્ષ અર્થાત્ ઇન્દ્રધ્વજ ઉપર ઉઠાવવાનો ભાવ રજૂ કરી શકાય છે. સૂચીમુખ મુદ્રાયુક્ત હસ્તને ગોળ ગોળ ફેરવવાથી કોઇપણ સ્વરુપ-આકાર, શિલા, વમળ, શૈલ, યન્ત્ર સંકેતિક રૂપે પ્રદર્શિત કરી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા બંને હાથને જમીન તરફ વાળવામાં આવે તો તેના વડે ભોજન પીરસવાનો ભાવ રજૂ કરી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા હાથને લલાટ સમીપ લાવી અધોમુખ સ્થિતિમા રાખવામાં આવે તો તેનાથી શિવનું ત્રિનેત્ર સ્વરુપ દર્શાવી શકાય છે. સૂચીમુખ મુદ્રાવાળા હાથને લલાટની પાસે ઉર્ધ્વમુખી સ્થિતિમાં ત્રાંસો રાખવામાં આવે તો તેનાથી ઇન્દ્રનું સહસ્રનેત્ર સ્વરુપ બતાવી શકાય છે.

અભિનયદર્પણમાં 'સૂચી હસ્ત'' એવો ઉલ્લેખ મળે છે અને નન્દિકેશ્વર તેનું લક્ષણ આપતાં જણાવે છે કે '' જો કટકામુખ હસ્ત મુદ્રામાં તર્જની સીધી કરવામાં આવે તો તેનાથી આચાર્ય ભરતની પરંપરા પ્રમાણે સૂચી હસ્ત બને છે અને તેનો વિનિયોગ એકાર્થબોધ, પરબ્રહ્મની ભાવના, શતાર્થબોધ, સૂર્ય, નગરી, સંસાર, 'સારું સારું ' એમ કહેવું, 'જો' અને 'તે' કહેવું, નીરવતા, દુર્બલતા, વેણી, આશ્ચર્યનો ભાવ, રોમાવલી, નગારા વાદન, કુંભારનો ચાક, સુર્યાસ્ત વિગેરે ભાવો દર્શાવવા કરવો જોઇએ.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં સૂચીમુખ હસ્તમુદ્રાની ઉત્પત્તિકથા મળે છે. તે પ્રમાણે બ્રહ્માએ ' એકોઽહં ' સમજાવવા માટે આ હસ્તનો પ્રયોગ કર્યો ત્યારથી સૂચીમુખ હસ્તમુદ્રા પ્રચારમાં આવી. તેના દેવતા વિશ્વકર્મા, જાતિ દેવ તથા વર્ણ શ્વેત છે.

( ૧૨ )

પદ્મકોષ :

અહીં કમળની કળી જેવો આકાર અભિપ્રેત છે. પદ્મકોષ હસ્તમુદ્રાનું લક્ષણ આપતાં ભરતમુનિ જણાવે છે કે '' અંગુઠા સહિત બધી આંગળીઓ એક બીજાથી છુટી અને ઉર્ધ્વમુખી રાખી વાળવામાં આવે (કેટલીક પ્રતોમાં આંગળાના ટેરવાં વાળવાનો પાઠ છે ) તો પદ્મકોષ હસ્તમુદ્રા બને છે.''

(અધ્યાય-૯ શ્લોક-૭૮)

અભિનવગુપ્ત કમળની જેમ હથેળીમાં ખાડો પડતો હોવાનુ લક્ષણ ઉમેરે છે.

પદ્મકોષ હસ્તમુદ્રા વડે બીલું તથા કોઠું જેવાં ફળો, સ્ત્રીઓના સ્તન સાંકેતિક રીતે દર્શાવી શકાય છે. ઉપરાંત દેવ અર્ચન બલિપ્રદાન, પિંડદાન તથા પુષ્પોનો ગુચ્છો પણ દર્શાવી શકાય છે.


પદ્મકોષ મુદ્રાવાળા હાથની આંગળીઓના ટેરવા વાળવામાં આવે તો તેનાથી કોઇ વસ્તુ ગ્રહણ કરવાનો ભાવ તેમજ માંસ પ્રાપ્તિ અને બીલું તથા કોઠું સિવાયના ફળો ગ્રહણ કરવાનો ભાવ રજુ કરી શકાય છે.

પદ્મકોષ મુદ્રાવાળા બંને હાથ કાંડેથી અડકેલા રાખી આંગળીઓ હલાવતાં હલાવતાં પાછળ લઇ જવામાં આવે તો તેનાથી વિકસિત કમળ તથા કુમુદિની અર્થાત્ ધોળાં કમળના ફુલોનો વેલો દર્શાવી શકાય છે.


અભિનયદર્પણમાં પદ્મકોષ હસ્તમુદ્રાનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે. હાથની પાંચે આંગળીઓ છુટી હોય અર્થાત એક બીજાને સ્પર્શ કરતી ન હોય અને બધી આંગળીઓ વાંકી વાળવામાં આવે કે જેથી હથેળીમાં ખાડો પડે તો એ પ્રકારની હસ્તમુદ્રાને પદ્મકોષ



કટકામુખ



સૂચીમુખ



પદ્મકોષ

હસ્ત કહે છે. તેનો વિનિયોગ બીલું તથા કોઠું જેવા ફળો, સ્ત્રીના બંને ગોળ સ્તન, વમળ, દડો, પુસ્પાવલી, પુષ્પનો કળી, આંબાનું ફળ અર્થાત કેરી, કમળ, ઈંડુ, આદિ ભાવ પ્રદર્શિત કરવા માટે કરવો જોઈએ.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં અલપદ્મકોશ હસ્તમુદ્રાની ઉત્પત્તિ સંબંધી કથા મળે છે તદાનુસાર ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્રની પ્રાપ્તિ માટે ભગવાન શિવની સ્તુતિ તથા પદ્મપુષ્પો અર્થાત કમળના ફુલ અર્પણ કરવા માટે આ હસ્તનો ઉપયોગ કર્યો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચલિત બની.

( ૧૩ )

સર્પશીર્ષ :

પ્રસ્તુત હસ્તમુદ્રામાં સર્પશીર્ષ અર્થાત 'સાપના માથા' જેવો હાથનો આકાર અભિપ્રેત હોવાનું જણાય છે. ભરતમુનિ સર્પશીર્ષ હસ્તમુદ્રાનું લક્ષણ નિરુપતા જણાવે છે કે '' જો અંગૂઠા સહિત બધી આંગળીઓ એક બીજાને સ્પર્શ કરતી રાખવામાં આવે અને હથેળી ખાડાવાળી હોય (જાણે પાણી ભર્યું હોય તેમ ) તો તે સર્પશીર્ષ હસ્તમુદ્રા કહેવાય.''

(અધ્યાય-૯ શ્લોક ૮૨)

અભિનવગુપ્ત આ મુદ્રાવાળા હાથને સાપની ફેણ જેવા આકારનો જણાવે છે.

સર્પશીર્ષ હસ્તમુદ્રાવાળા હાથ વડે પિતૃઓને જળાંજલિ, સાપની ગતિ, જળસિંચન, મલ્લયુધ્ધમાં જાંઘ તથા હાથ થાબડવા તથા હાથીના કુંભસ્થળ થાબડવાનો ભાવ સાંકેતિક રીતે રજુ કરી શકાય છે.

અભિનવગુપ્ત સાપની ગતિ દર્શાવતી વેળા સર્પશીર્ષ હસ્તમુદ્રાવાળા હાથને અધોમુખ રાખવાનું સૂચવે છે.

અભિનયદર્પણમાં નન્દિકેશ્વર સર્પશીર્ષ હસ્તમુદ્રાનું લક્ષણ આપતાં જણાવે છે કે જો પતાક મુદ્રાવાળા હસ્તની બધી આંગળીઓને તેમના ટેરવાં આગળથી થોડી વાળવામાં આવે તો

તેને સર્પશીર્ષ (સાપનો ફેણ) હસ્ત કહેવામાં આવે છે. તેના વડે ચન્દન, સાપ, મન્દ સ્વર, જળ છંટકાવ, પોષણ કરવું, દેવતાઓનું જળ વડે તર્પણ કરવાની વિધી, હાથીના કુંભસ્થળોનું સંચાલન તથા પહેલવાનોની ભુજાઓનો ભાવ દર્શાવી શકાય છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં સર્પશીર્ષની ઉત્પત્તિ સંબંધી કથા આ પ્રમાણે આપવામાં આવી છે. ભગવાન વિષ્ણુએ વામન અવતારમાં બલિને બાંધતી વખતે તથા દેવતાઓના રક્ષણ અંગેનું વચન આપતી વેળા આ બધા કાર્યોનો સંકેત આ હસ્ત વડે કર્યો ત્યારથી આ મુદ્રા પ્રચારમાં આવી. સર્પશીર્ષ હસ્તમુદ્રાના દેવતા શિવ, જાતિ અને વર્ણ અનુક્રમે દેવ તથા પીત માનવામાં આવ્યા છે.

( ૧૪ )

મૃગશીર્ષ :

અહીં 'મૃગશીર્ષ' અર્થાત હરણના માથા જેવો હાથનો આકાર અભિપ્રેત હોવાનું જણાય છે. મૃગશીર્ષ હસ્તમુદ્રાનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે આપે છે.'' જો કનિષ્ઠિકા આંગળી અર્થાત્ ટચલી આંગળી અને અંગૂઠો સીધો રાખી બાકીની આંગળીઓ અધોમુખી અર્થાત્ નીચે વળેલી રાખવામાં આવે તો મૃગશીર્ષ હસ્તમુદ્રા બને છે.''

( અધ્યાય-૯ શ્લોક ८૪)

મૃગશીર્ષ હસ્તમુદ્રા વડે અહીં, અત્યારે, આ છે, આજ (સાંપ્રત) વિગેરે અર્થનું સૂચન તેમજ શક્તિ નામનું અસ્ત્ર ઉઠાવવાની તેમજ પાસો ફેંકવાની ક્રિયા સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે.

મૃગશીર્ષ હસ્તમુદ્રાયુક્ત હાથને ધ્રુજતો રાખવામાં આવે તો તેના વડે પરસેવો લુછવાની ક્રિયા તેમજ સ્ત્રીઓનો કુટ્ટમિત નામનો કામજન્ય ચેષ્ટાપ્રકાર સાંકેતિકપણે દર્શાવી શકાય છે.

કુટ્ટમિતને સ્ત્રીઓની ચેષ્ટા અલંકાર જણાવી તેનું લક્ષણ આપતાં અભિનવગુપ્ત કહે છે કે કેશ, સ્તન,અધર આદિ ગ્રહણ થવાને કારણે ઉપજતાં ગભરાટયુક્ત હર્ષને કારણે મસ્તક તથા હાથોનું વિશિષ્ટ ચલન કુટ્ટમિત કહેવાય છે.

અભિનયદર્પણમાં મૃગશીર્ષ હસ્તનું લક્ષણ નિરૂપતા નન્દિકેશ્વર જણાવે છે કે, જો સર્પશીર્ષ હાથમાં કનિષ્ઠિકા (ટચલી આંગળી) અને અંગુઠો સીધો રાખવામાં આવે તો તેનાથી મૃગશીર્ષ હસ્તમુદ્રા બને છે. સર્પશીર્ષમાં આંગળીઓના ટેરવાં વળેલાં હોય છે એટલે નન્દિકેશ્વર મૃગશીર્ષમાં ટચલી આંગળી અને અંગુઠા સિવાયની બધી આંગળીઓ ટેરવેથી વળેલી હોવાનું જણાવે છે. મૃગશીર્ષ હસ્ત વડે સ્ત્રીઓના કપોલ-ચક્ર, મર્યાદા, ભય, કલહ, નેપથ્ય, આહ્વાન, ત્રિપુંડ હરણનું માથું, વીણા, પગચંપી, મિલન, યોનિ, છત્ર-ધારણ, સંચરણ તથા પ્રિયતમને બોલાવવાનો ભાવ પ્રગટ કરી શકાય છે.


અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં મૃગશીર્ષ હસ્તની ઉત્પત્તિકથા મળે છે તે અનુસાર ભગવાન શિવને મેળવવા માટે પાર્વતીએ તપશ્ચર્યા કરતી વેળા પોતાના લલાટ ઉપર ત્રણ ચંદનરેખાઓનો ત્રિપુંડ આ હાથ દ્વારા ધારણ કર્યો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચલિત બની. પરંપરાગત માન્યતા પ્રમાણે મૃગશીર્ષ હસ્તના દેવતા મહેશ્વર શિવ, જાતિ ઋષિ તથા વર્ણ શ્વેત છે.

( ૧૫ )


**કંગુલ / કાંગુલ :**

કંગુનો અર્થ થાય છે પ્રિયંગુ લતા. તેને જે લે તે કાંગુલ. એક બીજા મત પ્રમાણે કાંગુલનો અર્થ વીછીં પણ થાય છે.


કંગુલ હસ્તમુદ્રાનું લક્ષણ જણાવતાં ભરતમુનિ કહે છે '' જો મધ્યમાં આંગળી અર્થાત વચલી આંગળી, તર્જની અર્થાત્ અંગુઠા પાસેની આંગળી તેમજ અંગુઠો એક બીજાથી પૃથક-અલગ-છૂટા રહે, અનામિકા અર્થાત્ ટચલી આંગળી પાસેની આંગળી, વાંકી રહે અને કનિષ્ઠિકા ટચલી આંગળી સીધી-ઉર્ધ્વ- રહે તો કંગુલ હસ્તમુદ્રા બને છે. ( અધ્યાય-૯ શ્લોક ૮૬)



સર્પશીર્ષ



મૃગશીર્ષ



કાંગુલ

કંગુલ હસ્તમુદ્રા દ્વારા સોપારી, બોર જેવાં નાનાં અનેકવિધ ફળો સાંકેતિકપણે દર્શાવી શકાય છે. કંગુલ હસ્તમુદ્રામાંના અંગૂઠાને ગોળ ઘુમાવવાથી સ્ત્રીઓના ક્રોધપૂર્ણ વચનોનો અર્થ પ્રગટ કરી શકાય છે. પ્રક્ષિપ્ત પાઠ પ્રમાણે મરકત, વૈડૂર્ય વિગેરે મણિ, પુષ્પોને ગ્રહણ કરવાની ક્રિયા તેમજ બિલાડીની બેસવાની જગ્યા (સ્થાન) વિગેરે પણ સાંકેતિક રીતે દર્શાવી શકાય છે.

અભિનયદર્પણમાં કંગુલ હસ્તમુદ્રાનું લક્ષણ નિરૂપતા નન્દિકેશ્વર જણાવે છે કે, પદ્મકોષ હાથમાં અનામિકા આંગળી વાંકીવાળી નમાવવામાં આવે તો તેને કાંગુલ હસ્ત કહે છે. પદ્મકોષ હસ્તમાં બધી આંગળીઓ (અંગૂઠા સહિત) એક બીજાથી પૃથક તેમજ વાંકી વાળી નમાવવામાં આવે છે એટલે અભિનયદર્પણમાં નિરૂપિત લક્ષણ ભરતકથિત લક્ષણ કરતાં જુદું પડે છે તેમજ પદ્મકોષ હસ્તમુદ્રા અને કાંગુલ હસ્તમુદ્રા વચ્ચેનો તફાવત સ્પષ્ટ થતો નથી. પણ વિવિધ આવૃત્તિઓમાં કાંગુલ હસ્તમુદ્રાની આકૃતિઓ આપવામાં આવેલી છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે કાંગુલ હસ્તમુદ્રામાં અનામિકા આંગળી બીજી આંગળીઓ કરતાં ઉંચી તેમજ વાંકી વળેલી હોય છે.

કાંગુલ હસ્તમુદ્રાનો વિનિયોગ લચકેલાં ફળો, બાળકોની ઝાંઝરી, ઘંટડીઓ, ચકોર પક્ષી, સોપારીનું વૃક્ષ, નાની બાળાના સ્તન, શ્વેત કમળ, ચાતક પક્ષી, નારિયેળ વિગેરે ભાવ વ્યકત કરવા માટે યોજવાનું નન્દિકેશ્વર વિધાન કરે છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં કાંગુલહસ્તની ઉત્પત્તિકથા નિરૂપવામાં આવી છે તે પ્રમાણે ભગવાન શિવે ક્ષીરસાગર મન્થન સમયે તેમાંથી નીકળેલા કાતિલ વિષની ગોળીઓ બનાવી પીવા માટે આ હસ્તનો ઉપયોગ કર્યો હતો. ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચારમાં આવી. કાંગુલ હસ્તમુદ્રાના દેવતા પદ્મ, જાતિ સિદ્ધ તેમજ વર્ણ સુવર્ણ માનવામાં આવ્યા છે.

( ૧૬ )

અલપલ્લવ / અલપદ્મ :

અલપલ્લવ હસ્તનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરૂપે છે. '' બધીજ આંગળીઓ

હથેળીમાં વર્તુળાકારમાં વાળેલી હોય તથા પાછળના ભાગમાં તથા પડખેના ભાગમાં ખુલ્લી હોય અર્થાત એક બીજાને અડકેલો ન હોય તો અલપલ્લવ હસ્તમુદ્રા કહેવાય છે.

( અધ્યાય - ૯ શ્લોક ૮૮ )

અલપલ્લવ હસ્તમુદ્રા વડે પ્રતિષેધ, તમે કોણ છો ? જેવા પ્રશ્નવાકય તથો, શૂન્યવચન તથા સ્ત્રીઓના અહમ્નું આપાદન (સ્થાપના) અથવા વિસ્મયનો ભાવ પ્રદર્શિત કરી શકાય છે.

અભિનયદર્પણમાં અલપદ્મ એવું નામાભિધાન મળે છે તે પ્રમાણે જો કનિષ્ઠા અર્થાત ટચલી આંગળી થોડી વાંકી કરવામાં આવે અને બધી આંગળીઓ એક બીજાથી છુટી રાખવામાં આવે તો તેવી મુદ્રા અલપદ્મ હસ્તમુદ્રા કહેવાય છે. નન્દિકેશ્વરના મત પ્રમાણે અલપદ્મ હસ્ત દ્વારા વિકસિત કમળ, ભ્રમરાકાર અથવા ગોળાકાર - ચક્રાકાર વસ્તુ, સ્તન, વિરહ, દર્પણ, પૂર્ણચન્દ્ર, સૌંદર્ય, વૈશિષ્ટ્ય, ચાંદની અથવા છતની ઉપરનો ઓરડો, ગામડું, ઉંચાઇ, ક્રોધ, સરોવર, ગાડી, ચકવાક પક્ષી, કલકલ ધ્વનિ અને કીર્તિ વિગેરે ભાવો દર્શાવી શકાય છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં અલપલ્લવ / અલપદ્મની મળી આવતી ઉત્પત્તિકથા પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા માખણની ચોરી કરતી વેળા આ હસ્તનો ઉપયોગ કર્યો ત્યારથી આ હસ્તનો પ્રચાર થયો. આ હસ્તના દેવતા સૂર્ય, જાતિ ગાંધર્વ તથા વર્ણ ધૂળિયો માનવામાં આવ્યો છે.

( ૧૭ )

<u>ચતુર :</u>

ચતુર હસ્ત મુદ્રાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે '' જ્યારે આંગળીઓ પ્રસારી-લાંબી કરી, કનિષ્ઠિકા અર્થાત ટચલી આંગળી ઉર્ધ્વ-ઉભી રાખી તેના મુળમાં અંગુઠો રાખવામાં આવે તો તેનાથી ચતુર હસ્ત બને છે.'' ( અધ્યાય-૯ શ્લોક-૯૦)

ચતુર શબ્દની વ્યુત્પત્તિ સાધતાં, અભિનવગુપ્ત જણાવે છે કે " ચતુરો **અંગુલયો અંગુષ્ઠ શ્લિષ્ટત્વેન સન્ત્યસ્મિન્** એ પ્રકારના અર્થમાં અચ્ પ્રત્યયથી નિષ્પન્ન ચતુર શબ્દ છે. તેમાં ચાર આંગળીઓ વડે અભિનય કરવામાં આવતો હોવાથી 'ચતુર' કહેવાય છે. અભિનવગુપ્તના મતે શરીરના વક્ષ:થી શિર પર્યન્તના ક્ષેત્રવિશેષમાં સંયુત અને અસંયુત, ચંચળ અને સ્થિર, સમ્મુખ અને પરાઙ્મુખ, ઉત્તાન અને અધોમુખ, ત્ર્યસ્ત્ર અને ચતુરસ્ત્ર કરતાં કરતાં ચતુર હસ્તના વિવિધ વિનિયોગ વડે વિશિષ્ટ અભિનયો યોજી શકાય છે.

ચતુર મુદ્રાવાળા હાથ વડે નીતિ, વિનય, નિયમ, ચાતુર્ય, બાળા, રોગી, સત્વ, કપટ, પથ્ય વચન, અર્થાત હિતકારી વચન, સત્ય તથા પ્રશમ અર્થાત ઉપશમ, શાંતિનો અર્થ સુચિત કરી શકાય છે. તે ઉપરાંત ક્રીડા, ખેલ, અનુરાગ, રુચિ અર્થાત ઇચ્છારૂ ભાવ, સ્મૃતિ, બુદ્ધિ, તર્કરૂ વિભાવના, ક્ષમા, પુષ્ટિ, અર્થાત્ પોષણ, સંકેત, પ્રણય, વિચાર, મિલન, પવિત્રતા, ચાતુર્ય, માધુર્ય, દાક્ષિણ્ય, માર્દવ, સુખ, ચારિત્ર્ય, પ્રશ્ન, કથા, યુક્તિ, વેષરચના, કૂણું ઘાસ, અલ્પ પ્રમાણ, સમૃદ્ધિ તથા સમૃદ્ધિહીનતા, કામક્રીડી, ગુણ, અવગુણ, યૌવન, દારા અર્થાત ગૃહપત્નિ વિગેરે પણ સુચિત કરી શકાય છે. ગૃહપત્નિનો ભાવ સૂચવવા માટે સંયુક્ત હસ્ત તેમજ સમ્મુખસ્થ સ્વસ્તિક હસ્ત યોજવાનું અભિનવગુપ્ત સૂચવે છે.

એક અથવા બે ચતુર મુદ્રાવાળા હાથને ગોળ ફેરવવાથી વિવૃત્ત અથવા ખુલ્લુ, ઉઘાડું એવો અર્થ તથા વિચાર કરવો, આચરણ કરવું, આશંકા કરવી, લજ્જા અર્થાત્ શરમાવવુ, વિગેરે ક્રિયાઓ સાંકેતિકપણે દર્શાવી શકાય છે.

બે સંયુત ચતુર હસ્ત દ્વારા કમળની પાંખડીની ઉપમાં નયનો સાથે આપી શકાય છે તેમજ હરણના કાન બતાવી શકાય છે.

ચતુર હસ્ત વડે રંગોનું સૂચન પણ થઇ શકે છે જેમ કે ચતુર મુદ્રાયુકત હસ્તને ઉર્ધ્વ સ્થિતિમાં રાખવાથી શ્વેત રંગનું, ગોળ ફેરવવાથી લાલ રંગનું તેમજ પીળા રંગનું

તથા એક હાથથી બીજા હાથને દબાવવાથી નીલ વર્ણ સાંકેતિકપણે દર્શાવી શકાય છે.

અભિનયદર્પણમાં ચતુર હસ્તનું લક્ષણ આપવામાં આવ્યું છે તે ભરતમુનિએ નિરુપેલા લક્ષણ કરતાં જુદું તરી આવે છે. તદાનુસાર જો તર્જની, મધ્યમાં તથા અનામિકા ત્રણે આંગળીઓ કનિષ્ઠાની તરફ વાંકી વાળી કનિષ્ઠાથી જોડવામાં આવે અને કનિષ્ઠા પ્રસરેલી રાખવામાં આવે અને અંગૂઠો વાંકો વાળી અનામિકાનના મૂળ સાથે જોડવામાં આવે તો તેવી મુદ્રાને ચતુર હસ્ત કહેવામાં આવે છે અને તેના વડે કસ્તુરી, અલ્પ અર્થ, સુવર્ણ, તાંબુ, લોખંડ, ભીનાશ, દુઃખ, કલા પ્રત્યેની અભિરુચિ, નેત્ર, વર્ણભેદ, પ્રમાણ, માધુર્ય, મન્દગતિ, ટુકડે ટુકડા કરવા, મુખ, ઘી, તેલ વિગેરે ભાવો વ્યકત કરી શકાય છે.

'નાટ્યશાસ્ત્રસંગ્રહ'માં ચતુર હસ્તનું સ્વરુપ આ પ્રમાણે આપવામાં આવ્યું છે. જો સર્પશીર્ષ હાથમાં કનિષ્ઠિકા આંગળી વાંકી વાળી નમાવવામાં આવે અને અંગૂઠાને મધ્યમાના મૂળમાં વાંકો કરી જોડવામાં આવે તો તેનાથી ચતુર હસ્ત બને છે. સર્પશીર્ષ હાથમાં બધી આંગળીઓ પાસે પાસે અને હથેળીમાં ખાડો રાખવામાં આવે છે એટલે નાટ્યશાસ્ત્ર સંગ્રહ પ્રમાણે અહીં અન્ય આંગળીઓ એક બીજાને અડકતી રાખવામાં આવે છે તથા હથેળીમાં ખાડો રાખવામાં આવે છે. આ હાથ વડે આદર વ્યકત કરવા માટે ચતુર મુદ્રાયુકત હસ્તને મુખની સામે રાખવામાં આવે છે. તેજ પ્રમાણે બે ચતુર હસ્ત કાંડા આગળ સ્વસ્તિક બનાવી આગળ વધે તો તેના વડે વિનય અથવા સહિષ્ણુતા દર્શાવી શકાય છે. ચતુર હસ્તને પડખે રાખવાથી કોઇ સમસ્યા પર વિચારણાનો ભાવ બતાવી શકાય છે. ચતુર હસ્તવાળા હાથને હૃદયની પાસે રાખવાથી કોઇ વસ્તુની શોધખોળ દર્શાવી શકાય છે. કામક્રીડાનો અર્થ પ્રગટ કરવા માટે બંને હાથ ઉદ્વેષ્ટિત્ સ્થિતિમાં રાખી શકાય. ઉપરની તરફ સમતલ ચતુર હસ્ત વડે કૈતવ અર્થાત શરતમાં મુકેલી વસ્તુ, જુગાર, છળકપટ તથા રમવાના પાસો પાસોનો મળકો વિગેરે દર્શાવી શકાય. ચતુર હસ્તના અંગૂઠા તથા મધ્યમાના પરસ્પર મર્દન દ્વારા પ્રેરણા, મૃદુતા બતાવી શકાય તેમજ બે ચતુર હાથને મિલાવી ઉપરની દિશામાં લઇ જવામાં આવે તો તેના વડે ચતુરાઇનો ભાવ દર્શાવી શકાય.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં ચતુર હસ્તની ઉત્પત્તિકથા આ પ્રમાણે આપવામાં આવી છે. કાશ્યપ ઋષિએ આ હસ્તનો ઉપયોગ અમૃત લાવવા માટે લઇ જવામાં આવતાં ગરુડને માર્ગદર્શન આપવા માટે કર્યો હતો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચારમાં આવી. તેના દેવતા સુર્ય, જાતિ મિશ્ર તથા વર્ણ ભૂતિયો માનવામાં આવ્યો છે.

( ૧૮ )

<u>ભ્રમર :</u>

અહીં હાથની ભ્રમર જેવી આકૃતિ થતી હોવાથી ભ્રમર નામ આપવામાં આવ્યુ છે.


ભ્રમર હસ્તનું લક્ષણ આપતા ભરતમુનિ કહે છે કે " જો મધ્યમાં આંગળી અને અંગૂઠો એક બીજાથી જોડી, તર્જની આગળી વાંકી વાળી, બાકીના બે આંગળીઓ, ઉર્ધ્વ રાખી પ્રસારવામાં આવે તો ભ્રમર હસ્ત કહેવાય છે. ( અધ્યાય -૯ શ્લોક ૯૯ )

અભિનવગુપ્ત 'સંદષ્ટ' શબ્દના આધારે મધ્યમા આંગળીનું ટેરવું અંગૂઠાના ટેરવા સાથે જોડવાનું જણાવે છે.


ભ્રમર મુદ્રાવાળા હાથથી કમળ, કુમુદિની અર્થાત કુમુદના ફુલોનો વેલો, તથા લાંબા ડોંટવાળા પુષ્પો ચૂંટવાનો ભાવ પ્રદર્શિત કરી શકાય છે. તેમજ કર્ણકુંડળ કે કાનમાં પુષ્પ આદિ ધારણ કરવાની ક્રિયા દર્શાવી શકાય છે.

ભ્રમર મુદ્રાવાળા હાથને અવાજ કરતાં (સશબ્દ) નમાવવામાં આવે તો તેના વડે તુચ્છકાર, તિરસ્કાર, પોતે બળવાન છે તેવો ગર્વ, શીઘ્રતા, તાલ આપવો તથા વિશ્વાસ કરવો વિગેરે ભાવ સાંકેતિકપણે પ્રગટ કરી શકાય છે.


અભિનયદર્પણમાં ભ્રમર હસ્તનું લક્ષણ આપવામાં આવ્યું છે તે પ્રમાણે જો મધ્યમા અને અંગુઠો એક બીજાને અડકતાં હોય તથા તર્જની વૃત્તાકાર રુપે વળીને અંગુઠાના મુળ ભાગને સ્પર્શ કરતી હોય અને બાકી ની બને આંગળીઓ (અનામિકા તથા કનિષ્ઠા) સીધી ફેલાવેલી રાખવામાં આવે તો ભ્રમર હસ્તમુદ્રા બને છે. તેના વડે ભ્રમર, પોપટ, પક્ષ, સારસ, કોયલ વિગેરે પક્ષીઓનું સૂચન થઇ શકે છે.



અલપલ્લવ



ચાતુર



ભ્રમર

નાટ્યશાસ્ત્રસંગ્રહ પ્રમાણે આ હાથ વડે કમળની દાંડી ગ્રહણ કરવાનો ભાવ, પુષ્પ ચૂંટવાનો ભાવ અથવા કર્ણપૂર બનાવવાનો ભાવ તેમજ તાલપત્ર લેવાનો અને કાંટો કાઢવાનો ભાવ દર્શાવી શકાય છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં ભ્રમર હસ્તની ઉત્પત્તિકથા આપવામાં આવી છે તે પ્રમાણે દેવોની માતા અદિતિના કર્ણકુંડળ બનાવવા માટે કાશ્યપઋષિએ આ મુદ્રાનો પ્રયોગ કર્યો ત્યારથી તે પ્રચલિત બની. તેના દેવતા ગરુડ, જાતિ મિશ્ર તથા વર્ણન કાળો માનવામાં આવ્યો છે.

( ૧૯ )

હંસાસ્ય :

હંસાસ્ય હસ્તમુદ્રાનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે '' જો તર્જની તથા મધ્યમાં આંગળી અંગૂઠાના ટેરવે અડકાડવામાં આવે તથા અન્ય બે આંગળીઓ લાંબી ફેલાવેલી રાખવામાં આવે તો હંસાસ્ય હસ્ત બને છે.

( અધ્યાય-૯ શ્લોક ૧૦૨)

હંસાસ્ય હસ્તમુદ્રાના લક્ષણ સંબંધી નિરુપણમાં આવતા નિરન્તર શબ્દના આધારે અભિનવગુપ્ત જણાવે છે કે પ્રસ્તુત હસ્તમુદ્રામાં તર્જની, મધ્યમા અને અંગૂઠો - આ ત્રણે નિરન્તર અર્થાત અલગ અલગ રાખવાનો નિષેધ છે. (નિરન્તર - નિઃન-અંતર) અંતર એટલે વ્યવધાન, દૂરતા અને એનો નિષેધ એટલે ત્રણે આંગળીઓ દૂર ન રાખતાં પાસે પાસે રાખવી.

હંસાસ્ય મુદ્રાયુક્ત હસ્તના અગ્રભાગને થોડો ધ્રૂજતો રાખવાથી તેના વડે સ્નિગ્ધ, અલ્પ, શિથિલ, લાઘવ, નિસ્સાર અર્થાત તુચ્છ વસ્તુનો ભાવ પ્રદર્શિત કરી શકાય છે.

અભિનયદર્પણમાં હંસાસ્ય હસ્તમુદ્રાનું લક્ષણ નિરુપતા નન્દિકેશ્વર જણાવે છે કે જો અંગૂઠો અને તર્જની બંને એક બીજાને સ્પર્શ કરતાં હોય અને મધ્યમાં વિગેરે ત્રણ

આંગળીઓ અલગ અલગ હથેળી તરફ થોડી વાળી લાંબી કરવામાં આવી હોય તો તે હંસાસ્ય હસ્ત કહેવાય છે. તેના વડે માંગલિક કાર્યો, મંગલસૂત્ર અથવા દોરી બાંધવી, ઉપદેશ, વિવાદ-નિશ્ચય, રોમાંચ, મોતીની માળા વિગેરે, દીવાની જ્યોત ઉંચી કરવી, કસોટી, ચમેલી, ચિત્ર, ચિત્રરચના, દંશન, જળબંધ અર્થાત બંધ વિગેરે ભાવ દર્શાવી શકાય છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં હંસાસ્ય હસ્તની ઉત્પત્તિકથા નિરુપવામાં આવી છે તે પ્રમાણે દક્ષિણામૂર્તિ શિવે ઋષિગણને તત્ત્વવિદ્યાનો ઉપદેશ આપતી વેળા ન્યગ્રોધવૃક્ષની નીચે બેસી આ હસ્તનો ઉપયોગ કર્યો ત્યારથી તે પ્રચારમાં આવ્યો. તેના દેવતા બ્રહ્મા, જાતિ મિશ્ર તથા વર્ણ શ્વેત માનવામાં આવ્યા છે.

( ૨૦ )

હંસ પક્ષ :

હંસપક્ષ એટલે હંસની પાંખ. અહીં હસ્તનો હંસની પાંખ જેવો આકાર અભિપ્રેત હોવાનું જણાય છે. હંસપક્ષ હસ્તનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જો ત્રણે આંગળીઓ સરખી રીતે પ્રસારવામાં આવી હોય અને કનિષ્ઠિકા અર્થાત ટચલી આંગળી ઉર્ધ્વ દશામાં રાખવામાં આવી હોય અને અંગૂઠો સંકોચાયેલો રાખવામાં આવ્યો હોય તો હંસપક્ષ હસ્ત બને છે.

( અધ્યાય-૯ શ્લોક ૧૦૪)

હંસપક્ષ મુદ્રાવાળા હાથ વડે પિતૃઓને જળપ્રદાન (તર્પણ) નો ભાવ પ્રગટ કરી શકાય છે. તે ઉપરાંત રસાનુસાર સ્ત્રીઓના રાગાત્મક અભિનયમાં તેમના દુઃખ, હનુધારણ અર્થાત દાઢીને સ્પર્શ, તથા સ્તન પ્રદેશને આવરી લેતા વિલાસયુક્ત હાવભાવ પ્રદર્શિત કરી શકાય છે.

હંસપક્ષ મુદ્રાવાળા હાથને કપોળ સમીપ લઈ જવાથી દાન ગ્રહણ કરવું, ભોજન સમયે બ્રાહ્મણો દ્વારા થતી આચમનની ક્રિયા તથા બ્રહ્મભોજન, આલિંગન, મોટા થાંભલાનું દર્શન, રોમાંચ, સ્પર્શ, ચંદનલેપ, પગચંપી વિગેરે ભાવ સૂચિત કરી શકાય છે.

અભિનવગુપ્તના મત પ્રમાણે પ્રત્યક્ષ તથા પરોક્ષનો અભિનય સ્વસ્તિક આકારવાળા હાથથી કરવો જોઇએ. આલિંગન તથા મહાસ્તંભનો અભિનય સંયુત હસ્ત દ્વારા એક ખભાથી બીજા ખભા પર હાથ રાખી કરવામાં આવે છે. રસાનુસારનો અર્થ છે શૃંગાર, હાસ્ય, અદ્ભુત તથા કરુણ ઇત્યાદિમાં વ્યભિચારી વિશેષના યોગથી દૃષ્ટિ વિશેષ રૂપ જે અનુભાવ છે તેનાથી સ્પષ્ટ થતાં હસ્ત પ્રયોગ વિશેષ સ્વરૂપના હસ્તો વડે સમજપૂર્વક પ્રસ્તુત કરવા જોઇએ. આ વસ્તુ તમામ હસ્તોના પ્રયોગ સમયે ધ્યાનમાં રાખવી જોઇએ.

અભિનયદર્પણમાં નન્દિકેશ્વર હંસપક્ષ હસ્તમુદ્રાનું લક્ષણ આ પ્રમાણે નિરૂપે છે. જો સર્પશીર્ષ હાથમાં કનિષ્ઠા અર્થાત ટચલી આંગળી લંબાવવામાં આવે તો તેને હંસપક્ષ હસ્ત કહેવામાં આવે છે. તેના વિનિયોગ સંબંધી ચર્ચા કરતાં નન્દિકેશ્વર જણાવે છે કે ભરત નાટ્યશાસ્ત્રના નિર્દેશ અનુસાર ૬ ની સંખ્યા, સેતુબન્ધ (પુલ બનાવવો) નખ વડે લીટો તાણવો તથા ઢાંકવાનો આશય હંસપક્ષ હસ્ત દ્વારા પ્રગટ કરી શકાય છે. નન્દિકેશ્વરે આ વિનિયોગ ભરતાનુસારી જણાવ્યા છે પણ તે ભરતકથિત વિનિયોગમાં જોવા મળતાં નથી.


અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં હંસપક્ષ હસ્તની ઉત્પત્તિકથા મળે છે તદાનુસાર તાણ્ડવનૃત્યની રજૂઆત સાથે તણ્ડુ દ્વારા આ મુદ્રાનો ઉપયોગ થયો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચલિત બની. તેના દેવતા કામ દેવ, જાતિ અપ્સરા અને વર્ણ નીલવર્ણ માનવામાં આવ્યો છે.

( ૨૧ )


સન્દંશ :

સન્દંશ હસ્તમુદ્રાનું લક્ષણ નિરુપતા ભરતમુનિ કહે છે કે '' જો અરાલ હસ્તમાં અર્થાત તર્જની આંગળી નમેલી હોય, અંગૂઠો સંકોચાયેલો હોય અને બાકીની આંગળીઓ તેનાથી અલગ અને ઊર્ધ્વ હોય તેવા હસ્તમાં તર્જની અને અંગૂઠાના ટેરવા જોડી હથેળી થોડી નમાવવામાં આવે તો સન્દંશ હસ્ત બને છે.


( અધ્યાય-૯ શ્લોક ૧૦૮ )



હંસાસ્ય



હંસપક્ષ



સન્દંશ

ભરતમુનિના મત પ્રમાણે સન્દંશ હસ્તમુદ્રામાં તર્જની અને અંગૂઠાના ટેરવા જોડાયેલાં હોય છે. બાકીની આંગળીઓ તેનાથી પૃથક્ અને ઉર્ધ્વ હોય છે તથા હથેળી થોડી નમેલી હોય છે.

ભરતમુનિ રસ અને ભાવ પ્રમાણે સન્દંશ હસ્તના ત્રણ પ્રકાર જણાવે છે (૧) અગ્રજ અર્થાત સામે રહેનાર (૨) મુખજ અર્થાત મુખની સમીપ રહેનાર (૩) પાર્શ્વગત્ અર્થાત પડખે રહેનાર.

અગ્રજ સન્દંશ હાથ વડે પુષ્પો એકત્ર કરવાનો ભાવ તેમજ માળા ગૂંથવાની ક્રિયા સાંકેતિકપણે રજૂ કરી શકાય છે. તે ઉપરાંત તૃણ, પર્ણ, કેશ તથા સૂત્ર ગ્રહણ, કાંટાની અણી ગ્રહણ કરવી અર્થાત ખેંચી કાઢવી તથા બાણ ખેંચવાનો અર્થ પ્રગટ કરી શકાય છે.

મુખ સન્દંશ હાથ વડે પુષ્પને ડીંટીએથી ચૂંટવું, દીવામાં વાટ ગોઠવવી અથવા વાટ સરખી કરવી, વાસણમાં કશુંક ભરવું તથા ધિક્કાર વચન અને ક્રોધ સાંકેતિકપણે રજૂ કરી શકાય છે. બે મુખ સંદંશ હાથ મિલાવવાથી યજ્ઞોપવીત ધારણ કરવું, રત્ન વિગેરે વીંધવા, પ્રત્યંચા, બાણ કાઢી, યોગ, ધ્યાન તથા નાની વસ્તુઓ સૂચિત કરી શકાય છે.

પ્રાર્શ્વગત સન્દંશ હસ્તમુદ્રામાં સન્દંશ હસ્તના અગ્રભાગને ધીરે ધીરે ડાબી બાજુ વાળવાથી કોમળતા, અસૂયા તથા દોષપૂર્ણ શબ્દોની અભિવ્યક્તિ સધાય છે.

સ્ત્રીઓ દ્વારા સન્દંશ હસ્તમુદ્રાનો પ્રયોગ કરવામાં આવે તો તેના વડે ચિત્રલેખન, નેત્ર અંજન, પત્રલેખા (શરીર પર પાંદડાં દોરવાં) પગ રંગવા વિગેરે ક્રિયાઓ સાંકેતિકપણે રજૂ કરી શકાય છે.

અભિનયદર્પણમાં સન્દંશ હસ્તનું લક્ષણ આ પ્રમાણે નિરુપવામાં આવ્યું છે. જો પદ્મકોશ મુદ્રામાં આંગળીઓ વારંવાર પ્રસારી સંકોચવામાં આવે તો નૃત્ય કોવિદો અનુસાર તે સન્દંશ હસ્ત બને છે. સન્દંશ હસ્ત વડે ઉદર, દેવી દેવતાઓને ભેટ ચઢાવવી, ઘા, કીટાણું પૂજા તથા પાંચની સંખ્યા દર્શાવી શકાય છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં સન્દંશ હસ્તની ઉત્પત્તિ કથા મળી આવે છે. તે પ્રમાણે આ મુદ્રાનો પ્રયોગ ભગવતી વીણાપાણી સરસ્વતી દ્વારા કરવામાં આવ્યો હતો. તેના દેવતા વાલ્મિકિ જાતિ વિદ્યાધર તથા વર્ણ શ્વેત માનવામાં આવ્યો છે.

આ હસ્તમુદ્રા 'જ્ઞાનમુદ્રા' સ્વરૂપે અનેક પ્રાચીન મૂર્તિ, શિલ્પોમાં મળી આવે છે.

( ૨૨ )

મુકુલ :

મુકુલ એટલે ખીલતી કળી. અહીં હાથનો આકાર ખીલતી કળી જેવો અભિપ્રેત હોવાનું જણાય છે.

મુકુલ હસ્તમુદ્રાનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે '' જો હંસાસ્ય મુદ્રા યુક્ત હસ્તમાં બધી આંગળીઓ ઉર્ધ્વ, એક બીજાથી જોડાયેલી તેમજ વળેલી રહે તો મુકુલ હસ્તમુદ્રા કહેવાય છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૧૫)

મુકુલ હસ્તમુદ્રા વડે દેવપૂજન, બલિપ્રદાન, કમળની કળી, પોયણી, તિરસ્કારનો ભાવ, વિવિધ વસ્તુઓ, ભોજનગ્રહણ, સુવર્ણમુદ્રાઓની ગણતરી, મુખસંકોચ, વસ્તુપ્રદાન, શીઘ્રતા, પુષ્પકળી તથા વિટચુમ્બન દર્શાવી શકાય છે. વિટચુમ્બનનો અર્થ સ્પષ્ટ કરતા અભિનવગુપ્ત જણાવે છે કે વિટ (પાત્રનો પ્રકાર) પોતાનાજ મુકુલ મુદ્રાવાળા હસ્તને ચુમે તે. અહીં વિટ પોતાના મુકુલ મુદ્રાવાળા હાથને ચૂમીને કોઇ પ્રમદાને એવો ઇશારો કરે છે કે હું તારું ચુંબન ચાહું છું.

કામસૂત્રમાં વર્ણવવામાં આવેલ 'આચ્છુરિતક' વિટ ચુંબન દ્વારા દર્શાવી શકાય છે. આચ્છુરિતક એટલે જેમાં પ્રમદાના સ્તન તેમજ દાઢી પાંચ આંગળીઓના નખસ્પર્શ દ્વારા ખોતરવાં.

અભિનયદર્પણમાં મુકુલ હસ્તમુદ્રાનું લક્ષણ આ પ્રમાણે નિરુપવામાં આવ્યું છે. જો પદ્મકોષ હસ્તમાં પાંચે આંગળીઓ ભેગી કરી પ્રદર્શિત કરવામાં આવે તો ભરતનાટ્યશાસ્ત્રના

નિર્દેશ અનુસાર, મુકુલ હસ્ત કહેવાય છે. તેના વડે કુમુદ, ભોજન, કામદેવ, મુદ્રાધારણ, નાભિ તથા કદલી પુષ્પનો ભાવ વ્યક્ત કરી શકાય છે.

અન્ય શાસ્ત્રીયગ્રંથોમાં મુકુલ હસ્તની ઉત્પત્તિ કથા મળે છે તે અનુસાર વાયુપુત્ર હનુમાન દ્વારા સૂર્યને હડપવા માટે આ હસ્તનો પ્રયોગ કરવામાં આવ્યો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચલિત બની. તેના દેવતા ચન્દ્ર, જાતિ સંકીર્ણ તથા વર્ણ શ્વેત માનવામાં આવ્યો છે.

( ૨૩ )

<u>ઊર્ણનાભ :</u>

ઊર્ણનાભ એટલે કરોળિયો. અહીં હાથનો આકાર કરોળિયા જેવો હોવાનું જણાય છે.

'ઊર્ણનાભ હસ્તમુદ્રાનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે ''જો પદ્મકોશ હાથમાં બધી આંગળીઓ સંકોચવામાં આવે તો ઊર્ણનાભ હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૧૮)

ઊર્ણનાભ હસ્ત વડે કેશગ્રહણ તથા ચોરાયેલી વસ્તુનું ગ્રહણ, માથું ખંજવાળવું, કોઢનો રોગ, સિંહ, વાઘ જેવા હિંસક પ્રાણીઓ, ચોરાયેલી વસ્તુ તથા પત્થર ઉઠાવવાનો ભાવ સાંકેતિક રીતે રજૂ કરી શકાય છે. સિંહ, વાઘનો અભિનય કરતી વેળા સ્વસ્તિક હાથને ચિબુક ક્ષેત્રમાં લઇ જઇ શકાય. સિંહ, વાઘ વિગેરે પ્રાણીઓ પોતાના હાથ સ્વસ્તિકાકારે રાખી બેસે છે. જેનાથી આસન પર તેમના નખ રાખેલા જોવા મળે છે. ભરતમુનિ, વિનિયોગના એક ભાગ રુપે પ્રસ્તર શબ્દનો પ્રયોગ કરે છે. પ્રસ્તરનો અર્થ પાષાણ અર્થાત પત્થર તથા કસોટીનો પત્થર પણ થાય છે. કેટલાક વિદ્વાનો પ્રસ્તરનો અર્થ દર્ભછટા પણ કરે છે.

<u>અભિનયદર્પણમાં</u> ઊર્ણનાભ હસ્ત વર્ણવવામાં આવ્યો નથી. <u>નાટ્યશાસ્ત્રસંગ્રહમાં</u> ભરતકથિત વિનિયોગ ઉપરાંત ચોરી પકડી પાડવી તથા વાળ પકડવાના વિનિયોગ પણ દર્શાવવામાં આવ્યા છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં ઊર્ણનાભ હસ્તની જે ઉત્પત્તિકથા મળે છે તે અનુસાર

હિરણ્યકશ્યપના વધ સમયે નૃસિંહ ભગવાને આ હસ્તનો પ્રયોગ કર્યો ત્યારથી આ હસ્તમુદ્રા પ્રચલિત બની. તેના દેવતા ઇન્દ્ર, જાતિ દેવ તથા વર્ણ શ્વેત માનવામાં આવ્યા છે.

( ૨૪ )

નાગ્રચૂડ :

નાગ્રચૂડ હસ્તમુદ્રાનું લક્ષણ વર્ણવતા ભરતમુનિ કહે છે " મધ્યમાં આંગળી અને અંગુઠાના ટેરવાં પરસ્પર અડકેલાં હોય, તર્જની આંગળી વાંકો વાળવામાં આવી હોય તથા બાકીની બે આંગળીઓ અર્થાત અનામિકા અને કનિષ્ઠિકા હથેળીમાં વાળવામાં આવે તો તાગ્રચૂડ હસ્ત બને છે. (અધ્યાય ૯ શ્લોક ૧૨૦)


જેના મસ્તકની શિખા અર્થાત ચોટલી ખુલ્લી હોય અર્થાત વાળેલી ના હોય એવા કુક્કુટ પક્ષી અર્થાત કુકડાના આકારનો હસ્ત થવાને લીધે આ હસ્ત તાગ્રચૂડ કહેવાય છે. એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

ભરતમુનિના મતે તાગ્રચૂડ મુદ્રાયુક્ત હસ્ત વડે કાલગણનાના ઘટકો જેવા કે કલા, કાષ્ઠા, નિમેષ તથા ક્ષણનું સૂચન થઇ શકે છે. આ ઉપરાંત યુવતી બાળાથી સંભાષણ તથા તેને આમંત્રણ આપવાનો ભાવ પ્રગટ કરવા માટે પણ તાગ્રચૂડ હસ્તનો પ્રયોગ થઇ શકે છે.


તાગ્રચૂડ હસ્તને ઝટકા સાથે નીચે ફેંકવામાં આવે તો તેના વડે ધમકાવવું, તાલનો અન્ત, વિશ્વાસ-દાન, શીઘ્રતા તથા ઇશારો કરવો વિગેરે ભાવ સાંકેતિક પણે પ્રગટ કરી શકાય છે.

તાગ્રચૂડ હસ્તનું અન્ય લક્ષણ વર્ણવતા ભરતમુનિ જણાવે છે કે જો હાથની આંગળીઓ પરસ્પર એક બીજાને અડકતી હોય તથા વાંકી વાળેલી હોય અને તેના ઉપર અંગુઠો દાબવામાં આવ્યો હોય તથા કનિષ્ઠિકા અર્થાત ટચલી આંગળી લાંબી કરવામાં આવે તો તેનાથી પણ તાગ્રચૂડ હસ્ત બને છે.


(અધ્યાય-૯ શ્લોક ૧૨૪)



મુકુલ



ઊર્ણનાભ



તામ્રચૂર્ણ

આ લક્ષણવાળા તામ્રચૂડ હાથ વડે સો, હજાર, લાખની સંખ્યા તથા સુવર્ણમુદ્રાઓ સાંકેતિકપણે રજૂ કરી શકાય છે. આ લક્ષણવાળા તામ્રચૂડ હાથની આંગળીઓ ઝડપથી ધ્રુજાવવામાં આવે તો તેનાથી આગના તણખા તેમજ ફોરાં દર્શાવી શકાય છે.

અભિનયદર્પણમાં તામ્રચૂડ હસ્તનું લક્ષણ આ પ્રમાણે વર્ણવવામાં આવ્યું છે. જો મુકુલ હસ્તમાં તર્જની આંગળી હથેળીને સ્પર્શ ન કરે તેવી રીતે વાળવામાં આવે તો તેને તામ્રચૂડ હસ્ત કહેવામાં આવે છે. તેના વડે મરઘો, બગલો, કાગડો, ઊંટ, વાછડો તથા લેખની સાંકેતિકપણે રજૂ કરી શકાય છે.

અન્ય શાસ્ત્રીય ગ્રંથોમાં તામ્રચૂડ હસ્તની ઉત્પત્તિ સંબંધી જે કથા મળે છે તે અનુસાર જ્યારે ત્રણે વેદ પૂર્ણ થઇ ગયા ત્યારે તે બ્રહ્મા સમક્ષ ઉપસ્થિત થઇ તેમને પ્રાર્થના કરવા લાગ્યા. આ પ્રસંગે આ હસ્તનો ઉપયોગ તેમણે કર્યો ત્યારથી આ હસ્ત પ્રચારમાં આવ્યો. તામ્રચૂડ હસ્તના દેવતા કુર્માવતાર જાતિ ક્ષત્રિય તથા વર્ણ રક્ત અર્થાત લાલ માનવામાં આવ્યો છે.

## અસંયુત હસ્ત: અન્ય ગ્રંથોમાં

ભરતમુનિ કુલ ૨૪ પ્રકારના અસંયુત હસ્ત નિરૂપે છે. નન્દિકેશ્વર, અભિનયદર્પણમાં અસંયુત હસ્તના ૩૨ જેટલા ભેદ ગણાવે છે. ભરતમુનિ નિરૂપિત ઊર્ણનાભ અસંયુત હસ્તનું લક્ષણ અભિનયદર્પણમાં નથી. નન્દિકેશ્વર દ્વારા નિરૂપિત અન્ય ૯ અસંયુત હસ્ત આ પ્રમાણે છે. (૧) અર્ધપતાક (૨) મયૂર (૩) ચન્દ્રકલા (૪) સિંહમુખ (૫) ત્રિશૂલ (૬) વ્યાઘ્ર (૭) અર્ધસૂચી (૮) કટક (૯) પલ્લી.

સંગીતરત્નાકરમાં અસંયુત હસ્તના ૨૪ ભેદ નિરૂપવામાં આવ્યા છે જેના લક્ષણ તથા વિનિયોગ ભરતાનુસારી છે.

નાટ્યશાસ્ત્રસંગ્રહમાં ભરતમુનિ નિરૂપિત ૨૪ તથા નન્દિકેશ્વર વર્ણિત ૫ એમ કુલ ૨૯ અસંયુત હસ્ત નિરૂપવામાં આવ્યા છે.

નૃત્યાધ્યાયમાં ભરતમુનિ નિરુપિત પતાક, મૃગશીર્ષ, હંસપક્ષ તથા સર્પશીર્ષ એ ચાર અસંયુત હસ્ત સિવાય અન્ય ૨૦ અસંયુત હસ્ત નાટ્યશાસ્ત્ર અનુસાર નિરુપવામાં આવ્યા છે.

## સંયુત હસ્ત

બંને હાથના પરસ્પર સંશ્લેષ અથવા યોગથી નિર્મિત હસ્ત સંયુત હસ્ત કહેવાય છે. સંયુત હાથમાં બંને હાથ પરસ્પર સંશ્લિષ્ટ થાય છે. જેમ અસંયુત હસ્ત વર્ણમાળાનો એક અક્ષર માનવામાં આવે છે તેમ સંયુત હસ્તને સંયુક્તાક્ષર માનવામાં આવે છે. જો કે સંયુત હસ્તની રચના અસંયુત હસ્ત દ્વારાજ થતી હોવાથી તેને અસંયુત હસ્તથી ઓછા મહત્વના ગણવામાં આવે છે. કેટલાક ગ્રંથોમાં માત્ર અસંયુત હસ્તનુંજ નિરુપણ મળે છે. કથકલિના પરંપરાગત આધાર ગ્રન્થ 'હસ્તલક્ષણ દીપિકા'માં અસંયુત હસ્તને હસ્તાભિનયનો એકમ ગણી માત્ર અસંયુત હસ્તભેદ ગણાવવામાં આવ્યા છે, સંયુત હસ્તભેદ નહીં. તેનું કારણ એ જણાય છે કે વિભિન્ન હસ્તભેદોમાં અસંયુત હસ્તનુંજ વધારે મહત્વ છે. કારણ કે અસંયુત હસ્તના પરસ્પર સંયોગથી સંયુત હસ્ત બને છે. એનાથી એ વાતનો પણ અણસાર મળે છે કે અસંયુત હસ્તમાં સંયુત હસ્તનો સમાવેશ થઇ શકે છે તથા જે અર્થ બંને હાથ મિલાવવાથી દર્શાવવામાં આવે છે તેને પૃથક રહેલા અસંયુત હાથ વડે પણ દર્શાવી શકાય છે. દા.ત. અંજલિ નામના સંયુત હસ્ત દ્વારા વંદન, નમસ્કારનો ભાવ દર્શાવવામાં આવે છે. આજ ભાવ બે પતાક હસ્ત મેળવવાથી પણ દર્શાવી શકાય છે.

આમ છતાં પ્રયોગમાં બંને હાથ મિલાવવા અભિષ્ટ હોય તો સંયુત હસ્તનો પ્રતિષેધ સંભવિત નથી અને ઉચિત પણ નથી. આજ કારણે સંયુત હસ્તનું સ્વરુપ તથા તેના દ્વારા પ્રગટ થતાં ભાવો ભરતમુનિએ વિસ્તારથી વર્ણવ્યા છે. સંયુત હસ્તનો નાટ્ય વિગેરેમાં અસંયુત હસ્તની અપેક્ષા ભિન્ન સ્વરુપે પ્રયોગ થવો અપેક્ષિત હોવાથી પણ ભરતમુનિએ સંયુત હસ્તના વિભિન્ન ભેદ નિરુપ્યા છે.

ભરતમુનિ સંયુત હસ્તના ૧૩ ભેદ વર્ણવે છે જે આ પ્રમાણે છે.

(૧) અંજલિ (૨/ કપોત (૩) કર્કટ (૪) સ્વસ્તિક (૫) કટકાવર્ધમાનક (૬) ઉત્સંગ (૭) નિષધ (૮) દોલા (૯) પુષ્પપુટ (૧૦) મકર (૧૧) ગજ દન્ત (૧૨) અવહિત્થ (૧૩) વર્ધમાન.

(શ્લોક ૮ થી ૧૦)

( ૧ )

અં જ લિ :

ભરતમુનિના મત પ્રમાણે '' બે પતાક મુદ્રાવાળા હાથ એકબીજાને જોડેલા રાખવામાં આવે તો અંજલિ હસ્ત બને છે, અને તેનો પ્રયોગ દેવતા, ગુરુજન તથા મિત્રોના અભિવાદનમાં કરવામાં આવે છે.''

(અધ્યાય-૯ શ્લોક ૧૨૬)

અંજલિ મુદ્રાયુક્ત હસ્તને શિરસ્થ રાખવાથી દેવતાઓનું અભિવાદન સૂચવાય છે. અંજલિ મુદ્રાવાળા હાથને મુખની સામે રાખવાથી ગુરુજનોનું અભિવાદન સૂચવી શકાય છે. અંજલિ મુદ્રાયુક્ત હાથને વૃક્ષ:સ્થલ પર રાખવામાં આવે તો તેના વડે મિત્રોનું અભિવાદન સૂચિત કરી શકાય છે. શેષ વ્યક્તિઓ માટે કોઇ નિયત પ્રદેશ નથી. સ્ત્રીઓના અભિવાદન માટે કોઇ નિયમ નથી.

અભિનયદર્પણમાં અંજલિ હસ્તનું લક્ષણ આ પ્રમાણે નિરુપવામાં આવ્યું છે. પતાક હસ્ત મુદ્રા બનાવી બંને હથેળીઓ પરસ્પર જોડવામાં આવે તો તેને અંજલિ હસ્ત કહેવામાં આવે છે. દેવતા, ગુરુ તથા બ્રાહ્મણને નમસ્કાર કરતી વખતે અંજલિ હસ્તનો પ્રયોગ કરવામાં આવે છે. નાટ્યશાસ્ત્રીઓનો નિર્દેશ છે કે દેવતાને નમસ્કાર કરતી વખતે અંજલિ હાથ માથા ઉપર લઇ જવો જોઇએ પરંતુ ગુરુને નમસ્કાર કરતી વેળા અંજલિ હાથને મુખ ઉપર તથા બ્રાહ્મણને નમસ્કાર કરો ત્યારે અંજલિ હાથ હૃદય ઉપર મુકવો જોઇએ. આમ નન્દિકેશ્વર

અંજલિ હસ્તના લક્ષણ અને વિનિયોગ જણાવતી વખતે ભરતમુનિને અનુસરે છે. ફરક માત્ર એટલો કે ભરતમુનિ મિત્રના અભિવાદનમાં અંજલિ હાથ વૃક્ષ:સ્થલ પર રાખવાનું જણાવે છે જ્યારે નન્દિકેશ્વર બ્રાહ્મણના અભિવાદન માટે એવો હાથ પ્રયોજવાનું જણાવે છે.

( ૨ )

કપોત :

ભરતમુનિ જણાવે છે તેમ ''જે હાથને (કેટલાક વિદ્વાનોના મતે બે અંજલિ હાથને તો કેટલાકના મત પ્રમાણે બે સર્પશીર્ષ હાથને) પરસ્પર બંને બાજુએથી જોડવામાં આવે તો કપોત મુદ્રા બને છે.''

(અધ્યાય-૯ શ્લોક ૧૨૯)

કપોત શબ્દની વ્યુત્પત્તિ છે 'કમ્પતે ઇતિ કપોતઃ' જે કાંપે છે તે કપોત. ભીરુ પક્ષી કાંપે છે એટલે કપોત અર્થાત ડરપોક પક્ષી. કબૂતર હોલો વિગેરે આવાં પક્ષી છે. કપોત એ ભીરુતાનું ડરપોકપણાનું પ્રતીક બની રહે છે એટલે કપોત હસ્ત વડે ડરપોક વ્યકિતનું સૂચન થઇ શકે છે. સ્ત્રીઓના સ્તન કંપનયુકત હોવાને લીધે તેનું સૂચન પણ કપોત વડે થાય છે. અહીં ડાયબા જેવો આકાર પણ અભિપ્રેત હોવાથી તેને 'કુંભક' પણ સમજવામાં આવે છે.

ભરતમુનિના મત પ્રમાણે કપોત હસ્તનો પ્રયોગ વિનમ્રતા વિગેરે સૌજન્યપૂર્ણ ભાવ બતાવવા માટે તેમજ પૂજનીય વ્યકિતને પ્રણામ કરવામાં તેમજ તેમની સાથે વાતચીત કરવામાં કરી શકાય. કપોત હસ્ત વડે શીત અર્થાત ઠંડી તેમજ ભયનો ભાવ પ્રગટ કરવામાં સ્ત્રીઓએ કપોત મુદ્રાવાળા હાથને વૃક્ષ:સ્થલ પર મૂકવો જોઇએ.

કપોત મુદ્રાવાળા હાથની આંગળીઓ પરસ્પર અડકાડી છૂટી પાડવામાં આવે તો તેના વડે ભિન્ન વચન, 'આટલું કરો' 'આ અત્યારે ના કરશો' વિગેરે અર્થ પણ પ્રગટ કરી શકાય છે.

<u>અભિનયદર્પણ</u> પ્રમાણે અંજલિ હસ્ત એ અવસ્થામાં કપોત હસ્ત કહેવાય છે જ્યારે બે પતાક હસ્તને કેવળ કાંડાથી અને આંગળીઓના ટેરવાથી જોડવામાં આવે અને હથેળીઓ વચ્ચે પોલાણ રહે. તેનો પ્રયોગ પ્રણામ કરવામાં, ગુરુ સાથે વાતચીત કરવામાં તથા સવિનય સ્વીકૃતિમાં કરવો જોઇએ.

( ૩ )

<u>કર્કટ :</u>

કર્કટ એટલે કરચલો. અહીં કરચલા જેવો હાથનો આકાર અભિપ્રેત છે.

ભરતમુનિના મત પ્રમાણે બંને હાથની આંગળીઓ પરસ્પર બે આંગળીઓના પોલાણમાંથી-બે આંગળીઓની વચ્ચેની જગ્યામાંથી પસાર કરી (હથેળીઓ જોડેલી રાખવામાં આવે તો ) કર્કટ હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૩૨)

કર્કટ હસ્તનો પ્રયોગ કરવાથી કામવાસનાના મદમાં અંગો મરોડવા 'મંદનાંગમર્દન', ઉંઘોને ઉંડો બગાસું ખાવું, વિશાળ શરીર, હનુધારણ અર્થાત દાઢીને હાથથી સહારો આપવો તથા શંખ ગ્રહણ કરવો વિગેરે અર્થ સાંકેતિકપણે પ્રગટ કરી શકાય છે. બૃહદાકાર દેહ દર્શાવવા કર્કટ હસ્તને પેટની પાસે તથા હનુધારણનો અર્થ પ્રગટ કરવા માટે કર્કટ હસ્ત ઉપર દાઢી ગોઠવવી જોઇએ.


<u>અભિનયદર્પણ</u> પ્રમાણે જે સંયુક્ત હસ્તમા આંગળીઓ પરસ્પર ગૂંથાઇને કાં તો અંદર હથેળીની તરફ અવસ્થિત હોય અથવા પાછળની બાજુએ બહાર નીકળી હોય તો તેને કર્કટ હસ્ત કહેવામાં આવે છે. સમૂહનું આગમન, પેટનુ પ્રદર્શન, શંખ વગાડવો, અંગો મરડવા તથા ડાળી ઝુકાવવી વિગેરે અર્થો પ્રગટ કરવા માટે કર્કટ હસ્તનો ઉપયોગ કરવામાં આવે છે.

( ૪ )


<u>સ્વસ્તિક :</u>

સ્વસ્તિક એટલે સાથિયો. અહીં હાથનો સાથિયા જેવો આકાર અભિપ્રેત છે.


યુત હસ્ત



અંજલિ



કપોત



કર્કટ

સ્વસ્તિક હસ્તનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે બે અરાલ હસ્તને પહોંચા આગળથી- કાંડા આગળથી જોડી ડાબી બાજુએ ઉત્તાન અર્થાત ચત્તા રાખવામાં આવે તો સ્વસ્તિક મુદ્રા બને છે. આ મુદ્રાનો પ્રયોગ સ્ત્રીઓએ કરવો જોઇએ.

(અધ્યાય-૯ શ્લોક ૧૩૪)

બંને હાથ વડે સ્વસ્તિક કરી તેને હઠાવી લેવામાં આવે તો તેના વડે દિશાઓ આકાશ, વન, સમુદ્રો, ઋતુઓ, પૃથ્વી, વેગ તથા અન્ય વિસ્તીર્ણ પદાર્થ સાંકેતિકપણે દર્શાવી શકાય છે.

સ્વસ્તિક બે પ્રકારનો હોય છે. એક શુધ્ધ સ્વસ્તિક તથા બીજો મુષ્ટિકાસ્વસ્તિક રુપે વિશિષ્ટ સ્વસ્તિક, અભિનવગુપ્ત જણાવે છે કે જ્યાં શુધ્ધ સ્વસ્તિક પદનું ઉપાદાન હોય છે ત્યાં આવો મણિબન્ધન્યાસ સન્નિવેશ માનવો જોઇએ. જેમ કે ચિન્તાના અભિનયમાં. અર્ધ તેમજ પ્રકરણ વિગેરેના આધારે અન્ય પ્રદેશોમાં પણ આજ પ્રવૃત્તિ રાખવી જોઇએ. જેમ કે 'સ્વસ્તિક વિચ્યુતિ'થી પતાકની સાથે પણ આ હસ્તનો પ્રયોગ કરવામાં આવે છે. કાંડા ઉપર સામેની બાજુએ રાખવાનું લક્ષણ પણ કેટલાક વિદ્વાનો જણાવે છે. સ્વસ્તિકના લક્ષણ તથા સ્વરુપવાળો હોવાને લીધે તેને 'સ્વસ્તિક' કહે પણ છે.

અભિનયદર્પણ પ્રમાણે જ્યારે પતાક હસ્તમુદ્રાવાળા બંને હાથોને કાંડા આગળ બાંધી ઉત્તાન રાખવામાં આવે તો તેને સ્વસ્તિક હસ્ત કહેવામાં આવે છે તથા તેના વડે મકર અર્થાત મગર અથવા મગરમચ્છનું સૂચન કરી શકાય છે.

( ૫ )

કટકા (ખટકા) વર્ધમાનક :

કટકાવર્ધમાનક સંયુક્ત હસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે

'' બે કટકામુખ હસ્તને એક બીજાના કાંડા ઉપર સ્વસ્તિક દશામાં રાખવામાં આવે તો કટકાવર્ધમાનક મુદ્રા બને છે. ''

(અધ્યાય ૯ / ૧૩૬ )

આ મુદ્રામાં બે કટક (ખટક) અભિમુખ દર્શાવ્યાં હોય છે. કટકની ઉપર કટક હોવાથી કટકાવર્ધમાનક નામાભિધાન થયું છે.

ભરતમુનિ કટકાવર્ધમાનક હસ્તનો પ્રયોગ શૃંગારના ભાવો તથા પ્રણામ કરવામાં પ્રયોજવાનું જણાવે છે. પાઠપ્રક્ષેપથી કુમુદ, ઉત્પલ અર્થાત કમળ અને કુન્દ પુષ્પો તથા શંખ ધારણ કરવાનો ભાવ પ્રગટ કરવા માટે કટકાવર્ધમાનક હસ્ત પ્રયોજવાનું વિધાન પણ મળે છે.

શૃંગારના પ્રયોજનવાળા કાર્યો જેમ કે તામ્બુલગ્રહણ આદિમાં કટકાવર્ધમાનક હસ્ત પ્રયોજવાનું વિધાન છે. ગતિપ્રચાર નામના અધ્યાયમાં ભરતમુનિ 'કટકાવર્ધમાનક હાથ રાખી વિટની ચાલમાં ચાલવું 'એવું વિધાન કરે છે. પોતાની સ્વામિનીને પ્રસન્ન કરવા માટે થતાં પ્રણામમાં આ હસ્તનો પ્રયોગ કરવો જોઇએ.


અભિનયદર્પણમાં કટકાવર્ધમાનક હસ્તનો પ્રકાર વર્ણવવામાં આવ્યો નથી. કટકાવર્ધન એવું નામાભિધાનવાળો હસ્ત મળે છે અને તેનું લક્ષણ કટકાવર્ધમાનકને મળતું આવે છે જેમ કે નાટ્યાચાર્યોનો એવો મત છે કે જો કટકામુખ હસ્તમુદ્રામાં બંને હાથના કાંડાને સ્વસ્તિક હસ્ત મુદ્રામાં પ્રદર્શિત કરવામાં આવે તો તેને કટકાવર્ધન હસ્ત કહે છે આમ ભરતમુનિ જેને કટકાવર્ધમાનક હસ્ત કહે છે તેને નન્દિકેશ્વર કટકાવર્ધન હસ્ત તરીકે ઓળખાવે છે અને તેનો પ્રયોગ રાજ્યાભિષેક, પૂજા, અર્ચના તથા વિવાહ આદિ કાર્યોમાં કરવાનું સૂચવે છે.

( ૬ )


**ઉત્સંગ :**

ઉત્સંગ એટલે ખોળો. અહીં ખોળાના આકાર અભિપ્રેત છે. ભરતમુનિ ઉત્સંગ સંયુક્ત હસ્તનું લક્ષણ નિરુપતા કહે છે કે '' જો બે અરાલ હસ્ત ઉત્તાન તેમજ સ્વસ્તિક દશામાં બંને ખભા ઉપર રાખવામાં આવે તો ઉત્સંગ મુદ્રા બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૩૭)


ભરતમુનિએ ઉત્સંગ હસ્તનું લક્ષણ નિરુપતી વેળા વિપર્યસ્તત્વ શબ્દનો પ્રયોગ કર્યો છે. વિપર્યસ્તત્વનો આશય છે સ્વસ્તિકાકાર. એટલે કે જમણો હાથ ડાબા ખભાના વિસ્તારમાં



સ્વસ્તિક



કટકાવર્ધમાનક



ઉત્સંગ

રાખવો જેનાથી પ્રકોષ્ઠ સ્વસ્તિકત્વનો ખંડિત થાય છે. અન્ય મત પ્રમાણે સ્વસ્તિકની દક્ષિણ પાર્શ્વમાં સ્થિતિ એજ વિપર્યસ્તત્વ છે તથા બીજા તેને અધોમુખત્વ પણ માને છે. અભિનવગુપ્ત આ સંદર્ભમાં જણાવે છે કે જ્યારે કુર્પર અર્થાત હાથની કોણીઓ સ્વસ્તિક આકારે રાખો પ્રવેશ રહિત સ્થાનથી આંગળીઓ બહારની તરફ હોય અને હાથનો પૃષ્ઠભાગ બહિર્મુખ હોય તો તેનેજ વિપર્યસ્તત્વ કહે છે. ઉત્સંગમાં લેવાની યોગ્યતા હોવાથી તેનું 'ઉત્સંગ' નામ સાર્થક છે. સ્પર્શસ્થ અર્થાત જે પરોક્ષભૂત વસ્તુ છે તેનો સ્પર્શ કરવાના અભિનયમાં આવા ઉત્સંગ હસ્તનો પ્રયોગ થાય છે. ઉત્સંગ હસ્ત/વડે અતિશય પ્રયત્નો પછી નિષ્પન્ન થતાં કાર્યો, રોષ તથા ઈર્ષ્યા, કોઈ પદાર્થને દબાવવાનો ભાવ તથા સ્ત્રીઓની ઈર્ષ્યા સાંકેતિક રીતે બતાવી શકાય છે.

અભિનયદર્પણમાં ઉત્સંગ સંયુત હસ્તનું વિવરણ મળે છે તે અનુસાર જો મૃગશીર્ષ હસ્તમુદ્રામાં બંને હાથને એક બીજાની બાજુઓ ઉપર રાખવામાં આવે તો તેને ઉત્સંગ હસ્ત કહેવામાં આવે છે. આલિંગન આપવું, લજ્જાનો અનુભવ કરવો, ભુજબન્ધ (કેયુર) બનાવવું તથા બાળકોને ઉપદેશ આપવાનો અર્થ પ્રગટ કરવા માટે ઉત્સંગ હસ્તનો ઉપયોગ કરવાનું નન્દિકેશ્વર જણાવે છે.

( ૭ )

નિષધ :

નિષધ સંયુત હસ્તનું લક્ષણ જણાવતાં ભરતમુનિ કહે છે કે જો ડાબો હાથ જમણી ભુજા ઉપર રાખવામાં આવે અને જમણો હાથ ડાબી ભુજા ઉપર રાખવામાં આવે અને જમણો હાથ મુષ્ટિ હસ્તમુદ્રામાં રહે તો નિષધ હસ્ત બને છે.

(અધ્યાય- ૯ શ્લોક ૧૩૯-૧૪૦)

નિષધની વ્યુત્પત્તિ આ પ્રમાણે સાધવામાં આવી છે. નિષણ્ણં ધત્તે ઇતિ નિષધ:

નિષધ હસ્તમુદ્રા વડે ધૈર્ય, ગર્વ, સૌષ્ઠવ, ઔન્નત્ય, પરાક્રમ, શૌર્ય, આરોપ, ઉચ્ચતા, સ્વાભિમાન, હઠ, સ્તંભ તથા સ્થૈર્ય આદિ ભાવો સાંકેતિકપણે રજુ કરી શકાય છે.

પાઠપ્રક્ષેપથી નિષધ હસ્તના બીજા બે લક્ષણો પણ મળે છે. તદાનુસાર (૧) જો મુકુલ હસ્તને કપિત્થ હસ્તથી વેષ્ટિત કરવામાં આવે તો અર્થાત જો મુકુલ હસ્તને કપિત્થ હસ્તથી વીંટવામાં કે ઢાંકવામાં આવે તો નિષધ હસ્ત બને છે અને તેના વડે સંગ્રહ (અર્થાત શાસ્ત્રનું યોગ્ય રીતે ગ્રહણ અથવા શાસ્ત્રને યોગ્ય અર્થમાં સમજવું તે ) દાન, ગ્રહણ, પ્રતિજ્ઞા, સત્યવચન, સંક્ષેપ અર્થાત સંક્ષિપ્ત એટલે કે યોગ્ય રીતે સ્થાપિત (સમ્યક્ ક્ષિપ્ત) અથવા સંક્ષેપ એટલે સંક્ષેપવત્ દ્રવ્ય, સમેટવું આદિ ભાવ સાંકેતિકપણે રજૂ શકરી શકાય છે. (૨) જો બે વિભિન્ન દિશાઓમાં બે હંસપક્ષ હાથ રાખવામાં આવે 'નિષધ' હસ્ત બને છે. તેના વડે ઝરુખો, બારીથી અથડાવવું વિગેરે દર્શાવી શકાય છે અથવા આવા પ્રસંગોમાં તેનો પ્રયોગ થઇ શકે છે.

અભિનયદર્પણમાં નિષધ હસ્તનો પ્રકાર વર્ણવવામાં આવ્યો નથી.

(૮)

**દોલા :**

દોલા સંયુક્ત હસ્તનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. જો બંને ખભા શિથિલ કરવામાં આવે અર્થાત ઢીલા રાખવામાં આવે અને બે પતાક હસ્તને નીચે લટકતાં રાખવામાં આવે તો તેને દોલા હસ્ત કહે છે અને તેનો પ્રયોગ કરણમાં કરવામાં આવે છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૪૨)

દોલા હસ્તમુદ્રા વડે સંભ્રમ, વિષાદ, મૂર્છા, નશામાં લથડિયા ખાવાં, નશો કર્યો હોય ત્યારે જે આંચકા લાગતા હોય છે તે - મદાભિઘાત, આવેગ, વ્યાધિથી ગ્રસ્ત દશા, શસ્ત્રનો ઘા વાગ્યો હોય તે સ્થિતિ સાંકેતિકપણે રજૂ કરી શકાય છે.

અભિનયદર્પણમાં દોલા હસ્તનું લક્ષણ વર્ણવવામાં આવ્યું છે તે અનુસાર જો બંને પતાક હસ્તને ઘૂંટણે રાખવામાં આવે તો દોલા હસ્ત કહેવામાં આવે છે અને નાટ્યવિદોના મતાનુસાર તેનો ઉપયોગ અભિનયના પ્રારંભમાં કરવામાં આવે છે.

( ૯ )

પુષ્પપુટ :

બે સર્પશીર્ષ હાથની આંગળીઓ બરાબર પાસે પાસે રાખી એ બંને હાથને એક પડખે એક બીજાથી સજ્જડ જોડી દેવામાં આવે તો તેને પુષ્પપુટ હસ્ત કહે છે એવું ભરતમુનિનું વિધાન છે. (અધ્યાય ૯ /૧૪૪)

સર્પશીર્ષ હાથોના પુટથી અર્થાત્ દ્રોણાકાર એટલે કે પડિયાના આકારવાળા હાથ વડે પુષ્પો લેવામાં આવતાં હોવાથી તેને પુષ્પપુટ કહેવામાં આવે છે.

પુષ્પપુટ હસ્ત વડે ધાન્ય, ફળ, પુષ્પ તથા તેના જેવા અન્ય પદાર્થો ગ્રહણ કરવા અને અર્પણ કરવા-લેવા અને આપવા તથા પાણી લાવવું અને હટાવવું વિગેરે ભાવો સૂચિત કરી શકાય છે.

અભિનયદર્પણમાં પુષ્પપુટનું લક્ષણ આપવામાં આવ્યું છે તે પ્રમાણે જો સર્પશીર્ષ હસ્તમુદ્રામાં બને હાથને (આંગળીઓ સંકોચી) જોડી દેવામાં આવે તો તેને પુષ્પપુટ હસ્ત કહેવામાં આવે છે અને તેનો ઉપયોગ આરતી ઉતારવી તથા ફળ ગ્રહણ કરવું, સંધ્યાવિધિ કરવી, અર્ઘ્ય આપવું તથા મંત્રશક્તિયુક્ત પુષ્પનો ભાવ પ્રગટ કરવા માટે થવો જોઇએ.

( ૧૦ )


મ ક ર :

ભરતમુનિના મતાનુસાર જો બે પતાક હસ્તને તેમના અંગૂઠા ઉંચા રાખી અધોમુખ અર્થાત્ ઉંધા કરી એક બીજા ઉપર રાખવામાં આવે તો મકર હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૪૬)


પ્રસ્તુત હસ્તમાં અંગૂઠા મકર અર્થાત્ મગરના બે કાનની જેમ રહેતા હોવાથી આ હસ્તને મકર નામ આપવામાં આવ્યું છે.

મકર હસ્ત વડે સિંહ, હાથી, ગેંડો, શાર્ક માછલી, મગર, માછલી તથા અન્ય હિંસક પ્રાણીઓ સાંકેતિકપણે રજૂ કરી શકાય છે.


અભિનયદર્પણમાં મકર હસ્તનું લક્ષણ વર્ણવવામાં આવ્યું નથી. નાટ્યશાસ્ત્રસંગ્રહ




નિષધ




પુષ્પપુટ



મકર



દોલા



ગજદન્તા

પ્રમાણે નદીનું પૂર દેખાડવામાં મકર હસ્તનો પ્રયોગ કરવો જોઇએ.

(૧૧)

ગજદન્ત :

અહીં હાથીના દાંત જેવો હાથનો આકાર અભિપ્રેત હોવાનું જણાય છે. ગજદન્ત સંયુક્ત હસ્તનું લક્ષણ વર્ણવતા ભરતમુનિ કહે છે કે જો બે સર્પશીર્ષ હસ્ત સ્વસ્તિક દશામાં એક બીજા ખભા ઉપર રાખવામાં આવે તો ગજદન્ત હસ્તમુદ્રા બને છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૪૯)

પ્રસ્તુત હસ્તમુદ્રામાં ડાબા બાહુમાં જમણો તથા જમણા બાહુમાં ડાબો થાંભલાની જેમ વીંટાળવામાં આવે છે જે હાથીના દાંતનો આકાર ઊભો કરે છે તેથી તેને 'ગજદન્ત' એવું નામાભિધાન આપવામાં આવ્યું છે.

ગજદન્ત હસ્તમુદ્રા વડે વધૂ દ્વારા પાણિગ્રહણ, અતિભારનું વહન, સ્તમ્ભગ્રહણ અર્થાત્ થાંભલો પકડવો, તથા ટેકરી અને પત્થર ઉખેડવાનો ભાવ સાંકેતિકપણે દર્શાવી શકાય છે.

અભિનયદર્પણમાં ગજદન્ત હસ્તનું લક્ષણ નિરુપવામાં આવ્યું નથી.

(૧૨)

અવહિત્થ :

અવહિત્થ એટલે મનોવિકાર છુપાવવા તે.

ભરતમુનિ અવહિત્થ સંયુક્ત હસ્તનું લક્ષણ નિરુપે છે તે અનુસાર જો બે શુકતુણ્ડ હાથને છાતી ઉપર કે છાતીની સામે રાખી ધીરે ધીરે અધોમુખ કરવામાં આવે એટલે કે ધીમે ધીમે તેનું મુખ નીચું કરવામાં આવે તો અવહિત્થ હસ્તમુદ્રા બને છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૫૦)

અવહિત્થ એટલે મનનો ભાવ છુપાવવો તે. અહીં આકાર છુપાવવાનો સંકેત કરવામાં આવતો હોવાથી તેને અવહિત્થ નામ આપવામાં આવ્યું છે.

અવહિત્થ હસ્ત વડે દુર્બલતા, નિશ્વાસ, શરીરના સૌંદર્યનું પ્રદર્શન, શરીરનું પાતળાપણું તથા ઉત્કંઠાનો ભાવ પ્રદર્શિત કરી શકાય છે.

અભિનયદર્પણમાં અવહિત્થ હસ્તનું લક્ષણ નિરુપવામાં આવ્યું નથી.

( ૧૩ )

વર્ધમાન :

વર્ધમાન સંયુત હસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ કહે છે જો મુકુલ હાથને કપિત્થ હાથ વડે લપેટવામાં આવે - વીંટાળવામાં આવે તો વર્ધમાન હસ્તમુદ્રા બને છે.

( અધ્યાય -૯ શ્લોક ૧૪૨)


વર્ધમાન હસ્તનો વિનિયોગ ઝરૂખો અને બારી ખોલવાની ક્રિયાઓમાં કરવો જોઇએ.

ભરતમુનિ વર્ધમાન હસ્તનું એક અન્ય લક્ષણ પણ નિરુપે છે તે પ્રમાણે :


'' બે પરાઙ્મુખ અર્થાત્ એક બીજાથી વિમુખ હંસપક્ષ હાથ રાખવામાં આવે તો તેને પણ વર્ધમાન હસ્ત કહે છે.''

આવા લક્ષણવાળા વર્ધમાન હસ્તને બીજા હાથ વડે દાબવામાં આવે તો તેના વડે વસ્તુનો સંગ્રહ કરવો, વસ્તુ આપવી, ઉધ્ધાર કરવો, સત્યવચન બોલવું તથા સંક્ષિપ્તકરણનો અર્થ દર્શાવી શકાય છે.

વર્ધમાન સંયુત હસ્તનું લક્ષણ અભિનયદર્પણમાં નિરુપવામાં આવ્યું નથી.



અવહિત્થ



વર્ધમાન

## સંયુત હસ્ત: અન્ય ગ્રંથોમાં

'અભિનયદર્પણમાં' સંયુત હસ્તની સંખ્યા ત્રેવીસ (૨૩) મળે છે. જેમાં ભરતમુનિ નિરુપિત અંજલિ, કપોત, કર્કટ, સ્વસ્તિક, કટકાવર્ધમાન, ઉત્સંગ, દોલા તથા પુષ્પપુટ ઉપરાંત શિવલિંગ, કર્તરી સ્વસ્તિક, શકટ, શંખ, ચક્ર, સમ્પુટ, પાશ, કીલક, મત્સ્ય, કૂર્મ, વરાહ, ગરુડ, નાગબન્ધ, ખટ્વા તથા ભેરુડ છે. નાટ્યશાસ્ત્રમાં વર્ણિત મકરહસ્ત અભિનયદર્પણમાં 'મત્સ્ય હસ્ત'ના નામથી મળે છે.

'સંગીત રત્નાકર'માં તથા 'નૃત્યાધ્યાય'માં ભરતમુનિ નિરુપિત ૧૩ સંયુત હસ્તનું પુનઃકથન છે. નાટ્યશાસ્ત્રસંગ્રહ માં ૧૩ સંયુત હસ્ત ઉપરાંત અન્ય મત પ્રમાણે બીજા ૬ સંયુત હસ્ત વર્ણવવામાં આવ્યા છે. (૧) કર્તરી સ્વસ્તિક (૨) સ્વસ્તિક (૩) પતાક સ્વસ્તિક (૪) કલશ (૫) તિલક (૬) વૈષ્ણવ.

## નૃત્તહસ્ત

હસ્તાભિનયના આકર્ષક વિભિન્ન રુપો વડે શોભા લાવવા માટે જે હસ્ત સ્થિતિઓની રચના વિભિન્ન અવસ્થાઓમાં કરવામાં આવે છે તે નૃત્તહસ્ત છે. જો કે તે હાથની વિભિન્ન સ્થિતિઓ અથવા રચના માત્ર હોય છે. તેમના દ્વારા કોઇ અર્થ અથવા ભાવ વ્યંજિત થતો નથી. તે કેવળ અંગભંગ અથવા લાવણ્ય દર્શાવવા માટેજ પ્રયોજાય છે. તેમની રચના સમતુલા Balance ના સિધ્ધાન્ત ઉપર થઇ હોય તેમ લાગે છે. નૃત્તહસ્ત હાથ, પગ તથા શરીરના સામંજસ્યપૂર્ણ સમતુલન દ્વારા અલૌકિક આભાના સર્જનથી લાવણ્ય સાધે છે. તેથી નાટ્યાચાર્ય તેને શોભાધાયિતાને કારણે 'નાટ્યપ્રયોગ અલંકાર' માને છે. તે અભિનેય અર્થમાં વિશ્રાન્તિને અધિક ફેલાવો પ્રભાવી બનાવે છે તથા શાખા તેમજ અંકુરના અભિનયની પૂર્તિ પણ કરે છે. (અભિનવગુપ્ત)

નૃત્તહસ્તની રચના જો કે સંયુત તથા અસંયુત હસ્ત દ્વારાજ થાય છે. તથા ક્યારેક

મિશ્ર પણ, છતાં પણ તેને સંયુત તથા અસંયુત હસ્તથી ભિન્ન માનવામાં આવે છે. (અધ્યાય-૯ શ્લોક ૨૦૩/૨૦૪) નાટ્ય તથા નૃત્યમાં તેમની સંજ્ઞા પ્રમાણે નૃત્તહસ્તનો વિનિયોગ કરવામાં આવે છે. (૨૦૩) નૃત્ત હસ્તનો પ્રયોગ વિશેષપણે 'કરણ'ના નિર્માણ અર્થે થાય છે. પણ અર્થાભિનયના પ્રદર્શન માટે પણ તેનો પ્રયોગ પતાક વિગેરે હસ્તમુદ્રાઓમાં પ્રર્ણ કરવામાં આવે છે.

કરણે તુ પ્રયોક્તવ્યા નૃત્તહસ્તા વિશેષત: ।
તથાર્થાભિનયે ચૈવ પતાકાદ્યા: પ્રયોક્તૃભિ :॥ ૨૦૩ ॥

' પતાક જેવા અભિનયહસ્તના યોગની સાથે અભિનય તથા નૃત્તહસ્તનું મિશ્રણ થશે તથા આવી સ્થિતિમાં નાટ્યની પ્રધાન સ્થિતિ રહેવાથી આવા હસ્તને અભિનયહસ્ત તથા નૃત્તની પ્રમુખતા હોય ત્યારે નૃત્તહસ્ત સમજવો. દાખલા તરીકે નૃત્તાભિનયની સ્થિતિમાં લતાહસ્તનો પ્રયોગ અથવા નૃત્યની સ્થિતિમાં કરિહસ્તનો પ્રયોગ કરવો, આ પ્રમાણે ચતુરસ્ત્ર હસ્તાદિનો પ્રયોગ પણ' ( અભિનવગુપ્ત)

નૃત્તહસ્ત હાથના સંચાલન દ્વારા બનતા હોવાથી તથા તેમનું સ્થિરીકરણ સંભવિત ન હોવાથી નૃત્તહસ્તનું રેખાંકન શક્ય બનતું નથી અને એટલેજ અસંયુત તથા સંયુત હસ્તના રેખાચિત્રો મળે છે. જ્યારે નૃત્તહસ્તના મળતાં નથી. નૃત્તહસ્તનું સંચાલન, શરીરની ક્રિયા તથા પગ ઉપાડવા જમીન પર રાખવાની ક્રિયા સાથે કરવામાં આવે છે. આ સંચાલનની સ્થિતિ પાંચ પ્રકારની હોય છે. ઉપર, નીચે, ડાબે, જમણે તથા સામે.

આધુનિક પ્રચલિત નૃત્યોમાં, નૃત્તપ્રધાન શૈલીમાં જેનો સમાવેશ થાય છે તે 'ભરતનાટ્યમ્'માં નૃત્તહસ્તની વિવિધતા જોવા મળે છે જ્યારે દક્ષિણ ભારતના મલબાર પ્રદેશમાં પરંપરાગત રીતે રજૂ થતાં કથકલિ નૃત્યમાં નૃત્તહસ્તનો પ્રયોગ અલ્પમાત્રામાં રાખવામાં આવે છે કારણ કે તે અભિનયપ્રધાન નૃત્ય હોવાથી તેમાં અર્થદર્શક હસ્તમુદ્રાઓનો પ્રયોગ ઇષ્ટ હોય છે. પ્રયોગના ઉપયોગની દૃષ્ટિએ વિચારીએ તો નૃત્તહસ્તમાં પણ પતાક, ત્રિપતાક, મુદ્રા તથા અર્ધચન્દ્ર જેવા હસ્તનો પ્રચુર માત્રામાં પ્રયોગ જોવા મળે છે. કથકલિની પરંપરામાં નૃત્તહસ્તને આવા ભિન્નતાયુક્ત નામકરણથી ઓળખવામાં આવતા નથી છતાં પણ

અહીં મુદ્રા (ના.શા.માં વર્ણિત સન્દંશ) તથા અર્ધચન્દ્ર જેવા હસ્તની વિવિધ ભંગિમાઓવાળા રૂપોની યોજના કરી પ્રયોગને સૌષ્ઠવયુક્ત રાખવામાં આવે છે.

ભરતમુનિ ૩૦ નૃત્તહસ્ત નિરુપે છે. (૧) ચતુરસ્ત્ર (૨) ઉદ્‌વૃત્ત અથવા તાલવૃન્ત (૩) તલમુખ (૪) સ્વસ્તિક (૫) વિપ્રકીર્ણ (૬) અરાલકટકામુખ (૭) આવિધ્ધવક્ર (૮) સૂચ્યાસ્ય (૯) રેચિત (૧૦) અર્ધરેચિત (૧૧) ઉત્તાન વંચિત (૧૨) પલ્લવ (૧૩) નિતમ્બ (૧૪) કેશબન્ધ (૧૫) લતા (૧૬) કરિહસ્ત (૧૯) ગરુડપક્ષ (૨૦) દણ્ડપક્ષ (૨૧) ઊર્ધ્વમંડલિ (૨૨) પાર્શ્વમંડલિ (૨૩) ઉરોમંડલિ (૨૪) ઉરઃપાર્શ્વમંડલિ (૨૫) મુષ્ટિક સ્વસ્તિક (૨૬) નલિની પદ્મકોશ (૨૭) અલપલ્લવ (૨૮) ઉલ્બણ (૨૯) લલિત તથા (૩૦) વલિત.

( ૧ )

ચતુરસ્ત્ર :

ચતુરસ્ત્ર નૃત્તહસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે ''બંને હાથને કટકામુખ મુદ્રામાં, છાતીથી આઠ આંગળ દૂર, મુખ સામે સવળા રાખવામાં આવે અને ખભા તથા કોણી સમાન ઊંચાઈએ રાખવામાં આવે તો ચતુરસ્ત્ર મુદ્રા કહેવાય છે.''

( અધ્યાય-૯ શ્લોક ૧૭૮)

કેટલાક વિદ્વાનો વક્ષસોઽષ્ટાઙ્ગુલસ્થૌ પાઠના આધારે છાતીથી આઠ આંગળ દૂર અને કેટલાક વિદ્વાનો વક્ષ:સ્થોઽષ્ટાઙ્ગુલ એવા પાઠના આધારે 'છાતી આગળ બંને હાથ એક બીજાથી આઠ આંગળના અંતરે' એવો અર્થ કરે છે. એટલે કે કેટલાક વિદ્વાનોના મતે બે હાથને છાતીથી આઠ આંગળ દૂર રાખવાનું લક્ષણ છે અને કેટલાક વિદ્વાનોના મતે બે હાથ વચ્ચે આઠ આંગળ અંતર રાખવાનું અભિપ્રેત છે. કેટલાક વિધ્વાનો એક હાથ વૃક્ષ:સ્થલ ઉપર અને બીજો હાથ વૃક્ષ:સ્થલથી આઠ આંગળ દૂર આવેલા પ્રદેશમાં રાખવાનું પણ સૂચવે છે. એવીજ રીતે ભરતમુનિએ પ્રાઙ્‌મુખૌ એવું જે લક્ષણ દર્શાવ્યું છે તેના પણ બે વિભિન્ન અર્થ વિદ્વાનોએ કર્યા છે. એક મત પ્રમાણે પ્રયોક્તાના મુખ સામે સવળા હાથ રાખવાનો અર્થ તો અન્ય મત પ્રમાણે પ્રયોક્તા જેની સામે હોય છે તેના મુખની સામે સવળા હાથ

રાખવાનો અર્થ અભિપ્રેત છે. એટલે કે પહેલા મત પ્રમાણે પ્રયોક્તાની સન્મુખ સવળો હાથ અને બીજા મત પ્રમાણે પ્રયોક્તાની સન્મુખ અવળો હાથ રાખવાનું ફલિત થાય છે.

( ૨ )

<u>ઉદ્‌વૃત્ત :</u>

ઉદ્‌વૃત્ત નૃત્તહસ્તનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. '' બંને હાથ હંસપક્ષ હસ્તમુદ્રામાં રાખી પંખાની માફક ફેરવવા તે ઉદ્‌વૃત્ત. તેનું અન્ય નામ તાલવૃન્તક પણ છે.'
(અધ્યાય-૯ શ્લોક ૧૭૯ )

અહીં હાથ પહેલાં ચતુરસ્ર મુદ્રામાં રહી પછી ઉધ્ધ્વેષ્ટિત વર્ત્તના પ્રચારથી હંસપક્ષ બને છે. આવર્ત્તન સમયે ઉપરની તરફ આવર્તન કરવાથી 'ઉથન' રહે છે. બંને હંસપક્ષ હાથને તાડના પાંદડાની જેમ ફેરવવામાં આવે છે. (વ્યાવૃત્તૌ તાલવૃન્તવત્ )

(૩)

<u>તલમુખ :</u>

ભરતમુનિના મત પ્રમાણે 'ચતુરસ્ર સ્થિતિમાં હંસપક્ષ હાથને બંને એક બીજાની અભિમુખ રહે તે રીતે ત્રાંસા રાખવા તે તલમુખ.'
(અધ્યાય-૯ શ્લોક-૧૮૦)

પહેલાં વ્યાવૃત્ત અને ઉદ્‌વૃત્ત કરી પછી તલમુખ મુદ્રામાં હાથ રાખવાનું અભિપ્રેત હોવાનું જણાય છે. તલમુખ હસ્ત ગતિને અંતે હંસપક્ષ મુદ્રામાં રહે એવું સૂચન છે. પ્રસ્તુત હસ્તમુદ્રામાં બંને હથેળીઓ એક બીજાની સન્મુખ રહેતી હોવાથી તલમુખ નામ આપવામાં આવ્યું છે. મર્દલ વિગેરે અવનધ્ધ વાદ્યવાદનમાં આવો હાથ પ્રયોજાય છે.

( ૪ )

<u>સ્વસ્તિક :</u>

સ્વસ્તિક નૃત્ત હસ્તનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. ''તલમુખ નૃત્ત હસ્તને કાંડા આગળ સ્વસ્તિક કરવા તે.''
( અધ્યાય-૯ શ્લોક ૧૮૧)

અહિં પૂર્વકથિત તલમુખ નૃત્ત હસ્તનેજ કાંડા આગળથી સ્વસ્તિક કરવામાં આવે છે.

( ૫ )

વિપ્રકીર્ણ :

ભરતમુનિના મત પ્રમાણે સ્વસ્તિક નૃત્તહસ્ત મુદ્રાવાળા હાથને છુટા પાડવા (વિચ્યુતૌ) તે વિપ્રકીર્ણ. ( અધ્યાય-૯ શ્લોક-૧૮૧)

વિપ્રકીર્ણ હસ્ત અગાઉ જણાવેલા ચારે નૃત્તહસ્તનો આધાર લઇ પ્રયોજાતો હોય તેમ જણાય છે.

( ૬ )

અરાલ કટકામુખ :

ભરતમુનિ જણાવે છે કે તે પ્રમાણે બે ઉર્ધ્વ હથેળીવાળા અલપલ્લવ હાથને પદ્મકોશ હાથમાં પરિવર્તિત કરવામાં આવે તો તેને અરાલકટકામુખ હસ્ત કહે છે તેને 'અરાલખટકા' પણ કહે છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૮૨)

પ્રક્ષિપ્ત શ્લોક પ્રમાણે અરાલ હાથને કાંડા આગળ સ્વસ્તિકનું રુપ આપી છુટા પાડવામાં આવે તો તેને અરાલ હાથને કાંડા આગળ સ્વસ્તિકનું રુપ આપી છુટા પાડવામાં આવે તો તેને અરાલકટકામુખ હસ્ત કહે છે. તેના અભિનય વણિક તથા સચિવ પાત્રો દ્વારા વિતર્ક ભાવમાં કરવામાં આવે છે.

( ૭ )

આવિધ્ધવક્ર :

આવિધ્ધવક્ર નૃત્ત હસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે સામસામા બાહુ, ખભા તથા કોણીના ખુણાને ત્રાંસી ગતિથી (કુટિલ) બંને હાથો વડે સ્પર્શ કરતાં કરતાં બંને અરાલમુદ્રાની હથેળીઓને ઉપર નીચે ધ્રુજાવતા ધ્રુજાવતા બદલવામાં આવે તો તેને આવિધ્ધવક્ર નૃત્તહસ્ત જાણવો. (અધ્યાય-૯ શ્લોક-૧૮૩)

આ હસ્તનો વિનિયોગ ભયથી કાંપવામાં-ધ્રુજવામાં તથા ત્રાંસી ગતિથી ખસવામાં થાય છે.

(૮)

**સૂચીમુખ :**

ભરતમુનિના મતે બે સર્પશીર્ષ હસ્તને તેમના અંગુઠા સહિત ત્રાંસા પ્રસારી હથેળીની વચમાં સ્પર્શતા રાખવામાં આવે તો તેને સૂચીમુખ હસ્તમુદ્રા કહે છે. (અધ્યાય-૯ શ્લોક-૧૮૪)

એક પ્રક્ષિપ્ત પાઠ પ્રમાણે સ્વસ્તિક કર્યાં પછી બે સર્પશીર્ષ હાથને મધ્યમાં અર્થાત્ વચલી આંગળી પાસે અંગુઠો રહે તે રીતે રાખવામાં આવે તો તેને સૂચીમુખ હસ્ત કહે છે.

ચતુરસ્ર સ્થાનમાં સ્થિત બંને સર્પશીર્ષ હાથને જ્યારે તર્જનીના ટેરવા આગળથી ત્રાંસા કરી બગલ તરફ લઇ જઇ ફેલાવવામાં આવે અને બહાર ફેલાવી ક્રમશઃ રજૂ કરવામાં આવે તો બહારની તરફ ફેલાવવાથી તેનો સૂચી (સોય) જેવો આકાર થતો હોવાથી સૂચીમુખ કહેવાય છે.

(૯)

**રેચિત :**

ભરતમુનિ જણાવે છે તેમ બે હંસપક્ષ હાથ તીવ્ર ગતિથી ઘુમાવો (ફૂતભૂમો) હથેળીઓ ઉત્તાન અર્થાત્ ચત્તી, પહોળી રાખી પ્રસારવામાં આવે તો રેચિત નૃત્તહસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૯૫)

નૃસિંહવતારમાં દૈત્યના વક્ષઃસ્થલને ચીરવામાં રેચિત હસ્તનો વિનિયોગ કરી શકાય.

(૧૦)

**અર્ધરેચિત :**

ભરતમુનિ જણાવે છે તેમ ડાબા હાથને ચતુરસ્ર તથા જમણા હાથને રેચિત કરવામાં આવે તો નૃત્તતત્વજ્ઞોના મતે અર્ધરેચિત હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૮૬)

રેચિત અવસ્થામાં રહેલા નૃત્ત હસ્તમાંથીજ એકને ચતુરસ્ર કરવાથી અર્ધરેચિત નૃત્તહસ્ત બને છે. અહીં વારાફરતી બંને હાથને ચતુરસ્ર કરવાનો ભાવ છે.

( ૧૧ )

ઉત્તાન વંચિત :

ભરતમુનિના મતે બે ત્રિપતાક હાથને થોડા ત્રાંસા અને સ્હેજ નમેલા રાખવામાં આવે તથા ખભા અને કોણીઓ હલાવવામાં આવે તો ઉત્તાન વંચિત હસ્ત કહેવાય છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૮૭)

ત્રિપતાક હાથને ખભા, કપોલ તથા લલાટ-કોઇપણ એક પણ સ્થાનમાં અંચન ક્રિયાથી યુક્ત પરસ્પર સામે અને ત્રાંસા કરવામાં આવે તથા ખભા અને કોણીમાં થોડું હલન ચલન હોય તો આ અંચન સમયે ઉત્તાનતાનો પ્રાપ્તિ થવાથી ફરી અંચનમાં ઉદ્‌ગમનની ક્રિયાનો યોગ થાય છે. આથી તે મૃદુ રુપમાં ઉત્તાન તથા અંચિત હોવાથી ઉત્તાનવંચિત છે.

( ૧૨ )

પલ્લવ :

ભરતમુનિના મતે બે પતાક મુદ્રાયુક્ત હાથને કાંડા આગળ જોડી દેવામાં આવે (તથા હાથ ખભાની ઉંચાઇએ રાખવામાં આવે ) તો પલ્લવ નૃત્તહસ્ત કહેવાય છે.

(અધ્યાય-૯ શ્લોક-૧૮૮)

પ્રસ્તુત મુદ્રામાં બે પતાક હાથને ઉપર, બાહુ ફેલાવી, વ્યાવર્તિત અને પરિવર્તિત ક્રિયાથી સ્વસ્તિક આકારમાં રાખવામાં આવે છે. અહીં પલ્લવ અર્થાત કુંપળ, પાંદડા જેવો આકાર થતો હોવાથી પલ્લવ નામ સાર્થક છે. અન્ય આચાર્ય શિથિલ ત્રિપતાક હસ્તને જો કાંડા આગળથી ગોળ ફરતો રાખવામાં આવે તો પલ્લવ હાથ બને એવું વિધાન પણ કરે છે.

( ૧૩ )

નિતમ્બ :

ભરતમુનિ જણાવે છે તેમ (બે પલ્લવ હસ્તને) (અથવા) બે પતાક હાથને ખભા આગળથી બહાર કાઢવામાં આવે (નિષ્ક્રાન્તી) તો નિતમ્બ નૃત્ત હસ્તમુદ્રા બને છે.

(અધ્યાય-૯ શ્લોક-૧૮૮ )

બંને પતાક હાથ પહેલાં ખભાની સમતલ રાખી બંને હથેળીઓને એક બીજાની સન્મુખ રાખી અધોમુખ કરવામાં આવે તથા નિતમ્બ પ્રદેશ સુધી લઇ જવામાં આવે અને ત્યાં ક્રમશઃ રેચક કરે તો નિતમ્બ હસ્ત કહેવાય છે.

( ૧૪ )

**કેશબન્ધ :**

ભરતમુનિના મત પ્રમાણે કેશપ્રદેશ અથવા શિખા ઉપરથી (માથા પરથી) બે પતાક હાથને ઘુમાવતા ઘુમાવતા લઇ જઇ બેઉ પડખે સીધા રાખવામાં આવે તો કેશબન્ધ નૃત્તહસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક-૧૮૯)

પહેલા એક બાજુથી બીજી બાજુ બે પતાક હસ્ત (બદલતા) પરિવર્તન કરતાં માથા પર જાય અને પછી ફરી નિતમ્બ હસ્તથી (અનુક્રમે) વારાફરતી આવર્તન પ્રત્યાવર્તનકારી થતાં હોય તો તેવા હસ્ત, કેશ સાથે સંબંધિત હોવાથી કેશબન્ધ કહેવાય છે. તે શોભાદાયક હોય છે તથા અચાર્યોને અતિ ઇષ્ટ હોય છે.

( ૧૫ )

**લતાબન્ધ :**

ભરતમુનિ કહે છે તેમ બંને હાથને બંને પડખે ત્રાંસા ફેલાવવામાં આવે તો લતાબન્ધ નૃત્તહસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક-૧૯૦)

જો બે પતાક હાથ ત્રાંસા ફેલાવી નિતમ્બથી લતાહસ્ત પર્યન્ત ત્રિપતાકરૂપે અનુગમન થતા હોય તો લતાબન્ધ હસ્ત બને છે.

( ૧૬ )

**કરીહસ્ત :**

કરીહસ્ત નૃત્તમુદ્રાનું વર્ણન કરતાં ભરતમુનિ કહે છે કે એક હાથને લતામુદ્રામાં રાખી તેનો ઉંચો કરી (સ્તુમ્ભતો) એક પડખેથી બીજા પડખે ફેરવવામાં આવે તથા બીજા હાથને ત્રિપતાક મુદ્રામાં રાખી તેને કાન પાસે લઇ જવામાં આવે તો કરીહસ્ત કહેવાય છે. (અધ્યાય શ્લોક-૧૯૧)

સમુત્ક્ષિપ્તનો અર્થ થાય છે જે ક્રમ વડે સંશ્લેષ કર્યું હોય તે ક્રમથી હાથ ઉંચો કરવો. અહીં વિલોલિત પદ વડે હાથને એક પડખેથી બીજા પડખે ઝૂલાવતા ઝુલાવતા લઇ જવાનો અર્થ સૂચવાય છે. હસ્ત શબ્દ એકવચનમાં પ્રયોજાયો છે કારણ કરી અર્થાત હાથીને એકજ હાથ (સૂંઢ) હોય છે. એટલે તેનો ચતુરસ્રની જેમ ન તો સજાતીય બની આરંભ થાય છે અને ન તો ખટકામુખની જેમ નૃત્તના અભ્યાસના વ્યપદેશથી વિજાતીય આરંભ થાય છે. એટલે દ્વિવચનનો પ્રયોગ થયો નથી અને તેથી કરીહસ્ત નામ સાર્થક છે.

( ૧૭ )

**પક્ષવંચિતક :**

ભરતમુનિના મતે એક ત્રિપતાક હાથને કટિપ્રદેશમાં તથા બીજા હાથને શીર્ષ સ્થાનમાં રાખવામાં આવે તો પક્ષવંચિતક હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક-૧૯૨)

અહીં કટિ અર્થાત્ નિતમ્બપ્રદેશના શીર્ષ અથવા અગ્રોની આસપાસ બે ત્રિપતાક હાથ રાખવામાં આવે તો તેનાથી પાર્શ્વ અંચિત થાય છે.

( ૧૮ )

**પક્ષપ્રદ્યોતક :**

ભરતમુનિ કહે છે તેમ પક્ષવંચિતક હાથને પરાવૃત્ત અર્થાત ઉલ્ટો કરવામાં આવે તો પક્ષપ્રદ્યોતક હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક ૧૯૩)

અહીં પાર્શ્વમાં એકની સન્મુખ બીજો રહી પોતાનું સ્વરુપ પ્રગટ કરે છે. તેના વ્યામિશ્રણથી પ્રયોગની શોભા વધે છે.

( ૧૯ )

**ગરુડપક્ષ :**

ભરતમુનિના મતે પક્ષવંચિત હાથની હથેળી અધોમુખ રાખવામાં આવે તો ગરુડપક્ષ હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક-૧૯૩)

જો બે પતાક હસ્ત નિતમ્બ ક્ષેત્રમાં અધોમુખ રહી હથેલીના ઝટકાથી ઉપર નીચે જતાં ગરુડપક્ષ અર્થાત્ ગરુડની પાંખ જેવો આકાર ધારણ કરે તો ગરુડપક્ષ હસ્ત બને છે. અહીં બંને હાથ પતાકહસ્ત મુદ્રામાં રહે છે ત્રિપતાક નહીં.

( ૨૦ )

દણ્ડપક્ષ :

દંડપક્ષ નૃત્તહસ્તનું વર્ણન ભરતમુનિ આ પ્રમાણે કરે છે. '' બેઉ હાથ હંસપક્ષ ક્રમશઃ વારાફરતી અવળા સવળા (વ્યાવૃત્ત-પરિવર્તિત) ફેરવવામાં આવે તથા તેમાં કોણીથી ખભા સુધીનો ભાગ લાંબો રાખવામાં આવે તો દણ્ડપક્ષ હસ્ત બને છે.''

(અધ્યાય-૯ શ્લોક ૧૯૪)

આ મુદ્દામાં એક હંસપક્ષહસ્ત વક્ષઃસ્થલની એક બાજુથી વર્તન અર્થાત હાલતો હોય છે અને તે પછી બીજા અંગથી બંને ભુજાઓ પ્રસારિત, વ્યાવર્તિત તથા પરિવર્તિત થાય છે. અહીં એક તરફ હાથ અને બીજી તરફ ભુજાઓ દંડ આકારમાં રહેતો હોવાથી દંડપક્ષ નામ સાર્થક છે. અહીં બંને હાથ સાથે પ્રસરે છે પણ વ્યાવર્તન પરિવર્તન વારાફરતી થાય છે.

( ૨૧ )

ઊર્ધ્વમંડળી :

ઊર્ધ્વમંડળી નૃત્તહસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે દણ્ડપક્ષ હાથને ઊર્ધ્વસ્થાનમાં અર્થાત ઉપરની તરફ ગોળ ગોળ ફેરવવામાં આવે તો ઊર્ધ્વમંડળી હસ્ત બને છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૯૫)

વક્ષઃસ્થલથી વ્યાવર્તિત કરી લલાટ ક્ષેત્રમાં થઇ તેને પડખે લઇ જઇ, ફરી ત્યાંથી મંડલાકારે ગોળ ફેરવી લંબાવવામાં આવે તો 'ઊર્ધ્વમંડલ' હસ્ત બને છે. લલાટ પ્રદેશ સુધી હાથ ઉપર લઇ જવો એ તેનું મુખ્ય લક્ષણ છે.

( ૨૨ )

પાર્શ્વમંડલી :

ભરતમુનિના મતે દંડપક્ષ હાથને પડખે ગોળ ગોળ ફેરવવામાં આવે તો પાર્શ્વમંડલી હસ્ત બને છે. ( અધ્યાય-૯ શ્લોક ૧૯૫)

ઊર્ધ્વમંડળ હસ્તજ જ્યારે પતાકા આકારમાં ગોળ ઘૂમતો પરસ્પર સન્મુખ એક પડખે જાય તો પાર્શ્વમંડલ હાથ કહેવાય છે. અન્ય આચાર્યોના મતે વક્ષઃસ્થલની સમતલ

પોતાનાજ પડખામાં પરસ્પર આહત ભૂજાઓને તાલના ઠેકા વડે-તાલ દેતા દેતા - ગોળ ફેરવી વર્તના ક્રમથી પ્રચાર કરવો એ આ હાથનું સ્વરૂપ છે.

( ૨૩ )

ઉરોમંડલી :

ભરતમુનિ જણાવે છે તેમ એક ઉદ્વેષ્ટિત અર્થાત્ ઉપર સીધો રાખેલો અને બીજો ઉપવેષ્ટિત્ અર્થાત્ નીચે ઝૂકાવેલો હાથ ગોળ ગોળ ફેરવી અને વક્ષ:સ્થલ પાસે રાખવામાં આવે તો ઉરોમંડલી હસ્ત કહેવાય છે. (અધ્યાય-૯ શ્લોક ૧૯૬)

આ મુદ્રામાં ઉદ્વેષ્ટિત તથા અપવેષ્ટિત હાથનો એક સાથે યોગ રાખવામાં આવે છે અર્થાત્ બંને હાથ એક સાથે ઉદ્વેષ્ટિત અને ઉપવેષ્ટિત રાખવામાં આવે છે તથા તે વક્ષ:સ્થલની પાસે અથવા સામે રહે છે. આમાં હસ્તક્રમ એવો રાખવામાં આવે છે એક આવે અને બીજો જાય. ઉદ્વેષ્ટિત તથા અપવેષ્ટિત ક્રિયા પતાક હસ્તની થાય છે. અન્ય આચાર્યોના મતે આ ક્રિયા હંસપક્ષ હસ્તની થાય છે. ઉદ્વેષ્ટિત અને અપવેષ્ટિત હસ્તકરણના લક્ષણ ભરતમુનિ આજ અધ્યાયમાં શ્લોક ૨૦૫-૨૦૬ માં નિરુપે છે. જેની યથાસ્થાને ચર્ચા કરવામાં આવી છે.

( ૨૪ )

ઉર:પાર્શ્વમંડલ :

ભરતમુનિના મત પ્રમાણે અલપલ્લવ તથા અરાલ હસ્તને અર્ધગોળ ફેરવી એકને પડખે તથા બીજાને વક્ષ:સ્થલ સમીપ રાખવામાં આવે તો ઉર:પાર્શ્વમંડલ હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક-૧૯૭)

આ મુદ્રામાં વક્ષ:પ્રદેશમાં ઉત્તાન હસ્ત રાખી અલપલ્લવ હાથને વ્યાવર્તિત કરણથી કાઢી પડખે ભૂજા ફેલાવવામાં આવે છે અને તે વખતે બીજા હાથની આંગળીઓ અરાલહાથમાં ઉદ્વેષ્ટિત કરી લાવવામાં આવે છે. એક હાથથી વક્ષ:સ્થલના અડધા ભાગને અને બીજો હાથ પડખે મંડલની જેમ વારાફરતી આવ-જા કરતાં હોવાથી નામ સાર્થક છે.

( ૨૫ )

મુષ્ટિક સ્વસ્તિક :

ભરતમુનિના મત પ્રમાણે બે ખટકામુખ હસ્તમુદ્રાવાળા હાથને કાંડા આગળ નમેલા રાખી ગોળ ઘુમાવો ઉદ્વેષ્ટિત કરણમાં રાખવામાં આવે તો મુષ્ટિક સ્વસ્તિક હસ્ત બને છે.

(અધ્યાય-૯ શ્લોક ૧૯૮)

આ મુદ્રામાં કાંડાની પાસે એક હાથને અરાલ વર્તનાથી કુંચિત રુપે તથા બીજા હાથને અલપલ્લવ વર્તનાથી અંચિત રુપે વારંવાર લાવી લઇ જઇ (આવાગમન) ખટકામુખ હસ્ત વડે સ્વસ્તિક કરવામાં આવે છે. આમ ખટકામુખની મુષ્ટિ (હસ્ત)થી ઉત્પત્તિ થવાને લીધે તેનું મુષ્ટિક સ્વસ્તિક નામ સાર્થક છે. ઉદ્વેષ્ટિત કરણનું લક્ષણ આજ અધ્યાયના ૨૦૫-૨૦૬ શ્લોકમાં નિરુપ્યું છે જેની યથાસ્થાને ચર્ચા કરવામાં આવી છે. (વર્તના મેટલ હસ્તવિન્યાસ )

( ૨૬ )

નલિનીપદ્મકોશ :

ભરતમુનિ જણાવે છે તેમ પદ્મકોશ હાથને વ્યાવૃત્ત અને પરિવર્તિત કરવામાં આવે અર્થાત્ વારાફરતી અવળા સવળા ફેરવવામાં આવે તો નલિની પદ્મકોશ હસ્ત બને છે.

( અધ્યાય-૯ શ્લોક ૧૯૯)

આ હસ્તના વિભિન્ન આચાર્યોએ બે વિવિધ સ્વરુપ નિરુપ્યા છે. આ મુદ્રામાં મુષ્ટિક યુકત સ્વસ્તિક ક્ષેત્રમાં જયારે બંને કાંડાઓને વ્યાવર્તિત હસ્તકરણથી કનિષ્ઠિકા અર્થાત ટચલી આંગળી તેમજ અંગુઠો પરિવર્તિત કરવામાં આવે છે ત્યારે બંને કાંડા પરસ્પર પરાઙ્મુખ થઇ જાય છે. જેનાથી બે પદ્મકોશ બની જાય છે. આ પ્રમાણે તેના નામ પ્રમાણેજ એક કમલિનીમાં અનેક કમળોની ઉત્પત્તિ થઇ જવાથી નલિનીપદ્મકોશ નામ સાર્થક છે.

( ૨૭ )

અલપલ્લવ :

અલપલ્લવ નૃત્તહસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે બે હાથને ઉપરની

તરફ ગોળ ગોળ ફેરવતાં ઉદ્વેષ્ટિત કરણમાં રાખવામાં આવે તો અલપલ્લવ હસ્ત બને છે.
(અધ્યાય-૯ શ્લોક-૨૦૦)

જ્યારે બંને અલપલ્લવ હાથને વક્ષ:પ્રદેશથી ઉદ્વેષ્ટિત ક્રિયા કરતાં કરતાં ખભા પાસે ઉપર લઇ જઇ લાંબા કરવામાં આવે તો અલપલ્લવ હસ્ત બને છે. તેનું અન્ય નામ અલપદ્મ પણ છે.

( ૨૮ )

**ઉલ્વણ :**

ભરતમુનિના મત પ્રમાણે અલપલ્લવ હસ્તને ઉપરનો તરફ (ખભાની સમતલ) લાંબા કરવામાં આવે અને પછી ગોળ ગોળ ફેરવવામાં આવે તો ઉલ્વણ હસ્ત બને છે.
(અધ્યાય-૯ શ્લોક-૨૦૦)

આ મુદ્રામાં બે અલપલ્લવ હસ્તને વક્ષ:ક્ષેત્રથી ઉદ્વેષ્ટિત કરી ખભા પાસે ઉપર ફેલાવેલા એક હસ્તથી આવિધ્ધ તથા બીજા હાથથી પલ્લવ રુપ પ્રદર્શિત કરવામાં આવે તો ઉલ્વણ હસ્ત બને છે. તેનો યોજના હર્ષથી ભરપૂર મનોવસ્થામાં કરવામાં આવે છે.

( ૨૯ )

**લલિત :**

લલિત હસ્તનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે બે પલ્લવ હસ્તને માથા ઉપર (ગોળ ફેરવતાં) લઇ જવામાં આવે તો લલિત હસ્ત બને છે.
( અધ્યાય-૯ શ્લોક-૨૦૧ )

આ મુદ્રામાં ચતુરસ્રથી અંગોનું લાલિત્ય દર્શાવવામાં આવે છે તેથી તેનું નામ લલિત છે.

( ૩૦ )

**વલિત :**

ભરતમુનિના મત પ્રમાણે બે લતામુદ્રાવાળા હસ્તને કોણી આગળ (કૂર્પર) સ્વસ્તિક કરવામાં આવે તો વલિત હસ્ત બને છે. (અધ્યાય-૯ શ્લોક-૨૦૧)

આ મુદ્રામાં કાંડા પ્રદેશમાં લતાહસ્ત સ્વસ્તિક આકારે વલિત અર્થાત ગોળ ફરે છે. આમાં બાહુઓનું વલન (ગોળાકારે ફરવું) થાય છે તેથી તેનું નામ વલિત છે જે ભિન્ન ભિન્ન વર્તનાઓનો સંકેત કરે છે. અન્ય આચાર્ય મુષ્ટિક સ્વસ્તિક હસ્તને મસ્તક ઉપર ગોળ ફેરવવાને વલિત કહે છે તો કેટલાક બીજા આચાર્યોના મતે બે કટકામુખ હસ્તને એકબીજાને ટેરવે મકડાકો ઉપર એવી રીતે લઇ જવામાં આવે કે જેથી તેઓ અને પૃષ્ઠ સુધી પહોચી કાંડા ઉપર નમે તો તેને વલિત હસ્ત કહેવામાં આવે છે.

## <u>નૃત્તહસ્ત: અન્ય ગ્રંથોમાં</u>

અભિનયદર્પણમાં નૃત્તમાં ઉપયોગી હસ્તનાં નામ આ પ્રમાણે આપવામાં આવ્યા છે. (૧) પતાક (૨) સ્વસ્તિક (૩) ડોલા (૪) અંજલિ (૫) કટકા વર્ધન (૬) શકટ (૭) પાશ (૮) કીલક (૯) કપિત્થ (૧૦) શિખર (૧૧) કુર્મ (૧૨) હંસાસ્ય (૧૩) અલપદ્મક. અભિનયદર્પણમાં નૃત્તમાં ઉપયોગી હસ્તના નામ મળે છે પણ 'નૃત્તહસ્ત' ના નામે સ્વતંત્ર હસ્તભેદ નિરુપવામાં આવ્યા નથી.

<u>સંગીતરત્નાકર</u> તથા <u>નૃત્યાધ્યાયમાં</u> ભરતમુનિ નિરુપિત ૩૦ નૃત્તહસ્તભેદ નિરુપવામાં આવ્યા છે. નાટ્યશાસ્ત્રસંગ્રહ' માં ભરતમુનિએ જણાવેલા ૩૦ નૃત્તહસ્તભેદ ઉપરાંત અન્ય મતથી બીજા સાત નૃત્તહસ્ત નિરુપવામાં આવ્યા છે. (૧) નિકુંચક (૨) દ્વિશિખર (૩) વરદાભય - જો કે આ ત્રણે નૃત્તહસ્તનો ઉલ્લેખ સંગીતરત્નાકરમાં પણ મળે છે - (૪) સુચીવિદ્ધ (૫) જ્ઞાન (૬) મુદ્રા (૭) પ્રકોર્ણ.

## <u>હસ્તવિનિયોગનું પૃથક્કરણ</u>

ભરતમુનિએ અસંયુત તથા સંયુત હસ્તનાં જે વિવિધ વિનિયોગ દર્શાવ્યા છે તેનું પૃથક્કરણ કરતાં તેને મુખ્ય ત્રણ વિભાગોમાં વહેંચી શકાય (૧) નૈસર્ગિક Natural (૨) અર્થઘટનાત્મક Interpretative (૩) સંકેતાત્મક Symbolic

નૈસર્ગિક :

નૈસર્ગિક એટલે જેમાં હસ્તનો વિનિયોગ સ્વાભાવિક ક્રિયાઓ દર્શાવવા માટે થતો હોય. દા.ત. કટકામુખ અસંયુત હસ્તનો વિનિયોગ લગામ ખેંચવી, પંખો દર્પણ પકડવા, લાંબો દંડકાષ્ઠ ધારણ કરવો વિગેરે કર્મો માટે સૂચવવામાં આવ્યો છે તે એક રીતે જોતાં નૈસર્ગિક હસ્તવિનિયોગ છે.

અર્થઘટનાત્મક :

અર્થઘટનાત્મક એટલે કોઇ બાહ્ય પદાર્થ અથવા ક્રિયાનું અનુકરણાત્મક રીતે સૂચન કરવા માટે હસ્તનો વિનિયોગ દા.ત. અર્ધચન્દ્ર,અસંયુત હસ્ત વડે ચંદ્રલેખા દર્શાવવો.

સંકેતાત્મક :

સંકેતાત્મક એટલે અમૂર્ત ભાવોને વ્યકત કરવા માટે હસ્તનો વિનિયોગ. દા.ત. સત્વ, ધૈર્ય, ગર્વ, વીર્ય જેવા અમૂર્ત ભાવો દર્શાવવા માટે અરાલ હસ્તનો વિનિયોગ.

અન્ય હસ્તભેદ

ભરતમુનિ ચોવીસ અસંયુત હસ્ત, તેર સંયુત હસ્ત તથા ત્રીસ નૃત્તહસ્ત એમ કુલ ૬૭ હસ્તભેદ નિરુપે છે. અભિનવગુપ્તના જણાવ્યા પ્રમાણે ભરતમુનિ નિર્દિષ્ટ ૬૭ હસ્તભેદ ઉપરાંત પણ અન્ય હસ્તભેદની પરિકલ્પના કરી શકાય. આજ કારણસર કોહલ વિગેરે અન્ય નાટ્યાચાર્યોએ અન્ય હસ્તભેદ પણ નિરુપ્યા છે.

અભિનયદર્પણમાં અસંયુત અને સંયુત હસ્તભેદ ઉપરાંત અન્ય હસ્તભેદ પણ નિરુપવામાં આવ્યા છે જે આ પ્રમાણે છે.

દેવદેવીઓની વિભિન્ન મૂર્તિઓ માટેના હસ્ત

(૧) બ્રહ્મહસ્ત (૨) ઇશ્વર હસ્ત (શંકર હસ્ત) (૩) વિષ્ણુ હસ્ત (૪) સરસ્વતી હસ્ત
(૫) પાર્વતી હસ્ત (૬) લક્ષ્મી હસ્ત (૭) વિનાયક હસ્ત (ગણેશ હસ્ત
(૮) ષણ્મુખ હસ્ત (કાર્તિકેય હસ્ત)

(૯) મન્મથ હસ્ત (૧૦) ઇન્દ્ર હસ્ત (૧૧) અગ્નિ હસ્ત (૧૨) યમ હસ્ત (૧૩) નિર્ઋતિ હસ્ત (૧૪) વરુણ હસ્ત (૧૫) વાયુ હસ્ત (૧૬) કુબેર હસ્ત.

<u>દશાવતાર હસ્ત :</u>

(૧) મત્સ્યાવતાર હસ્ત (૨) કૂર્માવતાર હસ્ત (૩) વરાહાવતાર હસ્ત (૪) નૃસિંહાવતાર હસ્ત (૫) વામનાવતાર (૬) પરશુરામાવતાર (૭) રામચન્દ્રવતાર (૮) બલરામાવતાર (૯) કૃષ્ણાવતાર (૧૦) કલ્કિ અવતાર.

<u>વિભિન્ન જાતિ તથા વર્ણોના હસ્ત :</u>

(૧) રાક્ષસ હસ્ત (૨) બ્રાહ્મણ હસ્ત (૩) ક્ષત્રિય હસ્ત (૪) વૈશ્ય હસ્ત (૫) શુદ્ર હસ્ત.

<u>સંબંધોઓ માટેના હસ્ત :</u>

(૧) દંપતિ હસ્ત (૨) માતૃ હસ્ત (૩) પિતૃ હસ્ત (૪) શ્વશ્રૂહસ્ત (૫) શ્વસુર હસ્ત (૬) ભર્તૃભ્રાતૃ હસ્ત (૭) નનાન્દ હસ્ત (૮) જયેષ્ઠકનિષ્ઠ ભ્રાતૃ હસ્ત (૯) પુત્ર હસ્ત (૧૦) સ્નુષા હસ્ત (૧૧) સપત્ની હસ્ત.

<u>નવ ગ્રહો માટેના હસ્ત :</u>

(૧) સુર્ય હસ્ત (૨) ચન્દ્ર હસ્ત (૩) કુજ હસ્ત (૪) બુધ હસ્ત, (૫) ગુરુ હસ્ત (૬) શુક્ર હસ્ત (૭) શનિ હસ્ત (૮) રાહુ હસ્ત (૯) કેતુ હસ્ત.

નાટ્યશાસ્ત્રસંગ્રહમાં ભરતમુનિ નિરુપિત હસ્ત ઉપરાંત નંદિકેશ્વર નિર્દિષ્ટ ઉપરોક્ત હસ્ત પણ ગણાવવામાં આવ્યા છે. તે સિવાય રાશિ, નક્ષત્ર, સ્વર, રાગ તથા નાયિકાભેદના અભિનય માટે પણ વિભિન્ન હસ્ત નિરુપવામાં આવ્યા છે.

<u>નક્ષત્રો માટેના હસ્ત :</u>

(૧) અશ્વિની (૨) ભરણી (૩) કૃત્તિકા (૪) રોહિણી (૫) મૃગશીર્ષ (૬) આર્દ્રા

(૭) પુનર્વસુ (૯) પુષ્ય (૯) આશ્લેષ (૧૦) મઘા (૧૧)પૂર્વા (૧૨) ઉત્તરા (૧૩) હસ્ત (૧૪) ચિત્રા (ક્ષ૫) સ્વાતિ (૧૬) વિશાખા (૧૭) અનુરાધા (૧૮) જયેષ્ઠા (૧૯) મૂલા (૨૦) પૂર્વા ષાઢા (૨૧) ઉત્તરા ષાઢા (૨૨) શ્રવણ (૨૩) ધનિષ્ઠા (૨૪) શતભિષક (૨૫) પૂર્વભાદ્રા પદા (૨૬) ઉત્તરાભાદ્રા પદા (૨૭) રેવતી.

<u>રાશિ માટેના હસ્ત :</u>

(૧) મેષ (૨) વૃષભ (૩) મિથુન (૪) કર્કટ (૫) સિંહ (૬) કન્યા (૭) તુલા (૮) વૃશ્ચિક (૯) ધન (૧૦) મકર (૧૧) કુંભ (૧૨) મીન.

<u>સ્વરો માટેના હસ્ત :</u>

(૧) ષડજ (૨) ઋષભ (૩) ગાંધાર (૪) મધ્યમ (૫) પંચમ (૬) ધૈવત (૭) નિષાદ.

<u>રાગો માટેના હસ્ત :</u>

(૧) ભૂપાલ (૨) ભૈરવ (૩) શ્રીરાગ (૪) રાગપંજર (૫) વસન્ત (૬)માલવ (૭) બંગાલ (૮) નાટ (૯) દેશાહુરી (૧૦) મલહરી (૧૧) (૧૩) (૧૪) બૌલી, મેઘરંજી, કુરંજી (૧૨) દેવક્રિયા (૧૫)(૧૬) હિન્દોળી, માહુરી (૧૭)(૧૮) લલિતા ઈંડરામરસમ્ (૧૯)(૨૦) દેશી, લલિતા (૨૧)(૨૨) રામક્રિયા, વરાળી (૨૩)(૨૪) કૌશિકી, ગુણ્ડક્રિયા (૨૫)(૨૬) ગુર્જરી, ગૌલા (૨૭)(૨૮) ધન્યાશી, કામ્બોજી (૨૯) કર્ણાટ ગૌલ (૩૦) નારાયણગૌલ (૩૧)(૩૨) દેશાક્ષી, આહરી (૩૩) સારંગ નાટ (૩૪) સૌરાષ્ટ્ર (૩૫) સાવેરી (૩૬) શુધ્ધ બૌલી (૩૭) માલવશ્રી (૩૮)(૩૯) તોડી, ઘટારવ (૪૦) નાદરામક્રિયા (૪૧)(૪૨) હેજ્જિજ્જિ મુખારી (૪૩)(૪૪) મેચ બૌલી, વેશાલી (૪૫) મંગલ કૌશિકા (૬) શુધ્ધવસન્ના (૭) કેદારગૌલ (૪૮) સામાન્ય રાગ (૪૯)(૫૦) પાડિ, મધુમાધવી.

**નાયિકા માટેના હસ્ત :**

(૧) પદ્મિની (૨) ચિત્રિણી (૩) શંખિણી (૪) હસ્તિની

The Mirror of Gesture માં ચક્રવર્તી રાજાઓના, સાત સમુદ્રોના, નદીઓના, ઝાડપાનના, પશુપંખીઓના, દ્વીપોના અભિનય માટેના હસ્ત પણ નિરુપવામાં આવ્યા છે. વિસ્તારભયથી તે અહીં નિરુપવામાં આવ્યા નથી.

નાટ્યશાસ્ત્ર પછીના ગ્રંથોમાં હસ્તાભિનય અંતર્ગત હસ્તભેદ સાથે સંકળાયેલ હસ્તવિન્યાસ 'વર્તના' ના નામથી નિરુપવામાં આવ્યા છે. સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાયમાં ૩૬ પ્રકારની વર્તના તથા ૫૫ પ્રકારના ચાલક નિરુપવામાં આવ્યા છે.

**ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં હસ્તભેદ**

જેમ આપણે રોજિંદા વ્યવહારમાં આપણા મનના સૂક્ષ્મભાવો તથા વિચારો વાણી વડે વ્યક્ત કરીએ છીએ તેમ નૃત્યમાં તે હાથના સાંકેતિક હલન ચલનથી વ્યક્ત કરવામાં આવે છે, આનું કારણ એ છે કે નૃત્યમાં વાણીનો લેશમાત્ર ઉપયોગ કરવાનો હોતો નથી. નૃત્યમાં થતા હાથના એ સંકેતને 'મુદ્રા' કહેવામાં આવે છે. આ મુદ્રાઓમાં બે પ્રકાર છે. (૧) મૂળ મુદ્રા (૨) નૃત્તહસ્ત મુદ્રા. મૂળ મુદ્રામાં અસંયુત તથા સંયુત હસ્તભેદોનો સમાવેશ થાય છે. મૂળ મુદ્રાઓ નૃત્યની ભાષાના મૂળાક્ષરો સમજવામાં આવે છે. જેમ કોઇ એક વર્ણ અથવા અક્ષરનો અલગ અથવા સ્વતંત્રરુપે પણ અર્થ રહે છે તેમજ પરસ્પર મળીને એજ વર્ણ અન્ય અનેક શબ્દોનું નિર્માણ કરી અર્થાભિવ્યક્તિ કરે છે એવીજ સ્થિતિ આ હસ્તમુદ્રાઓની પણ છે. તે અલગ અલગ પણ પોતાનો અર્થ રાખે છે તથા સમ્મિલિત થઇને પણ. આ ઉપરાંત કાળાન્તરે વિભિન્ન નૃત્ય પરંપરાઓ તથા પધ્ધતિઓના ઉદ્ભવની સાથે સાથે પોતાની પરંપરાગત હસ્તમુદ્રાઓનો પ્રચાર પણ થયો પણ આ તમામ હસ્તમુદ્રાઓનું મૂળ તથા આધારગ્રન્થ ભરતમુનિ પ્રણિત નાટ્યશાસ્ત્ર છે અને તેનુંજ વિવરણ મુખ્યપણે જોવા મળે છે.

હસ્તભેદના નિરુપણ પછી ભરતમુનિ હસ્તની સામાન્ય ક્રિયાઓ, હસ્તપ્રચાર, હસ્તકરણ તથા હસ્તગત બાહુની વિવિધ ગતિ વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરે છે.

## હસ્તની વિવિધ ક્રિયાઓ

રસ તથા ભાવથી યુક્ત, હસ્તની વિવિધ ૧૯ જેટલી ક્રિયાઓ ભરતમુનિ નીચે પ્રમાણે ગણાવે છે. ( શ્લોક ૧૫૯ થી ૧૬૨ )

---

(૧) ઉત્કર્ષણ : હાથ ઉપરની તરફ ઉછાળવા

(૨) વિકર્ષણ : હાથ અંદર ખેંચવા

(૩) વ્યાકર્ષણ : હાથ બહાર ઉછાળવા

(૪) પરિગ્રહ હાથ વડે કશુંક ગ્રહણ કરવું.

(૫) નિગ્રહ હાથ વડે કશાકનો વિનાશ કરવો.

(૬) આહ્વાન હાથ વડે બોલાવવાનો સંકેત કરવો.

(૭) નોદન હાથના ઇશારા વડે વિનવણી કરવી.

(૮) સંશ્લેષ હાથ મિલાવવા, હાથ પાસે લાવવા.

(૯) વિયોગ હાથ છૂટા પાડવા

(૧૦) રક્ષણ હાથ વડે કશાકનું રક્ષણ કરવું.

(૧૧) મોક્ષણ હાથ વડે કશુંક છૂટું કરવું.

(૧૨) વિક્ષેપ હાથ વડે કશુંક ફેંકવું.

(૧૩) ધૂનન હાથ કંપવા, હાથ ધ્રુજાવવા, હલાવવા.

(૧૪) વિસર્ગ હાથ વડે સન્માન સહિત અર્પણ કરવું, આપવું, ત્યાગ કરવો.

(૧૫) છેદન — હાથ વડે ડશાડમાં છેદ પાડવો/ડશુંડ છેદવું/તોડવું.

(૧૬) ભેદન — હાથ વડે કોઇ વસ્તુ કાપવી.

(૧૭) સ્ફોટન — હાથ વડે કશુંક ફોડવું, તોડવું, બે ભાગ કરવા, ટચાકા ફોડવા

(૧૮) મોટન — હાથ વડે વાટવું, દબાવવું, દળવું, તોડવું.

(૧૯) તાડન — હાથ વડે પીટવું.

રસ તથા ભાવથી યુક્ત વિવિધ હસ્તક્રિયાઓ અંતર્ગત ભરતમુનિ હાથ વડે થતાં સાભિ‌વિક તથા લોકાનુસારી કાર્યો નિરૂપે છે. અહીં કોઇ ભાવ, લાગણી, અમૂર્ત પદાર્થ, વિચાર કે પ્રાકૃતિક પદાર્થ વિગેરેનો સંકેત કરવાના હેતુથી હસ્તની ક્રિયાઓ થતી નથી પણ રોજબરોજના જીવનમાં થતી ક્રિયાઓ હાથ વડે પકડવું, ગ્રહણ કરવું, કોઇને બોલાવવું, ફેંકવું, કાપવું, પીટવું, રક્ષણ કરવું, છુટું પાડવું તથા હાથ મિલાવવા, હલાવવા, છૂટા પાડવા જેવી ક્રિયાઓ - માટે થતાં હાથના વિવિધ હલન ચલનનાં શાસ્ત્રીય/પારિભાષિક નામ માત્ર આપ્યા છે અને વિનિયોગ સુચવ્યા નથી. સંગીતરત્નાકરમાં પણ 'કરકર્માણિ' 'કરકર્મા' શિર્ષક હેઠળ ૨૦ કર્મો નિરુપાયેલા છે જે ભરતાનુસારી છે. 'નૃત્યાધ્યાય'માં પણ ૨૦ કરકર્મો વર્ણવવામાં આવ્યા છે જે પુનરાવર્તન માત્ર છે.

## હસ્તપ્રચાર

ભરતમુનિ ત્રણ વિવિધ પણ સમાન અર્થવાળા શ્લોકમાં હસ્તપ્રચાર નિરુપે છે. હસ્તની વિવિધ ક્રિયાઓના નિરુપણ પછી તરતજ આવતા શ્લોકમાં હસ્ત પ્રચારના ત્રણ ભેદ નિરુપે છે.

'' ઉત્તાન: પાર્શ્વગશ્ચૈવ તથા ધોમુખ એવં ચ ।
હસ્તપ્રચારસ્ત્રિવિધો નાટ્યતત્વ સમાશ્રય : ॥ ૧૬૩ ॥

નાટ્યતત્વ ઉપર આધારિત ત્રિવિધ હસ્તપ્રચાર તે (૧) ઉત્તાન (૨) પાર્શ્વગ (૩) અધોમુખ (૪) વર્તુળ (૫) સ્થિત. અભિનવગુપ્ત અન્ય મતના આધારે (૧) ઉગ્રગ:

અને (૨) અધસ્તલ એમ બીજા બે હસ્ત પ્રચાર વર્ણવે છે. જે અનુક્રમે ઉત્તાન તથા અધોમુખને મળતા આવે છે. આમ હસ્ત પ્રચારની નીચે જણાવેલી પાંચ શ્રેણીઓ મળે છે જે હથેળીના શક્ય એટલા તમામ હલન ચલન તથા સ્થિતિ-ગતિ આવરી લે છે.

| | | |
|---|---|---|
| (૧) | ઉત્તાન, ઉગ્ર : | હથેળી ઉપરની દિશા તરફ મુખવાળી રહે છે એટલે કે હથેળી ચત્તી રાખવામાં આવે છે. |
| (૨) | અધોમુખ,અધઃસ્તલ | હથેળી નીચેની દિશા તરફ મુખવાળી રહે છે એટલે કે હથેળી ઉંધી રાખવામાં આવે છે. |
| (૩) | પાર્શ્વગ, ત્ર્યસ્ત્ર | હથેળી પડખે ત્રાંસી રાખવામાં આવે છે. |
| (૪) | વર્તુળ | હાથની હથેળી ચારે દિશામાં ગોળ ફરતી રાખવામાં આવે છે. |
| (૫) | સ્થિત | હથેળી સ્થિર અર્થાત્ તેની સ્વાભાવિક સ્થિતિમાં રાખવામાં આવે છે. |

અભિનવગુપ્તના મત પ્રમાણે પ્રસ્તુત હસ્ત પ્રચાર દિશાઓના ભેદથી નિરુપવામાં આવ્યા છે જેમ કે 'પૃથ્વી ઉપર નિર્માણ કરવામાં આવ્યું' એવો અર્થ સૂચવવા માટે પ્રયોજાતા પતાક કે ત્રિપતાક હસ્ત 'ઉત્તાન' રહે છે. ધનુષ્ય ચલાવવાનો ભાવ સૂચવવા માટે પ્રયોજાતો મુષ્ટિ હસ્ત 'પાર્શ્વગ' રહે છે. સમુદ્રનો સંકેત કરવા માટે પ્રયોજાતો સ્વસ્તિક હસ્ત લલાટ ક્ષેત્રમાં 'અધોમુખ' રહે છે.

ભરતમુનિ, હસ્ત પ્રચારનો પ્રયોગ શાસ્ત્રનિર્દિષ્ટ વિધિ સાથે નેત્ર, ભ્રમર તથા મુખરાગ વિગેરે દ્વારા કરવો જોઇએ એવો મત પ્રગટ કરે છે. (શ્લોક ૧૬૪) અભિનવગુપ્ત આ સંદર્ભમાં જણાવે છે કે હસ્ત પ્રચારોને નેત્ર, મુખરાગ તથા ભ્રકુટિની સાથે તેમના ભાવોને વ્યક્ત કરે તે રીતે પ્રયોજવા જોઇએ. પરોક્ષ અભિનયમાં દૃષ્ટિઓ હસ્તને અનુગત રાખવી જોઇએ, જ્યારે પ્રત્યક્ષ અભિનયમાં હસ્તનું અનુગમન નહીં પણ વિપર્યય અર્થાત્ પ્રતિકૂળ કર્મ રહે છે.

'સંગીતરત્નાકર'માં ૧૫ જેટલા હસ્તપ્રચાર નિરુપવામાં આવ્યા છે. ઉત્તાન, અધસ્તલ, પાર્શ્વગત, અગ્રતસ્તલ, સ્વસંમુખતલ, ઉર્ધ્વમુખ, અધોમુખ, પરાઙ્‌મુખ, સંમુખ, પાર્શ્વતોમુખ, ઉર્ધ્વગ, અગ્રગત, અધોગત, પાર્શ્વગત અને સંમુખાગત.

ઉભા અવકાશમાં હાથની હથેળી અને આંગળીઓના હલન ચલન તથા આડા અવકાશમા હાથની હથેળી અને આંગળીઓના હલન ચલન પ્રમાણે ઉપરોક્ત ૧૫ હસ્ત પ્રચારને પાંચ શ્રેણીમાં વિભક્ત કરી શકાય. ઉત્તાન, ઉર્ધ્વમુખ તથા ઉર્ધ્વગ હસ્ત પ્રચાર ઉપરની તરફ થતાં હલન ચલન, અધોમુખ, અધોગત, અધોવદન, હસ્ત પ્રચાર નીચેની તરફ થતાં હલન ચલન, અધોગત, અધોવદન, હસ્ત પ્રચાર નીચેની તરફ થતાં હલન ચલન, પાર્શ્વગત, પાર્શ્વતો મુખ, પડખે થતાં હલન ચલન, અગ્રતસ્તલ, પરાઙ્‌મુખ, અગ્રગત, શરીરના ભાગથી આગળના ભાગમાં થતાં હલન ચલન તેમજ સ્વસંમુખતલ, સંમુખાગત, સંમુખ પાછળની બાજુ થતાં હલન ચલન નિરુપે છે.

હાથની હથેળી સાથે આંગળીઓ પણ જોડાયેલી છે. નાટ્યશાસ્ત્ર પછીના ગ્રંથોમાં ઉપાંગરુપે કરાંગુલિના વિવિધભેદ મળે છે. ભરતમુનિએ કરાંગુલિના ભેદ નિરુપ્યા નથી.

'સંગીતરત્નાકર' તથા 'નૃત્યાધ્યાય'માં કરાંગુલિના સાત જેટલા ભેદ નિરુપવામાં આવ્યા છે. (૧) વિયુક્તા (૨) સંહતા (૩) વક્રા (૪) પતિતા (૫) વેલિતા, (૬) પ્રસૃતા (૭) કુંચન્મુલા.

## હસ્તકરણ

નાટ્ય તથા હસ્તાભિનયના વિશેષજ્ઞોએ હાથના ચાર વિભાગ કર્યા છે જે ધ્યાનથી જાણી લેવા જરુરી છે એમ જણાવી ભરતમુનિ હસ્તકરણના ચાર વિભાગ ગણાવે છે:
(૧) આવેષ્ટિત (૨) ઉદ્વેષ્ટિત (૩) વ્યાવર્તિત (૪) પરિવર્તિત .

(અધ્યાય-૯ શ્લોક ૨૦૫, ૨૦૬)

| | | |
|---|---|---|
| (૧) <u>આવેષ્ટિત</u> | તર્જની આંગળીથી આરંભી બધી આંગળીઓ વેષ્ટિત ( pointing inwards ) થતી હોય અને હાથ ગોળ ઘૂમતો હોય તેવું કરણ (શ્લોક ૨૦૭) ભરતમુનિએ આ કરણના સંદર્ભમાં પ્રયોજેલા 'અભ્યન્તર' પદનો અર્થ અભિનવગુપ્ત હથેળીની સન્મુખ બાહ્ય પ્રદેશથી લઈને વક્ષ:સ્થલ સુધી જવું એવો કરે છે, ને અભ્યન્તરત્વથી તલસમ્મુખત્વનો અર્થ સૂચિત થતો હોવાનું જણાવે છે. | અહીં તર્જની આંગળીથી લઈ એક પછી એક બધી આંગળીઓ અંદર વળે છે. હાથની હથેળી અધોમુખ સ્થિતિમાં રહે છે તથા હાથ, કાંડા આગળથી ગોળ ફરે છે. |
| (૨) <u>ઉદ્વેષ્ટિત</u> | તર્જનીથી આરંભી બધી આંગળીઓ વડે ક્રમશ: હાથને બહારના ભાગથી આવેષ્ટિત ( pointing out wards ) કરવામાં આવે અને પછી હાથ ગોળ ફેરવવામાં આવે. (શ્લોક ૨૦૮) ભરતમુનિએ પ્રયોજેલા 'બહિર્મુખત્વ' પદનો અર્થ અભિનવગુપ્ત વૃક્ષ:ક્ષેત્રથી બહિર્ગમન એવો કરે છે. | અહીં તર્જની આંગળીથી લઈ એક પછી એક બધી આંગળીઓ બહારની તરફ ખૂલે છે. હાથની હથેળી 'ઉત્તાન' રહે છે. હાથ, કાંડા આગળથી ગોળ ફરે છે. |
| (૩) <u>વ્યાવર્તિત</u> | કનિષ્ઠિકા આંગળીથી આરંભી બધી આંગળીઓ ક્રમશ:અંદરના ભાગથી આવેષ્ટિત pointing inwards કરવામાં આવે અને હાથ ગોળ ફેરવવામાં આવે. (શ્લોક ૨૦૯) ભરતમુનિએ આ કરણના સંદર્ભમાં પ્રયોજેલા 'અભ્યન્તર' પદનો અર્થ અભિનવગુપ્ત વક્ષ:સ્થલના ક્ષેત્રની વિરુદ્ધ દિશામાં કનિષ્ઠાદિનું આવર્તન અથવા ઘુમાવ એવો કરે છે. | આવેષ્ટિત કરતાં વિપરીત પ્રકારનું કરણ અહીં ટચલી આંગળીથી શરૂ કરી બધી આંગળીઓ અંદર વળે છે અને હાથની હથેળી ઉત્તાન રહે છે તથા હાથ,કાંડા આગળથી ગોળ ફરે છે. |

| | | |
|---|---|---|
| (૪) <u>પરિવર્તિત</u> | કનિષ્ઠિકા આંગળથી આરંભી બધી આંગળીઓ ક્રમશઃ હાથને બહારના ભાગથી આવેષ્ટિત કરે pointing outwards અને હાથ ગોળ ફેરે (શ્લોક ૨૧૦) | ઉદ્વેષ્ટિત કરતાં વિપરીત ટચલી આંગળીથી શરૂ કરી બધી આંગળીઓ બહાર ખુલે છે. હાથની હથેળી કાંતો અધોમુખ અથવા પાર્શ્વગ રહે છે. હાથ, કાંડા આગળથી ગોળ ફરે છે. |

ભરતમુનિ દ્વારા નિરુપિત આ ચાર પ્રકારના હસ્તકરણ, અધ્યાય-૪ માં તાંડવલક્ષણ અંતર્ગત નિરુપવામાં આવેલા ૧૦૮ કરણ કરતાં તદ્દન ભિન્ન પ્રકારનાં છે. આ સંદર્ભમાં કરણની વ્યાખ્યા આપતા અભિનવગુપ્ત જણાવે છે કે અંગુલિતુલન રુપ ક્રિયા વડે જે અભિનયવિશેષ સંપાદિત થાય તે કરણ. જ્યાં અભિનયની સમાપ્તિ ના થતી હોય ત્યાં વર્તના અર્થાત હસ્તવિન્યાસ અપેક્ષિત રહે છે જે 'અંગત્રોટન'ના નામે ઓળખાય છે.

ભરતમુનિના મત પ્રમાણે જ્યારે નૃત્ત તથા નાટ્ય અભિનયમાં આ હસ્તકરણને તેમની વિભિન્ન ક્રિયાઓ વડે પ્રદર્શિત કરવામાં આવે ત્યારે તેમને મુખ, ભ્રમર તથા નેત્ર અનુસાર પ્રયોજવામાં આવે. અભિનવગુપ્ત આ સંદર્ભમાં જણાવે છે કે નૃત્ત તથા અભિનયમાં 'કરણ'નો પ્રયોગ અધિક માત્રામાં કરવો ઇષ્ટ છે જે હાથ દ્વારા થાય છે. કારણ કે તેનાથીજ વર્તના ઉત્પન્ન કરવામાં આવે છે. નૃત્ત તથા નાટ્યમાં ઉપયોગી હસ્ત-પાણિ છે. તેને મુખ, નેત્ર, ભ્રૂકુટિથી યુક્ત અથવા અનુગત રાખવાનો આશય છે. જ્યાં વર્તના ચાલે ત્યાં મુખાદિ રહે. જ્યાં હાથ જાય ત્યાં મુખ જાય. જ્યારે નેત્ર, મુખ આદિના રાગ વર્તનાથી વ્યક્ત થતાં હોય ત્યારે તેને મુખ, ભ્રૂ, નેત્રથી યુક્ત કેવી રીતે રાખી શકાય તેવા માર્મિક પ્રશ્નના જવાબમાં અભિનવગુપ્ત જણાવે છે કે આવા સંજોગોમાં અભિનયની પૂર્તિ માટે તેનો પ્રયોગ થવો જોઇએ. વર્તનામાં રહેનારી આજ પ્રક્રિયા છે તેથી પુનરુક્તિ થતી નથી.

## કરણગત બાહુની વિવિધ ગતિ

નર્તકોએ કરણમાં સ્થિત બાહુઓની દશ પ્રકારની ગતિનું સદા જ્ઞાન રાખવું જોઇએ એમ કહી ભરતમુનિ બાહુઓની કરણના સંદર્ભમાં નીચેની દશ ગતિઓ ગણાવે છે.

(અધ્યાય-૯ શ્લોક ૨૧૨-૨૧૩)

---

| | | | |
|---|---|---|---|
| (૧) | તિર્યક | જેની ગતિ બાજુમાં-પડખે-પાર્શ્વે થતી હોય તે બાહુ અથવા બાહુની પડખે ગતિ અથવા પડખે રહેલો હાથ (અભિનવગુપ્ત) | શરીરના મધ્ય ભાગની સમરેખ અને એક પડખાથી બીજા પડખા સુધી બાહુની ગતિ રહે છે. |
| (૨) | ઉર્ધ્વસંસ્થ | મસ્તકની ઉપર જતો હાથ - માથા ઉપર આકાશ તરફ ઊંચો કરેલો હાથ (અભિનવગુપ્ત) | બાહુની મસ્તકની સમરેખ તથા ઉર્ધ્વગામી ( upward )ગતિ રહે છે. |
| (૩) | અધોમુખ | પૃથ્વી તરફ રાખેલો હાથ/જમીનને અડકતો હાથ. (અભિનવગુપ્ત) | શરીરના નિમ્નભાગના અંગોથી જમીન સુધી બાહુ નીચે લઇ જવામાં આવે છે. |
| (૪) | અંચિત (કુંચિત) | વૃક્ષ:સ્થલથી શિર:પ્રદેશ સુધી લઇ જઇ પાછા લઇ જવા/હાથને છાતી આગળથી માથા સુધી લઇ જઇ તેને પાછો છાતી આગળ લાવવો. (અભિનવગુપ્ત) | હાથને છાતીની સમરેખ લંબાવવાથી અને પુન:છાતી આગળ લાવવાથી બાહુની થતી સ્થિતિ નિરુપે છે. |
| (૫) | અપવિદ્ધ (આવિદ્ધ) | ચક્રાકાર ગતિથી હાથ ચારે બાજુ ફેરવવો/હાથને છાતી આગળથી મંડલની જેમ ફેરવતાં આગળ લઇ જવો. (અભિનવગુપ્ત) | અવકાશમાં બાહુની ચક્રાકાર ગતિ રહે છે. |

(કુંચિતનો ભરતમુનિએ ઉલ્લેખ કર્યો નથી પણ અભિનવગુપ્તે તેનું લક્ષણ સાથે સાથે નિરુપ્યું છે.)

| | | |
|---|---|---|
| (૬) મંડલગતિ | હાથને શરીરની ચારે બાજુ ફેરવવો (અભિનવગુપ્ત) | અવકાશમાં બાહુની ચક્રાકાર ગતિ રહે છે. |
| (૭) સ્વસ્તિક | ડાબા હાથ વડે જમણા હાથના અને જમણા હાથ વડે ડાબા હાથના કોણી અને ખભાની વચ્ચેના ભાગને સ્પર્શ કરવો તે (અભિનવગુપ્ત) | શરીરના કોઇપણ ભાગની સમરેખ બાહુઓ સ્વસ્તિક સ્થિતિમાં રહે છે. |
| (૮) પૃષ્ઠાનુસારી | બરડા તરફ પાછળ રાખેલો હાથ (અભિનવગુપ્ત) | શરીરની જાડાઇ — thickness ના અનુસંધાનમાં બાહુની ગતિ રહે છે. |
| (૯) ઉર્ધ્વસ્થિત | પોતાના સ્થાનથી નીકળીને મણિબન્ધ નામની વર્તનાથી નિષ્ક્રમણ કરતો હાથ (અભિનવગુપ્ત) | |
| (૧૦) પ્રસારિત | અગ્રભાગમાં લાંબો કરેલો હાથ/ કલાઇ અર્થાત્ કાંડાના અગ્રભાગનું અનુધાવન કરે તે હાથ (અભિનવગુપ્ત) | શરીરની જાડાઇના અનુસંધાનમાં બાહુની ગતિ રહે છે. |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ભરતમુનિએ કરણગત બાહુઓની ગતિ'માં બાહુઓની વિવિધ દશાઓમાં થતી સંચાલન ક્રિયાઓ વર્ણવી છે. જેને બાહુપ્રચાર કહેવામાં આવે છે. જો કે હસ્ત ભેદના કરણોની અંતર્ગત તેનું સંચાલન નિરુપવામાં આવ્યું હતું પણ અહીં 'બાહુપ્રચાર'ના નામે પૃથક્ રીતે ફરી વર્ણવવામાં આવ્યું છે. ભરતમુનિએ સંચાલનના નામ માત્ર ગણાવ્યા છે, લક્ષણ નહીં. પણ આચાર્ય અભિનવગુપ્તે તેના સ્વરુપ નિરુપ્યા છે જે પ્રસ્તુત શાસ્ત્રોના

બીજા ખાનામાં આપવામા આવ્યા છે. ત્રીજા ખાનામાં બાહુની ગતિની કક્ષા level તથા વ્યાપ range દર્શાવવામાં આવ્યા છે.

આચાર્ય અભિનવગુપ્તે આ બાહુ પ્રકારોની સંચાલન ક્રિયાગત યોજનાની દ્રુતગ મધ્ય અથવા વિલંબિત ગતિ દ્વારા વિચિત્રતા ઉત્પન્ન કરવાનો નિર્દેશ પણ કર્યો છે.

નાટ્યશાસ્ત્રસંગ્રહ તથા સંગીતરત્નાકર ગ્રંથોમાં બાહુઓના અન્ય ૬ પ્રભેદ આપવામાં આવ્યા છે. તેના નામ તથા સ્વરુપ આ પ્રમાણે છે. (૧) આવિધ્ધ (૨) કુંચિત (૩)નમ્ર (૪) સરળ (૫) આંદોલિત તથા (૬) ઉત્સારિત.

આવિધ્ધ : બહારથી પોતાના તરફ ખેંચવામાં આવેલો હાથ.

કુંચિત : કોણીસો સંકોચી વાળવામાં આવેલો હાથ.

નમ્ર : સહજ ભાવથી થોડો ત્રાંસો અથવા નમેલો રાખેલો હાથ.

સરળ : બંને પડખે સૌષ્ઠવપૂર્ણ રીતે સરળતાથી અથવા સીધો રાખેલો હાથ.

આન્દોલિત : ઝુલતો રાખેલો હાથ.

ઉત્સારિત : વિરુધ્ધ દિશામાં રાખવામાં આવેલા હાથને પોતાની બાજુથી બીજી તરફ લઇ જવો.

નમ્ર, સરળ તથા ઉત્સારિત બાહુપ્રચાર ક્રમાનસદેશ ગતિ નિરુપે છે. આંદોલિત બાહુપ્રચાર ઝુલતી ગતિનો નિર્દેશ કરે છે.

ભરતમુનિએ કાંડાના વિવિધ હલન ચલન સ્વતંત્રરુપે નિરુપ્યા નથી પણ હથેળી તથા આંગળીના વિવિધ હલન ચલનમાં તેનો સમાવેશ થઇ જાય છે.

'સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાય' ગ્રંથોમાં કાંડાના વિવિધ હલનચલન 'મણિબન્ધ' અભિનય શિર્ષક હેઠળ નિરુપવામાં આવ્યા છે. (૧) નિકુચ (૨) આકુંચિત (૩) ચલ (૪) ભ્રમિત (૫) સમ. વળી આજ ગ્રંથોમાં 'સ્કન્ધ (ખભા) ના પણ પાંચ સ્વતંત્ર કર્મો વર્ણવવામાં આવ્યા છે જેનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં નથી. (૧) એકોચ્ચ (૨) કર્ણલગ્ન (૩) ઉચ્છિન્ન (૪) ત્રસ્ત (૫) લોલિત.

આમ હસ્તાભિનય અંતર્ગત ખભાથી માંડી આંગળીના ટેરવા સુધીના તમામ અંગોના વિવિધ હલન ચલન નિરુપવામાં આવ્યાં છે.

' હસ્તાભિનયનો આધાર '

ભરતમુનિ હસ્તનો વિવિધ મુદ્રા તથા ભાવભંગિમાના કેટલાક આધારભૂત તત્વો વિશે પણ લંબાણપૂર્વક ચર્ચા કરે છે.

(૧)

આકૃત્યા ચેષ્ટયા ચિહ્નૈર્જાત્યા વિજ્ઞાય તત્ત્વત: ।
સ્વયં વિતર્ક્ય કર્તવ્યં હસ્તાભિનયં બુધૈ : ॥

અધ્યાય-૯ /૧૫૫

હસ્તમુદ્રાઓને તેમની આકૃતિ, ચેષ્ટા, ચિહ્ન તથા જાતિના આધારે સ્વયં પોતાના અનુભવ તથા અવલોકનના આધારે પ્રયોજવી જોઇએ.

(૧) આકૃતિ : આકૃતિ એટલે હસ્તમુદ્રાનો બાહ્ય આકાર. સ્વરુપ form હસ્તમુદ્રાની જે બાહ્ય આકૃતિ થતી હોય તે પ્રમાણે તેનો વિનિયોગ કરવો જોઇએ. દા.ત. 'પદ્મકોશ' અસંયુત હસ્તનો બાહ્ય આકાર પદ્મકોશ જેવો થતો હોવાથી તેનો વિનિયોગ વિકસિત કમળ, કુમુદિની વિગેરે દર્શાવવા કરવો જોઇએ.

(૨) ચેષ્ટા : ચેષ્ટા એટલે ગતિ movement હાથની દ્રુત, મધ્ય કે વિલંબિત ગતિ જોઇ તેનો વિનિયોગ કરવો જોઇએ. દા.ત. પતાક હસ્તથી અગ્નિની જ્વાળાઓ દર્શાવી હોય તો હાથ દ્રુત ગતિમાં રાખવો જોઇએ.

(૩) ચિહ્ન : ચિહ્ન એટલે અગત્યતા. Significance જ્યાં જેની વધારે અગત્યતા હોય ત્યાં તે હસ્તનો પ્રયોગ કરવો. દા.ત. જલસિંચન -નો ભાવ સર્પશીર્ષ હસ્તથી પણ બતાવી શકાય અને નલિની પદ્મકોશ હસ્ત વડે પણ જ્યાં જે અગત્યનો હોય ત્યાં તે પ્રયોજવો જોઇએ.

(૪) <u>જાતિ</u> : જાતિ એટલે પ્રકાર. અસંયુત, સંયુત અને નૃત્ત. જ્યાં અર્થાભિનય હોય ત્યાં અસંયુત તથા સંયુત ને જ્યાં માત્ર શોભા સાધવાની હોય ત્યાં નૃત્તહસ્ત પ્રયોજવો જોઇએ.

( ૨ )

દેશ કાલં પ્રયોગંચાપ્યર્થ યુક્તિ મવેક્ષ્ય ચ ।
હસ્તા હ્યેતે પ્રયોક્તવ્યા નૃણાં સ્ત્રીણાં વિશેષત: ॥

( અધ્યાય-૯ શ્લોક ૧૫૮ )

હસ્તમુદ્રાઓ પુરુષો તથા ખાસ કરીને સ્ત્રીઓ દ્વારા દેશ, કાળ, પ્રયોગ તથા અર્થયુક્તિ જોઇ પ્રયોજવી જોઇએ.

૫) <u>દેશ</u> : દેશ એટલે ક્ષેત્રવિશેષ એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. ક્ષેત્રવિશેષ એટલે હસ્તમુદ્રા જે ક્ષેત્રમાં પ્રયોજાતી હોય તે અંગ ક્ષેત્ર. દા.ત. વૃક્ષ:સ્થલ, શિરવિગેરે. જેમ કે પતાક મુદ્રાવાળા હાથને લલાટ ક્ષેત્રમાં રાખવાથી ગર્વનો ભાવ વ્યક્ત થાય છે અને નિમ્ન અંગોના ક્ષેત્રમાં રાખવાથી સમુદ્રમાં આવતી ભરતી સૂચવી શકાય છે.

સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાય વિગેરે ગ્રંથોમાં હાથ જે ક્ષેત્રમાં ક્રિયાશીલ હોય તેના આધારે વિવિધ 'કરક્ષેત્ર' સ્વતંત્રરુપે નિરુપવામાં આવ્યા છે. જેમ કે પુર:પાર્શ્વ એટલે કે પડખાના આગળના ભાગમાં. પશ્ચાત્પાર્શ્વ એટલે પડખાના પાછળના ભાગમાં. નાટ્યશાસ્ત્રમાં સ્વતંત્રરુપે 'કરક્ષેત્ર' નિરુપવામાં આવ્યા નથી પણ હસ્તના લક્ષણો તથા વિનિયોગમાંજ ક્ષેત્રવિશેષ વણી લેવામાં આવ્યા છે.

(૬) <u>કાલ</u> : કાલ એટલે પ્રસંગ. પરિસ્થિતિ વિગેરે. પાત્ર જે પરિસ્થિતિમાં હોય તે પરિસ્થિતિ પ્રમાણે હસ્તનો પ્રયોગ કરવો કે ન કરવો તે.

ભરતમુનિ જણાવે છે કે જ્યારે પાત્ર મદ્યપ, પ્રમત્ત, ઉન્મત્ત, શીત-ભય-જ્વરથી પીડિત હોય ત્યારે આવા પ્રસંગે 'વિહસ્ત'નો પ્રયોગ કરવો જોઇએ. અભિનવગુપ્ત 'વિહસ્ત'નો અર્થ હસ્તમાં વિકળતા- વિહ્વળતા રહેવી એવો કરે છે. પાત્ર ક્યારેક એવી પરિસ્થિતિમાં હોય છે કે હસ્તાભિનય અલ્પ અથવા બિલકુલ ન કરી શકે જેમ કે

વિષાદ, મૂર્છા, લજ્જા, જુગુપ્સા, શોક, જ્વરગ્રસ્તતા, તપની પ્રબળ પીડા, સંભ્રાન્તનો ઉદ્વેગજનક સ્થિતિ. આવી પરિસ્થિતિમાં સત્વસમાશ્રિત અભિનય તથા વિવિધ અર્થ અને રસનો ભાવક એવો કાકુ સ્વર - વાચિક અભિનય યોજવો એવું ભરતમુનિનું વિધાન છે.

> ન હસ્તાભિનય: કાર્ય: કાર્ય: સત્વસમાશ્રય: ।
> તથા કાકુ વિશેષશ્ચ નાનાર્થ રસભાવક : ॥ ૧૭૩ ॥

આવા પ્રસંગોમાં હસ્તાભિનયનો પ્રયોગ ન કરવામાં 'સૌષ્ઠવ' રહે છે. ભરતમુનિ સ્પષ્ટપણે જણાવે છે કે આંતરિક ઉદ્વેગોની તીવ્રતા તથા બાહ્ય પ્રાકૃતિક પરિસ્થિતિના કારણે હૃદયને ઉંડો આઘાત પહોંચ્યો હોય ત્યારે 'હસ્તાભિનય' ભાવની અભિવ્યક્તિ માટે સક્ષમ માધ્યમ બની શકતું નથી. સાત્વિક અભિનય દ્વારાજ અહીં અભિનય સૌષ્ઠવની વ્યંજના થઇ શકે છે. અભિનવગુપ્તનો અભિપ્રાય છે કે આવી પરિસ્થિતિમાં જે હસ્ત આંતરિક ચિત્તવૃત્તિ સૂચિત કરતો હોય તે અવશ્ય પ્રસ્તુત કરી શકાય. જેમ કે કપોત હસ્ત ભયનું, કર્કટક હસ્ત મદનહેતુક જૃભા (બગાસા)નું શુકતુણ્ડ હસ્ત ઇર્ષ્યાનું સૂચન કરતાં હોય તો તેવો હસ્ત આ પ્રસંગે પ્રયોજી શકાય છે. જો કે આવા સમયે બાહ્યગુણ અથવા દ્રવ્યનું પ્રકાશન થતું હોય ત્યારે તેનો પ્રયોગ ન કરવો એમ પણ અભિનવગુપ્ત જણાવે છે.

ભરતમુનિના મત પ્રમાણે પાત્ર વ્યગ્ર સ્થિતિમાં હોય કે વ્યસ્ત હોય ત્યારે તેવે પ્રસંગે પણ હસ્તાભિનય રજૂ કરી શકાતો નથી. આવા સમયે મુખરાગ અથવા અર્થપ્રકાશક તથા વિરામ આદિથી યુકત વાચિક અભિનય પ્રયોજવો જોઇએ.

> યત્ર વ્યગ્રાવુભૌ હસ્તૌ તત્તદ્દૃષ્ટિ વિલોકનૈ: ।
> વાચિકાભિનયં કુર્યાદ વિરામૈરર્થદર્શકૈ : ॥ ૧૭૪ ॥

અભિનવગુપ્ત આ સંદર્ભમાં ઉદાહરણ આપતા જણાવે છે કે રથારુઢ થયેલો સારથિ બંને હાથ વડે લગામ પકડતો હોવાથી તેના હાથ વ્યસ્ત રહે છે.તેથી આવા પ્રસંગે તે હસ્તાભિનય દર્શાવી ના શકે. એટલે આવા સમયે વાચિક અભિનય તથા મુખરાગજ અભિવ્યકિતનું સાધન બને છે.

(૭) પ્રયોગ : પ્રયોગ એટલે સુકુમાર કે ઉધ્ધત રુપકવિશેષ એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે. રુપકના પ્રકારના આધારે તેના પ્રયોગના આધારે હસ્તાભિનય પ્રયોજવો જોઇએ. પ્રયોગ સુકુમાર છે કે ઉધ્ધતને જોઇને હસ્તપ્રચાર યોજવો જોઇએ.

(૮) અર્થયુકિત : અર્થયુકિત એટલે અભિધેય (વાચ્ય) ગૌણ (લાક્ષણિક લક્ષ્ય) તથા પ્રતીયમાન અર્થ (વ્યંગ્ય)ના આધારે હસ્તાભિનય. વાકયનો કે પદનો વાચ્ય અર્થ લેવો કે વ્યંગ્યાર્થ એ સંદર્ભ જોઇ નક્કી કરી તે પ્રમાણે હસ્તાભિનય યોજવો જોઇએ.

વાચિક અભિનય સમયે પાત્ર હસ્તમુદ્રાઓ દ્વારા અનેક વ્યંગ્ય અર્થ પ્રગટ કરે છે એટલે હસ્તાભિનયમાં અર્થયુકિત અતિ આવશ્યક છે. તેના દ્વારા અનેક ચમત્કારપૂર્ણ અર્થપરંપરા જન્મે છે.

પુરુષોના આચાર સ્ત્રીઓની અપેક્ષા સામાન્ય હોય છે તેથી પુરુષોની અપેક્ષા સ્ત્રીઓના વિશેષરુપમાં હસ્ત પ્રયોજવા જોઇએ એવો ભરતમુનિનો આશય છે.

( ૩ )

રસ તથા ભાવ અનુસાર સ્થાયી તેમજ સંચારીના ભેદથી તથા ભિન્ન ભિન્ન વિભાવ ભેદને કારણે હસ્તકર્મ થાય છે. (રસભાવકૃતાનિ/૧૫૯)

(૯) વિભાવભેદ : અભિનવગુપ્ત આ સંદર્ભમાં ઉદાહરણ આપતા જણાવેછે કે એકજ કેશાકર્ષણ વ્યાપારનો અભિનય વિભાવભેદને લીધે વિભિન્ન પાત્રો દ્વારા વિભિન્ન હસ્તમુદ્રાઓ દ્વારા થાય છે જેમ કે વિદુષક દ્વારા કેશાકર્ષણ 'કટકામુખ' હસ્ત દ્વારા તથા નાયક દ્વારા પ્રિયાનું કેશાકર્ષણ અરાલહસ્ત દ્વારા તથા રતિક્રીડામાં કેશાકર્ષણ મુષ્ટિ હસ્ત દ્વારા કરવામાં આવે છે. એજ પ્રમાણે એકજ કેશાકર્ષણ ક્રિયાની સ્થિતિને મનોભાવ તથા પાત્રોની ભિન્નતા--વિભાવભેદ-ને કારણે ભિન્ન ભિન્ન સ્વરુપે દર્શાવવી વધુ યોગ્ય ગણાય એવો અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

(૪)

કરણં કર્મ સ્થાનં પ્રચાર યુકિતં ક્રિયાસ્ય સમવેક્ષ્ય ।
હસ્તાભિનય: કાર્યસ્તજ્જ્ઞૈ લોંકોપચારેણ ॥ ૧૬૫ ॥

તજજ્ઞોએ હસ્તાભિનયનો લોકવ્યવહાર અનુસાર પ્રયોગ કરવો જોઇએ તથા તે સમયે તેના કરણ, કર્મ, સ્થાન, પ્રચાર, યુક્તિ તથા ક્રિયા ધ્યાનમાં રાખી પ્રયોગ નિશ્ચિત કરવો જોઇએ.

(૧૦) કરણ : કરણનો અર્થ છે આવેષ્ટિત, ઉદ્વેષ્ટિત, વ્યાવર્તિત તથા પરિવર્તિત એ ચાર પ્રકારના હસ્તકરણ.

(૧૧) કર્મ : કર્મનો અર્થ છે પતાક વિગેરે હસ્તભેદ.

(૧૨) સ્થાન : સ્થાન એટલે (૧) હથેળીની ઉત્તાન, અધોમુખ ઉર્ધ્વમુખ વિગેરે સ્થિતિ (૨) લલાટ વિગેરે કરક્ષેત્ર અથવા પ્રદેશ.

પ્રદેશ સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે :-

ઉત્તમાનાં કરાઃ કાર્યા લલાટ ક્ષેત્ર ચારિણ : ।
દક્ષસ્થાણ્યેવ મધ્યામામધામાનામધોગતા ॥ ૧૬૬ ॥

ઉત્તમ (પાત્રો) ના હસ્ત લલાટ પ્રદેશ સમીપ, મધ્યમ પાત્રોના હસ્ત વક્ષ:સ્થલ સમીપ તથા અધમ પાત્રોના હસ્ત નિમ્ન અંગો સમીપ ક્રિયાશીલ રાખવા જોઇએ.

હસ્તાભિનયમાં સ્થાનની યોજના પાત્રની શ્રેણી અનુસાર થાય છે.

ઉત્તમ શ્રેણીના પાત્ર હસ્તાભિનય કરતી વેળા પોતાના હાથ લલાટ વિગેરે ઉત્તમ સ્થાન તરફ લઇ જાય છે. મધ્યમ પાત્ર વક્ષ:સ્થલ તરફ તથા અધમ પાત્ર કટિ વિગેરે નિમ્ન અંગોને સ્પર્શ કરી ભાવ પ્રગટ કરે છે.

સ્થાનવિભાજનની આ પ્રણાલિકાનું અભિનવગુપ્તના ગુરુ શ્રી ભટ્ટ તૌતે સમર્થન કરતાં જણાવ્યું છે કે પ્રસ્તુત સ્થાન વિધાન પાત્રોની ઉત્તમ આદિ સ્થિતિની સાથે તેમની માનસિક સ્થિતિનો પણ આધાર લઇ રજૂ કરવામાં આવ્યું છે. ઉત્તમ પાત્રે હૃદયમાં સ્થિત ઉત્તમ વાત પ્રગટ કરવાની હોય ત્યારે તેનો હાથ ઉત્તમ અંગોનેજ સ્પર્શે છે પણ જ્યારે ઉત્તમ પાત્રે હીન ભાવ પ્રગટ કરવાનો હોય ત્યારે તેનો હાથ નિમ્ન અંગોને સ્પર્શે છે. ઉત્તમ અર્થની અભિવ્યંજનામાં હાથ ઉત્તમ અંગોને તથા હીન અર્થની અભિવ્યંજનામાં નિમ્ન અંગોને

સ્પર્શે છે. આમ માત્ર પાત્રની ઉત્તમતાજ નહિ પણ ભાવ, વિચાર અને અર્થની ઉત્તમતા, મધ્યમતા કે અધમતા 'સ્થાન' નક્કી કરે છે.

અભિનવગુપ્ત 'સ્થાન' સંબંધી ચર્ચા કરતા જણાવે છે કે ઉત્તમ પાત્રનો સન્નિકૃષ્ટ પ્રદેશમાં, મધ્યમ પાત્રનો મધ્યમ પ્રદેશમાં તથા અધમ પાત્રનો વિપ્રકૃષ્ટ પ્રદેશમાં અભિનય કરવામાં આવે. અહીં લલાટ વિગેરે શબ્દ ઉપલક્ષણાર્થક છે. આ ક્ષેત્રોમાં વર્તના એટલે કે હસ્તવિન્યાસના નિયોજનની સાથે સાથે ઉત્તમ પાત્ર (રાજા વિગેરે) પોતાના સ્વરુપને યોગ્ય સ્થાન પર અભિનય કરે. અહીં એ પણ સૂચિત થાય છે કે દેવ, ગુરુ, નૃપ વિગેરે ઉત્તમ પાત્ર ~~પાત્ર~~ લલાટ ક્ષેત્રસ્થ અંજલિ હસ્ત વડે, અમાત્ય, વિદૂષક વિગેરે મધ્યમ પાત્ર વક્ષ:સ્થ ચતુર વિગેરે હસ્ત વડે તથા ચર વિગેરે અધમ પાત્ર શુકતુણ્ડ વિગેરે હસ્ત વડે પોતાનો અભિનય કરે છે

(૧૩) <u>પ્રચાર</u> : પ્રચાર એટલે સ્વલ્પ, મધ્ય તથા અધિક પ્રમાણમાં હસ્તોનું ચાલન.

પ્રચાર સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે :

જ્યેષ્ઠે સ્વલ્પપ્રચારા : સ્યુર્મધ્યે કુર્વાત મધ્ય મે : ।
અધમેષુ પ્રકીર્ણાશ્ચ હસ્તા: કાર્યા: પ્રયોકતૃભિ: ॥

શ્લોક - ૧૬૭

જ્યેષ્ઠ (અભિનય) માં હસ્તમુદ્રાઓનો પ્રચાર અલ્પ રહેવો જોઇએ. મધ્યમાં મધ્યમ પ્રચાર તથા અધમ અભિનયમાં હસ્તમુદ્રાઓનો વિપુલતાથી પ્રચાર થવો જોઇએ.

ભરતમુનિએ જેમાં સાત્વિક અભિનય વિશેષ પ્રમાણમાં હોય તેને જ્યેષ્ઠ અભિનય માન્યો છે. આવા પ્રકારનો અભિનય સત્વ આશ્રિત હોવાને લીધે તેમાં માનસિક અભિનયનું પ્રાધાન્ય રહે છે અને કાયિક અભિનય ગૌણ બની જાય છે. માટે અહીં જ્યેષ્ઠ અભિનયમાં હસ્તનો પ્રચાર અલ્પ હોવાનું જણાવ્યું છે. જેમાં સાત્વિક અભિનય સૌથી ઓછો તથા આંગિક અભિનય વિશેષ પ્રમાણમાં હોય તેને ભરતમુનિએ કનિષ્ઠ અભિનય કહયો છે. તેમાં હસ્તપ્રચાર અધિક પ્રમાણમાં રહે છે.

ઉત્તમ શ્રેણીના પાત્રો ભાવાભિવ્યક્તિ સાત્વિક અભિનયથી સાધતા હોવાથી અહીં 'જયેષ્ઠ' પદથી પાત્રોની ઉત્તમતા પણ સૂચવાય છે. અભિનવગુપ્ત, જયેષ્ઠ વિગેરે શબ્દોથી રુપકની ઉત્તમતા પણ લક્ષિત હોવાનું જણાવે છે. જયેષ્ઠ અર્થાત્ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચારેયનો ઉપદેશ આપનાર ઉત્તમ નાટક આદિના પ્રયોગમાં પ્રત્યક્ષની પ્રધાનતા રહે છે તેથી હસ્તનો સ્વલ્પ અભિનય રહેવો જોઇએ. હાસ્યપ્રધાન ભાણ વિગેરે રુપકોના પ્રયોગમાં મધ્યમ હસ્ત પ્રયોગ રાખવો જોઇએ કારણ કે તેમાં પ્રત્યક્ષની પ્રધાનતાની સાથે આકાશભાષિત વિગેરેની પણ બહુલતા રહે છે. નૃત્ત જેવા અધમ કોટિના રુપકમાં હસ્તપ્રચાર વિશેષ રહે છે કારણ કે અહીં ભાવનિરુપણનું એક માત્ર સાધન હસ્ત આદિ પ્રચારજ હોય છે.

ભરતમુનિ અભિનયમાં હસ્તના મહત્વનો સ્વીકાર કરે છે પણ હસ્તપ્રચારના પ્રાચુર્યથી અભિનય ઉત્તમ થઇ જાય છે એ વાત સ્વીકારતા નથી તે ઉપરોક્ત શ્લોક પરથી સ્પષ્ટ થાય છે. ઉત્તમ અભિનયનો આધાર તો સાત્વિક અભિનય છે. કારણ કે તેના દ્વારાજ ચિત્તવૃત્તિનો સાક્ષાત્કાર થાય છે. જયાં અભિનય પ્રત્યક્ષ, વર્તમાન, આત્મસ્થ ના હોય, પરોક્ષભાવી તથા પરસ્થ હોય ત્યાં સાત્વિક ભાવ અલ્પ માત્રામાં રહે છે. અહીં ભાવાવેશ હૃદયમાંથી સ્ફુટ થતો નથી. તેથી બાહ્ય આકર્ષણ અને શોભા માટે હસ્તપ્રચારનો પ્રયોગ કરવામાં આવે છે. આવા અધમ કોટિના અભિનયમાં વિપ્રકીર્ણ હસ્તમુદ્રાઓનો પ્રયોગ થાય છે.

(૧૪) <u>યુક્તિ</u> : અહીં 'યુક્તિ'નો અર્થ અભિનવગુપ્ત 'અર્થના વિષયમાં ગૌણ અથવા મુખ્યની ઉપપત્તિ ધ્યાનથી વિચારી તદાનુસારી અભિનય કરવો તે.

તેનું ઉદાહરણ આપતા અભિનવગુપ્ત જણાવે છે કે ' આ બ્રાહ્મણ બળદિયો છે ' એવો અર્થ થતો હોય તો ત્યાં મૃગ (પશુ) રુપ અર્થને સ્વરુપ માની કર્તરીમુખ કે મૃગશીર્ષ હસ્ત પ્રયોજી પશુનો અભિનય કરવો યોગ્ય નથી. પરંતુ અહીં 'બળદિયો' શબ્દ 'બળદ' જેવા પ્રાણીનું - ~~પશું~~ નહિ પણ 'મૂર્ખતા' નું સૂચન કરતો હોવાથી મૂર્ખતાનો અભિનય ચતુર,

શુકતુણ્ડ, શિખર તથા નિષધ હસ્તના પ્રયોગ દ્વારા કરવો જોઇએ. આ પ્રમાણે વિશેષણ વિશેષ્ય ભાવનો વિચાર કરવો એ પણ યુક્તિ કહેવાય છે. જેમ કે 'લમ્બકર્ણ'માં 'લાંબા કાન'નો નહિ પણ 'જેના કાન લાંબા હોય છે તેવા પશુનો' અભિનય વધુ યોગ્ય ગણાય. સંદર્ભ જોઇ એ નક્કી કરવું પડે કે શબ્દાર્થ લેવો કે વ્યંગ્યાર્થ, વિશેષણ લેવું કે વિશેષ્ય. આનું નામજ 'યુક્તિ!

(૧૫) ક્રિયા : અભિનવગુપ્ત ત્રણ પ્રકારની ક્રિયા હોવાનું જણાવે છે (૧) વિધિરુપા (૨) નિષેધરુપા અને (૩) અનુભયરુપા અર્થાત વિધિ તેમજ નિષેધ રહિત.

'' જાઓ, ના જાઓ '' ઇત્યાદિ વિધિમાં પ્રત્યયાર્થનોજ અભિનય થાય છે. નિષેધમાં કેવળ 'ન અર્થ ' નો તથા અનુભયમાં કેવળ પ્રકૃત્યર્થનો અભિનય થાય છે.

(૧૬) લોકોપચાર : અભિનવગુપ્ત જણાવે છે કે કરણ, કર્મ, સ્થાન, પ્રચાર, યુક્તિ તથા ક્રિયા - આ બધામાં વ્યાપક કારણ તો લોકોપચાર અર્થાત લોકવ્યવહાર છે.

ભરતમુનિ જણાવે છે કે ઉત્તમ તથા મધ્યમ પાત્રો દ્વારા શાસ્ત્રોય લક્ષણો અનુસાર હસ્તાભિનય થવો જોઇએ પરંતુ અધમ પાત્રો દ્વારા લોકક્રિયાઓનુંજ અનુકરણ થવું જોઇએ.

લક્ષણવ્યંજિતા હસ્તા: કાર્યસ્તૂત્તમ મધ્યમૈ : ।
લોકક્રિયાસ્વભાવેન નીચૈસ્થ્યર્થ સંશ્રયા : ॥ ૧૬૮ ॥

લક્ષણ અર્થાત વર્તના ક્રમથી યોજિત સૌષ્ઠવ એટલે કે વર્ણિત સ્વરુપ પ્રમાણે. અધમ પાત્રોના હસ્ત લક્ષણો અનુસાર નહીં પણ કેવળ લોકક્રિયા અનુસાર રહે છે. 'લક્ષણવ્યંજિત' શબ્દ પ્રયોગ 'અભિનય સૌષ્ઠવસંપન્ન હોવો જોઇએ.' એવો સંકેત કરે છે. સૌષ્ઠવ દ્વારા અંગોમાં સૌંદર્ય પ્રસરે છે તેથી અભિનય, સૌષ્ઠવ વિહીન કદિ હોવો ન જોઇએ. ઉત્તમ તથા મધ્યમ પાત્રો માટે શાસ્ત્ર અનુમોદિત હસ્તમુદ્રાઓ પ્રયોજવી જોઇએ જ્યારે નીચ પાત્રો લોકવ્યવહાર તથા લોકસ્વભાવ પ્રમાણે પ્રયોજવી જોઇએ.

'એવો કોઇ નાટ્યાર્થ નથી કે જેને હસ્તાભિનય દ્વારા વ્યક્ત ન કરી શકાય' એવું વિધાન કરનાર ભરતમુનિ તરતજ બીજા શ્લોકમાં કહે છે :

અન્યે ચાપ્યર્થ સંયુક્તા લૌકિકા યે કરાસ્ત્વિહ ।
છન્દતસ્તે પ્રયોક્તવ્યા રસભાવવિચેષ્ટિતૈ : ॥ ૧૫૭ ॥

અર્થાત આ ઉપરાંત જે અન્ય અર્થથી સંબંધિત લોક સામાન્ય હસ્ત હોય તેનો પણ રસ તથા ભાવ સૂચક ચેષ્ટાઓની સાથે સ્વેચ્છાનુસાર પ્રયોગ કરવો જોઇએ. અભિનવગુપ્ત જણાવે છે તેમ અહીં 'અર્થ' નો આશય શોભાતિશય અને અભિનય સામર્થ્યથી છે. છન્દત: એટલે નાટ્યાચાર્યની ઇચ્છા તથા અનુભવ અનુસાર રહેતો/થતો પ્રયોગ. અભિનવગુપ્તના મતે અહીં લોકધર્મી ઇતિકર્તવ્યતા દર્શાવનાર અભિનય, રસ તથા ભાવના સૂચક એવા 'હસ્ત'નો પ્રયોગ થવો જોઇએ.

### હસ્તાભિનય, ઉપાંગોનો અભિનય તથા મુખરાગની પરસ્પર અનુગતતા

હસ્તાભિનય દ્વારા ભાવોની અભિવ્યંજના તો થાયજ છે પણ મુખ, ભ્રુ, નેત્ર અને કપોલ વિગેરેનું ઉચિત સંચાલન અને મુખરાગની વ્યંજના ન હોય તો કેવળ હસ્ત પ્રચાર માત્રથી નાટ્યાર્થની વ્યંજના થતી નથી.

(૧) સર્વે હસ્તપ્રચારાશ્ચ પ્રયોગેષુ યથાવિધિ ।
નેત્રભ્રૂમુખરાગાદ્યૈ: કર્ત્તવ્યા વ્યઞ્જિતા બુધૈ: ॥ ૧૬૪ ॥

(૨) નૃત્તેઽભિનયયોગે ચ પાણિભિર્વર્તનાશ્રયૈ : ।
મુખ-ભ્રૂ-નેત્ર યુક્તાનિ કરણાનિ પ્રયોજયેત ॥ ૨૧૧ ॥

નાટ્યાર્થની વ્યંજના, ઉપાંગ-મુખ, ભ્રૂ, નેત્ર, મુખરાગ તથા હસ્તની પરસ્પર અનુગતતા દ્વારાજ સિદ્ધ થાય છે. મુખરાગને ભરતમુનિએ નાટ્ય અથવા અભિનયનો પ્રાણ કહયો છે કારણ કે મુખરાગના પ્રયોગ દ્વારાજ આંતરિક ચિત્તવૃત્તિ તથા રાગાત્મક અનુભૂતિ પ્રકાશિત થાય છે એટલેજ ભરતમુનિનું સ્પષ્ટ વિધાન છે કે હસ્તપ્રચારની અભિવ્યંજના નેત્ર, ભ્રૂ તથા મુખરાગ વિગેરે દ્વારા થવો જોઇએ.

## હસ્તાભિનય અને વાચિક અભિનય વચ્ચેનો સંબંધ

હસ્તાભિનય અને વાચિક અભિનય વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરી આપતા ભરતમુનિ જણાવે છે કે અર્થ યુક્તિ એટલે કે વાક્યના અભિધેય, લક્ષ્ય તથા પ્રતીયમાન અર્થને વિવિધ હસ્તાભિનય દ્વારા પ્રગટ કરવા જોઈએ. અર્થયુક્તિ અર્થાત્ અભિધા, લક્ષણા તથા વ્યંજનાના આધારે હસ્તાભિનયનો વિનિયોગ કરવો જોઈએ. આમ વાચિક અભિનય અને હસ્તાભિનય એક બીજા સાથે સંકળાયેલા છે.

## હસ્તાભિનય: લોકધર્મી તથા નાટ્યધર્મી શૈલીનો સમન્વય

હસ્તાભિનયમાં લોકધર્મી તથા નાટ્યધર્મી શૈલીઓનો સમન્વય જોવા મળે છે. 'નાટ્યશાસ્ત્ર સંગ્રહ' ગ્રંથમાં લોકધર્મીના બે પ્રકાર નિરુપવામાં આવ્યા છે.

(૧) <u>ચિત્તવૃત્ત્યર્પિકા</u> : (આત્મલક્ષી) જેમાં આંતરિક ચિત્તવૃત્તિની અભિવ્યક્તિ સધાય છે.

(૨) <u>બાહ્યવસ્ત્વનુકારિણી</u> (પદાર્થલક્ષી) જેમાં પદાર્થના બાહ્ય સ્વરુપનો આભાસ ઊભો કરવામાં આવે છે.

ભરતમુનિ નિરુપિત હસ્તાભિનયમાં આ બંને પ્રકારનો લોકધર્મી શૈલી પ્રયોજાયેલી જોવા મળે છે. ગર્વ અથવા અભિમાન જેવી આંતરિક ચિત્તવૃત્તિની અભિવ્યક્તિ માટે ભરતમુનિએ 'પતાક' હસ્તમુદ્રાનો વિનિયોગ સૂચવ્યો છે તો કમળ જેવા સુંદર પદાર્થની વ્યંજના માટે 'પદ્મકોશ' હસ્તમુદ્રાનો વિનિયોગ સૂચવ્યો છે.

અભિવ્યક્તિની આ શૈલી લોકવ્યવહારને અનુસરે છે. પણ શાસ્ત્રની વિધિ તથા પરંપરા વધારે કલ્પનાત્મક તથા ચમત્કારપૂર્ણ હોય છે. લોકવ્યવહારમાં તેનો પ્રયોગ થતો નથી. આવી નાટ્યધર્મી શૈલીના પણ બે પ્રકાર 'નાટ્યશાસ્ત્રસંગ્રહ'માં વર્ણવવામાં આવ્યા છે.

(૧) કૌશિકી શોભા : હસ્ત વિગેરેની અલંકૃત મુદ્રાઓ જેનો વિનિયોગ માત્ર શોભા માટે થાય છે.

(૨) અંશનેવોઉપજિવિની : પદાર્થોની સાંકેતિક રજૂઆત.

ભરતનિરુપિત હસ્તાભિનયમાં 'નૃત્તહસ્ત' હૈશિકો શોભા પ્રકારની નાટ્યધર્મી શૈલીનાં ઉદાહરણ છે જ્યારે 'જનાન્તિકે' જેવા વાચિક અભિનયના વિશિષ્ટ શિલ્પોમાં થતો 'પતાક' હસ્તમુદ્રાનો વિનિયોગ અન્ય પ્રકારનો નાટ્યધર્મી શૈલીનુ ઉદાહરણ છે.

ભરતમુનિ નિરુપિત કેટલીક હસ્તમુદ્રાઓ દ્વારા, ભાવોનું વહન પણ થાય છે અને કેટલીક દ્વારા નાટ્યની શોભામાં વૃદ્ધિ પણ થાય છે. હસ્તાભિનયના સંદર્ભમાં નૃત્તહસ્ત ચાર પ્રકારના 'હસ્તકરણ'નો પ્રયોગ તથા 'કરણગત બાહુની ગતિ પ્રયોગ સૌંદર્યવૃદ્ધિ માટે થાય છે અને તેથીજ ભરતમુનિએ તેના વિનિયોગ નિરુપ્યા નથી. ભાવ તથા રસ આશ્રિત અભિનય, મુદ્રાઓ તથા ચેષ્ટાઓના નામકરણ, રુપકથના તથા વિનિયોગમાં લોકધર્મી અને નાટ્યધર્મી શૈલીનો સમન્વય જોવા મળે છે.

જે હસ્તમુદ્રાઓ અતિરિક્ત ચિત્તવૃત્તિને નિરુપે છે તેનો ઉપયોગ નાટ્યમાં વિશેષરુપે થાય છે અન્યનો નૃત્ત તથા નૃત્યમાં. ઉત્તમ પાત્રોની ભાવાભિવ્યક્તિ સાત્વિક અભિનય દ્વારા સધાતી હોવાથી તેમાં હસ્તાભિનયનો પ્રયોગ અલ્પમાત્રામાં થાય છે.

હસ્તાભિનયની વિસ્તૃત ચર્ચા કર્યા પછી ભરતમુનિ શરીરના અન્ય અંગોના ભેદ, લક્ષણ તથા વિનિયોગ નિરુપે છે.

## ઉરા

### ભેદ, લક્ષણ, યોજના

ઉરા અર્થાત્ વક્ષ:સ્થલ એટલે કે છાતીની પાંચ અવસ્થાઓ ભરતમુનિ આ પ્રમાણે જણાવે છે (૧) આભુગ્ન (૨) નિર્ભુગ્ન (૩) પ્રકમ્પિત (૪) ઉદ્વાહિત અને (૫) સમ

(શ્લોક-૧ અધ્યાય-૧૦)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| (૧) આભુગ્ન | ખભા થોડા વાંકા, અને ઢીલા, બરડો ઉંચો તથા છાતી નમેલી/ વાંકા ખભા અને ઉંચી પીઠવાળી નમેલી છાતી (શ્લોક-૨) | સંભ્રમ, વિષાદ, મૂર્છા, શોક, ભય, વ્યાધિ, હૃદયશલ્ય અર્થાત છાતીમાં શૂળ ઉપડવું, શીત સ્પર્શ, વર્ષા તથા લજ્જા વિગેરે ભાવોમાં આવશ્યકતા પ્રમાણે (અર્થવશાત્) (શ્લોક-૩) |
| (૨) નિર્ભુગ્ન | છાતી દૃઢ, પીઠ (બરડો) નમેલી ખભા ટટ્ટાર/પાછળ પડતા ખભા અને નમેલી પીઠવાળી દૃઢ છાતી (શ્લોક-૪) | સ્તમ્ભ, માન, વિસ્મયપૂર્વક અવલોકન સત્યવચન, અહમ્ એવા ગર્વવચન તથા ગર્વનો અતિરેક (ઉત્સેક) (શ્લોક-૫) દીર્ઘ નિશ્વાસ, બગાસું, આળસ મરડવી તથા સ્ત્રીઓની બિબ્બોક નામની કામચેષ્ટા (પ્રક્ષિપ્ત શ્લોક) |
| (૩) પ્રકંપિત | નિષ્ણાત નાટ્યપ્રયોક્તાના મત પ્રમાણે જો છાતી વારંવાર ફુલે અને સંકોચાય તો તેને તો તેને પ્રકંપિત ઉરા કહે. (શ્લોક-૬) | હાસ્ય, રુદન, શ્રમ, ભય, શ્વાસ, ઉધરસ, હેડકી તથા દુ:ખની દશામાં સ્થિતિ પ્રમાણે (નાટ્યજ્ઞૈરર્થયોગેન) ((શ્લોક-૭) |
| (૪) ઉદ્વાહિત | છાતી ઉર્ધ્વ સ્થિતિમાં હોય તે /ચડેલી છાતી (શ્લોક-૮) | દીર્ઘ ઉચ્છવાસ, ઉંચી વસ્તુ જોવામાં તથા બગાસું ખાવામાં ((શ્લોક-૮) |
| (૫) સમ | સર્વ અંગો ચતુરસ્ર રહે (સરખા રહે) અને સૌષ્ઠવયુક્ત રહે (શ્લોક-૯) /સૌષ્ઠવયુક્ત સમાન અવયવોવાળી છાતી. | સ્વાભાવિક દશામાં/સ્વાભાવિક અભિનયમાં ((શ્લોક-૯) |

(અધ્યાય ૧૦ શ્લોક ૨ થી ૯ )

ભરતમુનિ નિરુપિત પાંચ પ્રકારની વક્ષ-ઉરા અવસ્થાઓનો અભ્યાસ કરવાથી જણાય છે કે 'પ્રકંપિત' ઉરાભેદ કંપન સૂચવે છે જ્યારે અન્ય ચાર ઉરાભેદ-આભુગ્ન, નિર્ભુગ્ન, ઉદ્વાહિત તથા સમ 'બ્રહ્મસૂત્ર' એટલે કે ઉભી દોરીના સંદર્ભમાં છાતીની વિવિધ સ્થિતિ સૂચવે છે. આ ચાર પ્રકારના ઉરાભેદ ઉરાની સ્થિર અવસ્થા Static postures દર્શાવે છે જ્યારે પ્રકંપિત ભેદ ઉરાનું હલનચલન (કંપન) દર્શાવે છે. આભુગ્ન ઉરાભેદ (કે જેમાં છાતી થોડી નમેલી રહે છે ) માં 'હિક્કા સૂત્ર' અર્થાત ખભાની રેખા Shoulder line અને ભદ્ર સૂત્ર-ડુંટીની રેખા navel line વચ્ચેનો ધડનો ભાગ ( Torso ) થોડો આગળ ઝૂકે છે. અહીં અંગો તણાવયુક્ત નહીં પરંતુ શિથિલ અને સ્વસ્થ relaxed રહે છે અને તેથીજ વિષાદ, લજ્જા જેવા સંચારી ભાવોમાં તેનો વિનિયોગ થાય છે. આ અવસ્થામાં પૃષ્ઠનો- spine નો અલ્પ વળાંક curvature રહે છે તથા વજનની ફેરબદલ થતી નથી. આભુગ્ન અવસ્થાની વિરુદ્ધની અવસ્થા તે નિર્ભુગ્ન ઉરાવસ્થા. આભુગ્નમાં હિક્કાસૂત્ર અને ભદ્રસૂત્ર વચ્ચેનો ધડનો ભાગ ( torso ) શિથિલ અને વળેલો રહે છે જ્યારે નિર્ભુગ્નમાં તે સીધો અને ટટ્ટાર રહે છે. અહીં અવયવો શિથિલ નહીં પણ તણાવયુક્ત રહે છે. મથુરા શૈલીના સૌમ્ય રેખાચિત્રો અને ત્યાર પછીના ચોલા કાંસ્યમૂર્તિમાં આ તફાવત રહેલો છે. દક્ષિણ ભારતીય કાંસ્યમૂર્તિ bronze માં પીઠ નમેલી જોવા મળે છે તે ઉરાની નિર્ભુગ્ન અવસ્થાનું પરિણામ છે. ઉદ્વાહિત ઉરાભેદ, સ્નાયુગત હલનચલનને લીધે નહી પરંતુ શ્વાસના નિયમનને લીધે ઉદ્ભવે છે. દીર્ઘ ઉચ્છ્વાસ કે જેમાં તેનો વિનિયોગ થાય છે તેના કારણેજ ઉદ્વાહિત ઉરાભેદ સંભવે છે કારણ અહીં છાતી નમાવવાની જગ્યાએ તેને ઉંડા શ્વાસ સાથે આગળ પડતી રાખવામાં આવે છે. એટલેજ ભરતમુનિ છાતીની ઉર્ધ્વ સ્થિતિને તેનું વ્યાવર્તક લક્ષણ ગણાવે છે. 'સમ' ઉરા છાતીની નૈસર્ગિક સ્થિતિ સૂચવે છે જેમાં અવયવો સમતોલ રહે છે અને અંગોને તણાવયુક્ત રાખવાનો પ્રયત્ન થતો નથી. પ્રકંપિત ઉરાવસ્થા ઉદ્વાહિત તથા તેની વિરુદ્ધની અવસ્થા ઝડપથી સતત ગ્રહણ કરતાં જવાથી ઉદ્ભવે છે.

'અભિનયદર્પણ'માં ઉરાભેદ નિરુપવામાં આવ્યા નથી. 'સંગીતરત્નાકર' વિષ્ણુધર્મોત્તર પુરાણ, નાટ્યશાસ્ત્ર સંગ્રહ, બલરામભરત તથા નૃત્યાધ્યાયમાં ઉરાભિનયનું નિરુપણ છે જે ભરતાનુસારી છે. 'બલરામભરત'માં બે અન્ય અવસ્થાઓ પણ દર્શાવવામાં આવી છે. (૧) ચલિત (છાતીનું અલ્પ હલનચલન - 'રોમાંચ'માં વિનિયોગ) (૨) ભ્રમણ (પાર્શ્વગત હલનચલન).

'ઉરા'ની વિભિન્ન અવસ્થાઓ પછી ભરતમુનિ 'પાર્શ્વ' ની અવસ્થાઓ નિરુપે છે.

## 'પાર્શ્વ'

### ભેદ, લક્ષણ, યોજના

પાર્શ્વ અર્થાત્ પડખાંના પાંચ કર્મ. ભરતમુનિ આ પ્રમાણે ગણાવે છે. (૧) નત (૨) સમુન્નત (૩) પ્રસારિત (૪) વિવર્તિત (૫) અપસૃત (શ્લોક-૧૧)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| (૧) નત | કેડ અને તે તરફનું પડખું થોડા વળેલાં તથા ખભો કંઇક નમતો (શ્લોક ૧૨) | કોઇ વ્યક્તિની પાસે સરકવામાં (શ્લોક ૧૬) |
| (૨) સમુન્નત | (નત પડખાની દશામાં) જ્યારે બીજું પડખું તેમજ કેડ, ભુજા, તથા ખભો ઉંચા રહે તે (શ્લોક ૧૩ ) | પાછા ખસવામાં (શ્લોક ૧૬) |
| (૩) પ્રસારિત | કેડના બંને પડખાંને તેમની દિશામાં લાંબા કરવા તે (શ્લોક ૧૪ ) જ લાંબા પડખાં. | અતિ હર્ષમાં (શ્લોક ૧૬) |
| (૪) વિવર્તિત | ત્રિક (પીઠ)ને ગોળ ફેરવવો/ ત્રિક ભાગ ફરે તે રીતે પડખું ફેરવવું/ત્રણ ભાગમાં ફેરવાયેલા પડખાં (શ્લોક ૧૪) | પાછળ વળવામાં (શ્લોક ૧૬) |

---

| | | | |
|---|---|---|---|
| (૫) | અપસૃત | વિવર્તિત પડખાને તેની મૂળ સ્થિતિમાં પાછાં લાવવા. (શ્લોક ૧૫) | સીધા ફરવામાં (શ્લોક ૧૭) |

(અધ્યાય ૧૦ શ્લોક ૧૨ થી ૧૭)

---

પાર્શ્વની વિવિધ અવસ્થાઓની અંતર્ગત ભરતમુનિ 'પડખાં'ની વિવિધ અવસ્થાઓ વર્ણવે છે. કેડના ભાગથી જ્યારે ડાબું પડખું નમાવવામાં આવે ત્યારે ડાબો ખભો પણ નમે છે અને તે વખતે જમણું પડખું, હાથ તથા ખભો ઉંચા થાય છે. આમ નત અને સમુન્નત પાર્શ્વની એક શ્રેણી બને છે. ત્રિકને ફેરવવાથી પડખું પણ ફરે છે. પડખું ગોળ ફેરવવું અને તેને ફરી પાછું મૂળ સ્થિતિમાં લાવવું આ બન્ને ક્રિયાઓને આધારે વિવર્તિત તથા અપસૃત પાર્શ્વની બીજી શ્રેણી બને છે. પાર્શ્વની ત્રીજી શ્રેણીમાં પ્રસારિત પાર્શ્વનો સમાવેશ થાય છે જેમાં પડખાં લંબાયેલા રહે છે. એક માત્ર પ્રસારિત પાર્શ્વને બાદ કરતાં અન્ય પાર્શ્વનો વિનિયોગ ભાવોના પ્રાકટ્યમાં નહિ પણ નજીકમાં સરકવું, પાછળ હટવું, ફરવું, વળવું જેવી ક્રિયાઓના સંદર્ભમાં સૂચવવામાં આવ્યો છે, જે લોકાનુસારી તથા સ્વભાવસિદ્ધ છે.

સંગીતરત્નાકર, નાટ્યશાસ્ત્ર સંગ્રહ, વિષ્ણુ ધર્મોત્તર પુરાણ, બલરામભરત, નૃત્યાધ્યાય વિગેરે ગ્રંથોમાં પાર્શ્વભેદ નિરુપાયા છે જેના લક્ષણ તથા વિનિયોગ ભરતાનુસારી છે. 'અભિનયદર્પણ'માં પાર્શ્વભેદ નિરુપવામાં નથી આવ્યા.

પાર્શ્વના વિવિધ હલનચલન દર્શાવ્યા પછી ભરતમુનિ ઉદરના વિવિધ ભેદ નિરુપે છે.

### ઉદર
### ભેદ, લક્ષણ, યોજના

ઉદર અર્થાત પેટની ત્રણ અવસ્થાઓ ભરતમુનિ વર્ણવે છે.

(૧) ક્ષામ (૨) ખલ્વ અને (૩) પૂર્ણ (શ્લોક ૧૮)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| (૧) ક્ષામ | દૂબળું-ખેંચાયેલું પેટ ( શ્લોક ૧૮ ) | હાસ્ય, રુદન, નિશ્વાસ, તથા બગાસું ખાવામાં (શ્લોક ૧૯) |
| (૨) ખલ્વ | ખાડો પડેલો હોય તેવું પેટ (શ્લોક ૧૮) | બીમારી, તપસ્યા, થાક તથા ભૂખ લાગી હોય ત્યારે (શ્લોક ૧૯) |
| (૩) પૂર્ણ | ભરેલું અથવા ફુલેલું પેટ (શ્લોક ૧૮) | ઉચ્છ્વાસ, સ્થૂલતા, વ્યાધિ તથા અતિશય ભોજન લીધું હોય ત્યારે (શ્લોક ૧૯) |
| (૪) સમ | | |

( અધ્યાય ૧૦ શ્લોક ૧૮-૧૯)

પ્રક્ષિપ્ત શ્લોક પ્રમાણે ક્ષામ, ખલ્વ, સમ અને પૂર્ણ એમ ચાર ભેદ મળે છે. સમનાં લક્ષણ અને વિનિયોગ મળતાં નથી. પેટમાં ખાડો પડવો, પેટ ભરેલું હોવું કે પેટ અંદર ખેંચાયેલું રહેવું વિગેરે પેટનાં લોકાનુસારી તથા સહજ ક્રિયાઓને ભરતમુનિએ શાસ્ત્રીય સ્વરુપ આપ્યું છે. હસતી વેળા કે રડતી વેળા કે ઉંડો શ્વાસ લેતી વેળા કે બગાસુ ખાતી વખતે પેટ અંદર ખેંચાય છે. થાક અને ભૂખને લીધે અથવા બિમાર પડીએ ત્યારે પેટમાં ખાડો પડે છે. ખૂબ ખાધું હોય, અજીર્ણ વિગેરે રોગ થયો હોય કે શ્વાસ બહાર કાઢતા હોઇએ ત્યારે પેટ ફુલેલું રહે છે. પેટ તેની સ્વાભાવિક સ્થિતિમાં પણ રહે છે. આમ ભરતમુનિએ નિરુપેલા વિવિધ વિનિયોગ પણ લોકાનુસારી તથા સહજ છે.

ઉદરના વિવિધ ભેદ વર્ણવ્યા પછી ભરતમુનિ કટિના ભેદ નિરુપે છે.

## કટિ

### ભેદ, લક્ષણ, યોજના

નાટ્ય તથા નૃત્તમાં ઉપયોગી (નાટ્ય નૃત્તે) એવા કટિના પાંચ ચલનો ભરતમુનિ આ પ્રમાણે ગણાવે છે (૧) છિન્ના (૨) નિવૃત્તા (૩) રેચિતા (૪) કમ્પિતા (૫) ઉદ્વાહિતા (શ્લોક ૨૧) કટિનો અર્થ કમર waist અને નિતમ્બ hip બંને કરવામાં આવે છે. કટિ સાથળના સાંધાનો પણ સંકેત કરે છે.

| | ભેદ | લક્ષણ | વિનિયોગ/યોજના |
|---|---|---|---|
| (૧) | છિન્ના | મધ્યમાંથી લચકતી કટિ (શ્લોક ૨૨) | વ્યાયામ, ભ્રાન્તિ તથા પાછળ વળીને જોવામાં (શ્લોક ૨૪) |
| (૨) | નિવૃત્તા | પરાઙમુખ સ્થિતિમાંથી અભિમુખ સ્થિતિમાં લાવી ફરી પાછી પરાઙમુખ સ્થિતિમાં લઇ જવી (શ્લોક ૨૨) | ગોળ ફરવામાં (શ્લોક ૨૪) |
| (૩) | રેચિતા | ચોતરફ ફરતી કટિ (શ્લોક ૨૩) | ભ્રમણ આદિ સાદી ક્રિયાઓમાં (શ્લોક ૨૪) |
| (૪) | કમ્પિતા | ઝડપથી વાંકો ચૂંકો હાલતો કટિ ( શ્લોક ૨૩) | ઠીંગણા અને ખૂંધા તેમજ નીચ પ્રકૃતિના પુરુષોની ચાલમાં (શ્લોક ૨૬) |
| (૫) | ઉદ્વાહિતા | નિતમ્બ અને પડખાથી ઠંડાઇ ગયેલી કટિ (શ્લોક ૨૩) | સ્થૂળ પુરુષ તથા સ્ત્રીઓની લીલાપૂર્ણ ગતિમાં (શ્લોક ૨૬) |

(અધ્યાય ૧૦ શ્લોક ૨૨ થી ૨૬)

ભરતમુનિએ નિરુપેલા કટિભેદનો નાટ્ય તથા નૃત્ત બંને કળાઓમાં વિનિયોગ થાય છે. છિન્ના તથા કમ્પિતા પ્રકારનો કટિમાં કટિનો મધ્યભાગ ધીમેથી અથવા ઝડપથી લચકે છે માટે તેની એક શ્રેણી બને છે. નિવૃત્તા તથા રેચિતા પ્રકારની કટિમાં કટિ અનુક્રમે ડાબેથી જમણે ૧૮૦°ના ખૂણે તથા સર્વ દિશામાં ૩૬૦°ના ખૂણે ગોળ ફરે છે માટે તેની બીજી શ્રેણી બને છે. આ બંને શ્રેણીઓ કટિની ગતિ સૂચવે છે જ્યારે ત્રીજા પ્રકારની શ્રેણીમાં 'ઉદ્વાહિતા' કટિભેદ, કટિની સ્થિતિ સૂચવે છે. ગોળ ફરીને જોવું, પાછળ ફરવું, કુંદરડી મારવી, વિગેરે સાદી ક્રિયાઓમાં તથા સ્ત્રીઓની લીલાપૂર્ણ ગતિમાં કટિની જે લોકાનુસારી તથા સ્વભાવસિદ્ધ ગતિ તથા સ્થિતિ રહે છે તેને ભરતમુનિએ શાસ્ત્રીય સ્વરુપ આપ્યું છે.

'અભિનયદર્પણ' માં કટિભેદ નિરુપવામાં આવ્યા નથી. વિષ્ણુધર્મોત્તર પુરાણ, સંગીતરત્નાકર, નાટ્યશાસ્ત્ર સંગ્રહ, બલરામભરત, નૃત્યાધ્યાય વિગેરે ગ્રંથોમાં ભરતનિરુપિત પાંચ કટિભેદ અનુસરવામાં આવ્યા છે. બલરામભરતમાં નવ પ્રકારના કટિભેદ મળે છે. ભરતનિરુપિત કટિભેદ ઉપરાંત અન્ય ચાર પ્રકારના કટિભેદ તે (૧) સમ (૨) અપવાહિતા (૩) ચલિત (૪) વિવર્તિતા. જો કે આ ભેદોમાં કશી નવીનતા નથી. ભરતમુનિએ ગણાવેલા પાંચ કટિભેદનાજ વિવિધ સ્વરુપ છે.

ઉરા (વક્ષ:સ્થલ) પાર્શ્વ (પડખું) તથા કટિના હલનચલન પરસ્પર સંકળાયેલાં છે.

## ઉરા, પાર્શ્વ તથા કટિનો આંતર સંબંધ

હિક્કા સૂત્ર તથા કટિસૂત્ર વચ્ચેના ધડના ભાગના હલનચલનનું પૃથક્કરણ ઉરા, પાર્શ્વ તથા કટિના આંતરસંબંધ દ્વારા નિરુપી શકાય. કમરના પાછલા ભાગમાં આવેલ ત્રિકોણી હાડકું - ત્રિકને કારણે વિવિધ વર્તુળાકાર ગતિઓ શક્ય બને છે. પીઠની ઊભી ધરીની તણાવયુક્ત કે તણાવમુક્ત સ્થિતિમાંથી વિવિધ પ્રકારનાં નમન ઉદ્ભવે છે. આડી ધરીની સમાન્તરે હિક્કાસૂત્ર તથા કટિસૂત્ર વચ્ચેના ધડના ભાગની વિવિધ સ્થિતિને લીધે પાર્શ્વની નત તથા ઉન્નત સ્થિતિઓ સંભવે છે.

આકુંચિત પ્રકારના ઉરાભેદમાં પાર્શ્વ નત રહે છે જ્યારે નિકુંચિત પ્રકારના ઉરાભેદમાં પાર્શ્વ ઉન્નત રહે છે. ઉદ્વાહિત ઉરાભેદમાં પાર્શ્વ પ્રસારિત તથા કટિ ઉદ્વાહિત રહે છે. પ્રકંપિત ઉરાભેદમાં કટિ પ્રકંપિત અથવા કંપિત રહે છે. વિવર્તિત પ્રકારના પાર્શ્વભેદમાં કટિ રેચિત/છિન્ન રહે છે અથવા તો રેચિત /છિન્ન પ્રકારના કટિભેદમાં પાર્શ્વ વિવર્તિત રહે છે.

કટિભેદના નિરુપણ પછી ભરતમુનિ ઉરુના ભેદ વર્ણવે છે.

## ઉરુ

## ભેદ, લક્ષણ, યોજના

ઉરુ અર્થાત સાથળના પાંચ કર્મો ભરતમુનિ આ પ્રમાણે ગણાવે છે. (૧) કમ્પન (૨) વલન (૩) સ્તમ્ભન (૪) ઉદ્વર્તન (૫) વિવર્તન. (શ્લોક ૨૭)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| (૧) કમ્પન | પાનીના/એડીના ઉંચા નીચા થવાથી કંપિત સાથળ | અધમ પાત્રોની ચાલ તથા ભયભીત અવસ્થા. (શ્લોક ૩૦) |
| (૨) વલન | ઘૂંટણ અંદરના ભાગમાં રહેતાં થતી સાથળની સ્થિતિ. ( શ્લોક ૨૯ | સ્ત્રીની સ્વૈરવિહાર ગતિમાં (શ્લોક ૩૦) |
| (૩) સ્તંભન | સ્થિર અને સજ્જડ સાથળ (શ્લોક ૨૮) | ભય તથા વિષાદની અવસ્થા (શ્લોક ૩૧) |
| (૪) ઉદ્વર્તન | ઘુંટણ સંકોચવો અને હલાવવો (તેવી સ્થિતિમાં સાથળની જે દશા હોય તે ) (શ્લોક-૨૯) | વ્યાયામ તથા તાણ્ડવનૃત્ય (શ્લોક ૩૧) |

| | | |
|---|---|---|
| (૫) <u>વિવર્તન</u> | પગની પાની-એડી અંદરના ભાગમાં લેવામાં આવે ત્યારે થતી સાથળની સ્થિતિ (શ્લોક ૨૯) | સંભ્રમ તથા પરિક્રમ્મા (શ્લોક ૩૧) |
| | | (અધ્યાય ૧૦ શ્લોક ૨૮ થી ૩૧) |

'ઉરુભેદ'માં ભરતમુનિ કુલાના સાંધાથી ઘૂંટણના સાંધા વચ્ચેના પગના ભાગના વિવિધ હલનચલન નિરુપે છે. આ હલનચલન કટિ તથા પગના નળાના હલનચલન સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાથી તેમનો એકાંગીપણે નહિ પરંતુ કટિ તથા પગના નળાના વિવિધ હલનચલનના સંદર્ભમાં વિચાર કરી શકાય.

'નાટ્યશાસ્ત્ર'માં નિરુપાયેલા પાંચ ઉરુકર્મોનું અનુસરણ સંગીતરત્નાકર, વિષ્ણુધર્મોત્તર પુરાણ તથા નાટ્યશાસ્ત્ર સંગ્રહમાં કરવામાં આવ્યું છે. અભિનયદર્પણમાં ઉરુકર્મો નિરુપવામાં આવ્યા નથી. 'બલરામભરત' ગ્રંથમાં ઉરુના ૯ ભેદ ગણાવવામાં આવ્યા છે. જેમાંથી માત્ર બેજ ભેદ ભરતકથિત ભેદોને મળતાં આવે છે. 'બલરામભરત'માં નિરુપાયેલ ૯ ઉરુભેદો આ પ્રમાણે છે (૧) વ્યસ્ત (૨) પુરઃપાર્શ્વસ્થિત (૩) સમ (૪) સમસ્ત (૫) સમસ્તવ્યસ્તકંપિતા (૬) ઉપરિક્ષિપ્ત (૭) વિસ્તૃત (૮) વિવર્ત (૯) વ્યત્યસ્ત. વ્યસ્ત, કંપિતને તથા વિવર્ત વિવર્તનને મળતાં આવે છે.

ઉરુભેદના નિરુપણ પછી ભરતમુનિ જંઘાના વિવિધ કર્મો નિરુપે છે.

જંઘા

<u>ભેદ, લક્ષણ, યોજના</u>

જંઘાના ભરતમુનિ નીચે પ્રમાણે પાંચ કર્મો નિરુપે છે. (૧) આવર્તિત (૨) નત (૩) ક્ષિપ્ત (૪) ઉદ્ધાહિત (૫) પરિવૃત્ત. ( શ્લોક ૩૩ )

| ભેદ | લક્ષણ | યોજના |
| --- | --- | --- |
| (૧) આવર્તિત | ડાબો પગ જમણી તરફ અને જમણો પગ ડાબો તરફ લઇ જવામાં આવે. અર્થાત પગના અંગૂઠા અંદરની બાજુએ એક બીજાની સામે રાખવામાં આવે. | વિદૂષકની ગતિમાં (શ્લોક ૩૭) |
| (૨) નત | ઘુંટણ નમાવવાથી નમેલી રહેલી જંઘા (શ્લોક ૩૫) | સ્થાન/સ્થિતિ (ઉભા થવામાં) તથા આસન ગ્રહણ કરવામાં (શ્લોક ૩૮) |
| (૩) ક્ષિપ્ત | વિક્ષેપિત-બહાર ફેંકાયેલી જંઘા/ જંઘાને ઝટકાથી આગળ ફેંકવી (શ્લોક ૩૫) | વ્યાયામ તથા તાણ્ડવ નૃત્યમાં (શ્લોક ૩૮) |
| (૪) ઉદ્વાહિત | ઉંચી જંઘા/જંઘાને ઉંચી લેવી તે (શ્લોક ૩૬) | વક્રગતિ આદિમાં (શ્લોક ૩૯) |
| (૫) પરિવૃત્ત | જંઘાને પાછળ ફેરવવી/ઉદ્વાહિતથી ઉલટી સ્થિતિ (શ્લોક ૩૬) | તાંડવ આદિમાં (શ્લોક ૩૯) |

જંઘાના અર્થ પરત્વે વિવાદ પ્રવર્તે છે. સંસ્કૃત શબ્દ 'જંઘા' નો અર્થ 'સાર્થ જોડણીકોશ'માં જાંઘ અર્થાત સાથળ (જેનો અંગ્રેજી પર્યાય thigh થાય છે) આપવામાં આવ્યો છે. કવિ નથુરામ સુન્દરજી શુકલએ જંઘાનો અર્થ જાંઘ સ્વીકાર્યો છે. શ્રી મનમોહન ઘોષે જંઘાનો અંગ્રેજી પર્યાય shanks આપ્યો છે. Shanks એટલે પગનો નળો, અને ડો.કપિલા વાત્સ્યાયને પણ જંઘા માટે shanks શબ્દ પ્રયોજ્યો છે અને તે વધુ સ્વીકાર્ય છે કારણ કે ભરતમુનિએ આ અગાઉ 'ઉરુભેદ'માં સાથળના વિવિધ કર્મો નિરુપ્યા છે.વળી જંઘાના વિવિધ ભેદ તથા વિનિયોગ તપાસતાં તેમાં પગના ઘૂંટણથી પગની પાટલી સુધીના

હાડકાના હલનચલન વધુ પ્રમાણમાં નિરુપાયેલા છે એટલે અહીં જંઘાનો અર્થ પગનો નળો સ્વીકારવામાં આવ્યો છે.

ભરતમુનિએ નિરુપેલા જંઘાકર્મો (૧) પગ લંબાવવા -ટૂંકાવવાથી (૨) ઘૂંટણ તથા પાટલીના સાંધાના વિવિધ કાર્યોથી તથા (૩) પગની જમીન ઉપરની વિવિધ સ્થિતિમાંથી ઉદ્ભવે છે.

વિદૂષકની ગતિમાં પગના અંગૂઠા એક બીજાની સામે રહે તે રીતે ચાલવામાં આવે છે. વિદૂષકની આ સ્વભાવસિદ્ધ અને લોકાનુસારી ચાલ છે અને તેથી તેમાં આવર્તિત જંઘાનો વિનિયોગ ઉચિત છે. કારણ કે આ પ્રકારની ચાલ હાસ્ય જન્માવે છે. 'નત' પ્રકારની જંઘામાં ઘૂંટણ આગળ નમે છે. મણિપુરી પ્રકારના નૃત્યમાં જંઘા 'નત' રહે છે. ક્ષિપ્ત પ્રકારની જંઘાનો વિનિયોગ ભરતમુનિ 'તાંડવ નૃત્ય'માં કરવાનો કહે છે. 'ભરતનાટ્યમમાં' ક્ષિપ્ત જંઘા'નો મૂળભૂત મુદ્રા ( stance) તરીકે પ્રયોગ આજે પણ કરવામાં આવે છે. પાશ્ચાત્ય શાસ્ત્રીય બેલેનૃત્યનો 'ડેમી-પ્લાઇ' પ્રકારની મુદ્રા સાથે તે સામ્ય ધરાવે છે. પગના ઘૂંટણના વર્તુળાકારે જેટલાં હલન ચલન શક્ય હોય તેટલા તમામનો વિચાર કરી જંઘાના વિવિધ હલનચલન નિરુપ્યાં છે.

'સંગીતરત્નાકર તથા નાટ્યશાસ્ત્ર સંગ્રહ'માં ભરતમુનિએ જણાવેલા પાંચ જંઘાભેદ ઉપરાંત વધારાના અન્ય પાંચ જંઘાભેદ પણ આપવામાં આવ્યા છે જે આ પ્રમાણે છે. (૧) નિ:સૃતા (૨) પરાવૃત્તા (૩) તિરશ્ચીના (૪) બહિર્ગતા (૫) કમ્પિતા.

સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાયમાં ઉરુભેદ તથા જંઘાભેદ 'પ્રત્યંગ અભિનય' શિર્ષક હેઠળ આપવામાં આવ્યા છે. અર્થાત તેમણે ઉરુ તથા જંઘાને 'અંગ' નહિ પણ 'પ્રત્યંગ' ગણ્યા છે. વળી આજ ગ્રંથોમાં જાનુ અર્થાત પગના ઘૂંટણના ભેદ પણ વર્ણવવામાં આવ્યા છે. 'નૃત્ત'માં ઘૂંટણોનો વિશેષ પ્રમાણમાં વિનિયોગ થાય છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં જાનુના ભેદ વર્ણવ્યા નથી કે જાનુનો અંગ કે ઉપાંગ તરીકે ઉલ્લેખ પણ કર્યો નથી તેથી તે વિશે અત્રે ચર્ચા કરવામાં આવી નથી.

જંઘાભેદના નિરુપણ પછી ભરતમુનિ 'પાદ'ના વિવિધ ભેદ નિરુપે છે.

## પાદ

### ભેદ, લક્ષણ, યોજના

ભરતમુનિ પાદ અર્થાત પગની પાંચ સ્થિતિઓ નિરુપે છે. (૧) ઉદ્‌ઘટ્ટિત (૨) સમ (૩) અગ્રતલસંચર (૪) અંચિત (૫) કુંચિત (શ્લોક ૪૦)

| ભેદ | લક્ષણ | યોજના |
|---|---|---|
| (૧) ઉદ્‌ઘટ્ટિત | જમીન પર પગનો ફણો (આગળીવાળો ભાગ) મુકી પાની વડે જમીન ઠોકવી. (શ્લોક ૪૧) | ઉદ્‌ઘટ્ટિત કરણનું અનુસરણ કરવામાં, એક અથવા અનેકવાર થતી દ્રુત તથા મધ્યમ ગતિમાં (શ્લોક ૪૨) |
| (૨) સમ | સમતલ ભૂમિ ઉપર સ્વાભાવિક દશામાં રહેલાં પગ (શ્લોક ૪૩) | સ્વાભાવિક અભિનયમાં (શ્લોક ૪૩) વિભિન્ન કરણોથી યુક્ત સ્વાભાવિક સ્થિતિ બનાવવા માટે સ્થિર તથા 'રેચક' બનાવવા માટે ચલિત. |
| (૨અ) ત્ર્યસ્રપાદ | 'સમ' સ્થિતિમાં રહેલા પગના પંજાને બીજા પગની અંદર ધકેલવો તથા અંગૂઠો એક બાજુ બહાર ટેકવેલો રાખવો. (શ્લોક ૪૫) | સમપાદ સ્થાન તથા અશ્વક્રાન્ત સ્થાન દર્શાવ્યા પછી વિકલવ વિગેરે ભાવોની અભિવ્યક્તિ સાધવા માટે વિધિવત પ્રયોગ (શ્લોક ૪૬) |
| (૨અ) ત્ર્યશ્રપાદ | પ્રક્ષિપ્ત શ્લોક પ્રમાણે જો સમપાદ સ્થિતિમાં રહેલા પગના પંજાને અંદરના ભાગમાં રાખવામાં આવે તો ત્ર્યસ્રપાદ કહેવાય. | સ્થાન ગ્રહણમાં |


| | | |
|---|---|---|
| (૩) અગ્રતલસંચર | પગની પાની ઉંચી, અંગૂઠો આગળ લંબાયેલો તથા અન્ય આંગળીઓ વાળેલી (શ્લોક ૪૮-૪૯) | પ્રેરણા, તોડવું, (સ્થાનક સ્થિતિમાં) સ્થિત થવું, જમીન ઠબઠારવી, ઠોકર મારવી, ભ્રમણ, કોઇ વસ્તુ ફેંકવી, વિભિન્ન રેચક ગતિઓમાં તથા ઉંચી એડી કરી ચાલવું/એડી ઉપર ચાલવું. (શ્લોક-૫૦) |
| (૪) અંચિત | પગની પાની જમીન ઉપર, પગનો ફણો ઉંચો તથા આંગળીઓ વાળેલી (શ્લોક-૫૧) | ફણા ઉપર ચાલવું, ગોળ ફરવામાં, પગથી જમીન પછાડવામાં, ભ્રમરી ચારીમાં (શ્લોક ૫૨) |
| (૫) કુંચિત | પગની પાની ઉંચી, આંગળીઓ વળેલી, પગનો મધ્યભાગ અર્થાત પગના પંજાનો મધ્ય ભાગ વળેલો (શ્લોક ૫૩) | શિષ્ઠજનની ચાલ, સીધી દિશામાં ફરતી વેળા, અતિક્રાન્તા ચારીમાં જમણી બાજુફરવામાં તથા પાછા મુળ સ્થિતિમાં આવવામાં. (શ્લોક ૫૪) |
| (૬) સૂચિ | જો જમણા પગની પાની ઉંચી હોય, પંજો અંગૂઠા પર ટેકવ્યો હોય તથા ડાબો પગ સ્વાભાવિક દશામાં ઉભો રાખવામાં આવે (પ્રાક્ષિપ્ત શ્લોક) | નૃત્ત તથા નૂપુર ધારણ કરવામાં (પ્રક્ષિપ્ત શ્લોક) |

અધ્યાય ૧૦ શ્લોક ૪૧ થી ૫૪


પ્રક્ષિપ્ત શ્લોક અનુસાર વધારાનો ભેદ.

ભરતમુનિએ નિરુપેલા પાદકર્મોના અભ્યાસ પરથી જણાય છે કે આ તમામ પાદકર્માં પગના ચોક્કસ ભાગનો જમીન સાથેનો સંસર્ગ તથા નિશ્ચિત દિશામાં આખા પગની ગતિ/સ્થિતિ દર્શાવે છે.


## ૬ સંચાલન




ઉદ્‌ઘટ્ટિત




સમ



અગ્રતલસંચર



અંચિત



કુંચિત



સૂચી

જયારે આખો પગ જમીન ઉપર મૂકવામાં આવે અને પગ તેની સ્વાભાવિક સ્થિતિમાં રહે તો તેને 'સમ' ભેદ કહે છે. જેમાં ફકત પગની આંગળીઓ તથા પગનો મધ્યભાગ, જમીનને અડકે તેને 'કુંચિત' ભેદ કહે છે અને જયારે પગની પાની જમીનને અડકે અને બાકીનો ભાગ ઉંચો રહે તો તેને 'અંચિત' પ્રકારનો ભેદ કહે છે અને જયારે માત્ર પગનો અંગૂઠોજ જમીનને અડકે અને બાકીનો ભાગ ઉંચો રહે તો તેને 'અગ્રતલસંચર પાદ' કહે છે. પાશ્ચાત્ય શાસ્ત્રીય બેલે શૈલીના નૃત્યમાં 'અગ્રતલસંચર પાદ'નો પ્રયોગ જોવા મળે છે. જયારે 'કુંચિત પાદ' પછી 'સમ' અથવા 'અંચિત પાદ' કરવામાં આવે અર્થાત પહેલાં પગની આંગળીઓ જમીનને અડકે અને પછી પગની એડી જમીન ઉપર પછડાઇ આખો પગ જમીનને અડકે તો તેથી ઉદ્‌ઘટ્ટિત પ્રકારનો પાદભેદ ઉદ્‌ભવે છે. ભરતમુનિ નિરુપિત આ પાંચ ભેદો ઉપરાંત પ્રક્ષિપ્ત પાઠના આધારે અન્ય ૩ ભેદ પણ મળે છે. (૧) સૂચિ (૨) ત્ર્યસ્રપાદ (૩) પાર્ષ્ણિગ (કેટલીક પ્રતોમાંજ મળે છે. તેનું લક્ષણ નિરુપવામાં આવ્યું નથી.)

સંગીતરત્નાકર તથા નાટ્યશાસ્ત્ર સંગ્રહ તેમજ નૃત્યાધ્યાયમાં પાદાભિનય અંતર્ગત ૧૩ ચરણભેદ નિરુપવામાં આવ્યા છે. ભરતમુનિ નિરુપિત ભેદો ઉપરાંત વધારાના ભેદો તે (૧) તાડિત (૨) ઘટિતોત્સેધ (૩) ઘટ્ટિત (૪) મર્દિત (૫) અંગ્રગ: (૬) પાર્ષ્ણિગ (૭) પાર્શ્વગ: જો કે આ બધા ભેદો ભરતમુનિ નિરુપિત મૂળભૂત પાદભેદના આધારેજ રચાયા છે. 'ઘટિતોત્સેધ' પાદભેદમાં પહેલાં અંચિત અને પછી કુંચિત પાદભેદ નિરુપવામાં આવે છે. આમ તે ઉદ્‌ઘટ્ટિત પાદભેદનોજ વિપરીત ભેદ છે. 'તાડિત' એ 'ઉદ્‌ઘટ્ટિત' પાદભેદનુંજ અન્ય સ્વરુપ છે. જેમાં પગનો અંગૂઠો રાખી ફણો જમીન પર પછાડવામાં આવે છે. 'ઘટ્ટિત' અગ્રતલસંચર પાદભેદનો વિપરીત ભેદ છે. 'પાર્ષ્ણિગ' પ્રકારના પાદભેદમાં પગની એડી ઉપર પાછલા પગે ગતિ કરવામાં આવે છે. મર્દિત તથા પાર્શ્વગ:માં પગ પડખે રાખવામાં આવે છે જે ભરતનિરુપિત 'ત્ર્યસ્રપાદ'ને મળતા આવે છે. આમ આ વધારાના ભેદો ભરતમુનિ નિરુપિત ભેદોના સંયોજનથીજ ઉદ્‌ભવે છે. 'અભિનયદર્પણ'માં પાદભેદ સ્વતંત્રરુપે

નહિ પણ ઉત્પ્લવન, ભ્રમરી તથા ચારી અંતર્ગત નિરુપાયા છે. સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાયમાં ઉપાંગ પ્રકરણ'માં પગની આંગળીઓ'ચરણાંગુલિ'ના પાંચ ભેદ, પાદતલના છ ભેદ તથા પગની એડી પાર્ષ્ણિના ૮ ભેદ પણ નિરુપવામાં આવ્યા છે જેનો નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખ નથી.

વિવિધ 'સ્થાન' અંતર્ગત પણ ભરતમુનિએ પાદની વિવિધ સ્થિતિ નિરુપી છે. જેમ કે સ્ત્રીઓ માટે આયત, અવહિત્થ તથા પુરુષો માટે વૈષ્ણવ, આલીઢ તથા પ્રત્યાલીઢ. 'સ્થાન ' બે પગ વચ્ચે રહેલા અંતરને અને પગની ચોક્કસ દિશાનો સંકેત કરે છે તેના વિશે વિગતવાર ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

## પાદ જંઘા તથા ઉરુની એક સાથે ગતિ

'પાદ' વિવરણને અંતે ભરતમુનિ જણાવે છે કે નાટ્ય પ્રયોકતાએ પાદ, જંઘા તથા ઉરુની ગતિ એક સાથે પ્રયોજવી જોઇએ કારણ કે પગની ગતિમાં જંઘા તથા ઉરુની ગતિ પણ સમાયેલી છે. જ્યાં પગ વળે ત્યાં ઉરુ પણ વળે તથા જંઘા પણ. આ બંનેની સમાન ગતિથી 'પાદચારી' બને છે. (અધ્યાય ૧૦ શ્લોક ૫૫-૫૬)

ભરતમુનિના મત પ્રમાણે પાદ, જંઘા તથા ઉરુ દ્વારા થતો અભિનય વ્યાપાર પરસ્પર સંકળાયેલો છે. ભાવ અને રસને ધ્યાનમાં રાખી તેમનું સમાનરુપે એક સાથે સંચાલન થવું જોઇએ. આ ત્રણેના કર્મ-વ્યાપારોના સમન્વયથીજ અભિનય પૂર્ણ બને છે. આ ત્રણેમાં પાદ દ્વારા થતો અભિનય વિશેષ મહત્વનો છે કારણ ઉરુ અને જંઘાનાં કર્મો તેના ઉપર આધારિત છે. આ ત્રણેના સમીકરણથી 'ચારી'નો રચના થાય છે જેનું નાટ્ય તથા નૃત્યમાં સરખું મહત્વ છે.

પાદકર્મો સાથે સંકળાયેલ ઘૂંટણ, ગુલ્ફ (પગની ઘૂંટી) ચરણાંગુલિ તથા પાદતલ તેમજ પાર્ષ્ણિ વિગેરે ઉપાંગોના કર્મો ભરતમુનિએ વર્ણવ્યા નથી પણ નાટ્યશાસ્ત્ર પછીના ગ્રંથોમાં તે નિરુપાયેલા છે. સંગીતરત્નાકર તથા નૃત્યાધ્યાયમાં તે દરેકના કર્મો આ પ્રમાણે વર્ણવવામાં આવ્યા છે.

(૧)

**જાનુ ભેદ :**

(૧) સંહત (૨) કુંચિત (૩) અર્ધકુંચિત (૪) નત (૫) ઉન્નત (૬) વિવૃત
(૭) સમ.

(૨)

**ગુલ્ફ ભેદ :**

(૧) અંગુષ્ઠ સંશ્લિષ્ટૌ (૨) અન્તર્યાતૌ (૩) બહિર્ગતૌ (૪) મિથોયુક્તૌ (૫) વિયુક્તૌ.

(૩)

**પાર્ષ્ણિભેદ :**

(૧) ઉત્ક્ષિપ્તા (૨) પતિતા (૩) ઉત્ક્ષિપ્ત પતિતા (૪) અન્તર્ગતા (૫) બહિર્ગતા
(૬) મિથોયુક્તા (૭) વિયુક્તા (૮) અંગુલિસંગતા.

(૪)

**ચરણાંગુલિભેદ :**

(૧) અધ:ક્ષિપ્તા (૨) ઉત્ક્ષિપ્તા (૩) કુંચિતા (૪) પ્રસારિતા (૫) સંલગ્ના.

(૫)

**ચરણતલભેદ :**

(૧) પતિતાગ્રમ્ (૨) ઉદ્ઘતાગ્રમ્ (૩) ભૂમિલગ્નમ્ (૪) ઉદ્ઘતમ્ (૫) કુંચન્મધ્યમ્
(૬) નિરસ્થોનમ્

આમ 'શારીરાભિનય' અંતર્ગત ભરતમુનિએ શરીરના વિવિધ અંગોના શારીરિક દૃષ્ટિએ શક્ય એટલાં તમામ સંચાલનો પૃથક્પણે નિરુપ્યા છે. આ સંચાલનોને ભાવ તથા રસ સાથે સાંકળી આપી તેના વિવિધ વિનિયોગ દર્શાવી તેને Psycho - Physical Actions તરીકે વર્ણવ્યા છે.

'શારીરાભિનય' અંતર્ગત નિરુપાયેલાં વિવિધ અંગ સંચાલનોનું સ્વરુપ જોતાં જણાય છે કે ભરતમુનિએ માનવ શરીરના સ્નાયુઓ ઉપર વિશેષ ભાર મુકયો નથી પરંતુ શરીરના વિવિધ સાંધાઓ ( Joints ) તથા મૂળભૂત અસ્થિ-સંરચના ( fundamental bone-structure ) ને પાયારુપ માન્યા છે. શરીરના વિવિધ અંગો અને તેમના સંચાલનોનું વિશ્લેષણ તેના આધારે કર્યું છે. ગરદનના સાંધાથી મસ્તકની વિવિધ સ્થિતિ-ગતિ સંભવે છે તો જાનુ, નિતમ્બ તથા ખભાના સાંધાથી શરીરના ઉપરી અને નિમ્ન અંગો (upper and lower limbs ) માં સ્થિતિ-ગતિ સંભવે છે. આ સાંધાઓને પાયારુપ ગણી ભરતમુનિએ શરીરના વિવિધ અંગોના સંચાલન તથા વિનિયોગનું નિરુપણ 'શારીરાભિનય' અંતર્ગત વિસ્તારપૂર્વક કર્યું છે એમ નિ:શંકપણે કહી શકાય.